कर भला होगा भला
- છગનભા



વર્ષ : 3 ◆ અંક : 5
સપ્ટેમ્બર-ઑક્ટોબર 2013
સળંગ અંક : 17

KADI SARVA VISHWAVIDYALAYA

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ

માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

સર્વવિદ્યાલય

## TO THE NATION'S TEACHER

Therefore go forth, companion,
When you find no highway, no track,
All being blind,
The way to go shall glimmer
In thy mind.
Though you have conquered the earth
And charted the sea,
And planned the course of all the stars
That be,
Adventure on,
More wonders are in thee.
Adventure on,
For from the littlest clue
Has come whatever worth
Man ever knew,
And the next to lighten all men,
May be you.

– John Masefield





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
કડી અને ગાંધીનગર કેમ્પસમાં
રક્ષાબંધન પર્વ નિમિત્તે
બાલિકાઓ વિદ્યાર્થીભાઈઓને
રક્ષાબંધન કરી રહી છે
તેનું એક દ્રશ્ય.







યીમતી આર. જી. ગર્લ્સ સેકન્ડરી
એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ,
ગાંધીનગરમાં સ્વાતંત્ર્યપર્વ
(૧૫ ઑગસ્ટ)ની ઉજવણી
નિમિત્તે આયોજિત સાંસ્કૃતિક
કાર્યક્રમનું દ્રશ્ય

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૩, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૧૩; સળંગ અંક : ૧૭

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ● | સંપાદકીય | મણિભાઈ પ્રજાપતિ | ૧ |
| ૧. | સત્ય અને અહિંસા | ગાંધીજી | ૩ |
| ૨. | ગ્રામદક્ષિણામૂર્તિ | ઉમાશંકર જોશી | ૬ |
| ૩. | GURU VISHNU AND VISHNU GURU.... | Dr. D. A. Ghanchi | ૧૦ |
| ૪. | એક પ્રેરણાદાયી ઓળખ | મોહનલાલ પટેલ | ૧૨ |
| ૫. | ચણતર અને ઘડતર | મનુભાઈ જે. પટેલ | ૧૪ |
| ૬. | રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણના શિક્ષકોની ભૂમિકા | ડૉ. મોતીભાઈ મ. પટેલ | ૧૬ |
| ૭. | માણસાઈનો વેપાર | પ્રિ. કેશુભાઈ પટેલ | ૨૨ |
| ૮. | સોનેરી ગુણોત્તર | વિઠ્ઠલભાઈ અં. પટેલ | ૨૪ |
| ૯. | સૌંદર્યનું એક નવું દ્વાર | જેરોમ વીડમન | ૩૦ |
| ૧૦. | ગ્રંથસૌરભ | મણિભાઈ પ્રજાપતિ | ૩૪ |
| | 'ટાઇમ કેપ્સ્યુલ' / મોહનલાલ પટેલ | | |
| ૧૧. | સંસ્થા સમાચાર | | ૩૯ |
| | - યુનિવર્સિટી / કૉલેજ વિભાગ | | |
| | - શાળા વિભાગ | | |


## સંપાદકીય

પ્રસ્તુત અંકના સમયગાળા દરમિયાન ભારતીય જનજીવન સાથે અંતરંગ નાતો ધરાવતાં બે મહત્ત્વપૂર્ણ પર્વો - 'શિક્ષકદિન' અને 'ગાંધીજયંતી'ની ઉજવણી સમગ્ર રાષ્ટ્રમાં કરવામાં આવી. આ બંને પર્વો આપણી આસ્થાનાં પ્રતીક છે. ઔપચારિક રીતે આ પર્વો ભલે આપણે કેટલાક દશકાઓથી ઊજવતા હોઈએ, છતાં તે પાછળની ભાવના સદીઓથી આપણા સંસ્કાર-જીવનમાં વણાઈ ગયેલી છે.

૫મી સપ્ટેમ્બરને વિશ્વવિખ્યાત તત્ત્વચિંતક અને આપણા પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના જન્મદિવસને નિમિત્ત બનાવીને 'શિક્ષકદિન' તરીકે ઊજવીએ છીએ. આ ઉજવણી પાછળનું હાર્દ શિક્ષક અને શિક્ષણના વ્યવસાયની પ્રતિષ્ઠા કરવાનું - ગૌરવ વધારવાનું રહ્યું છે. આ પર્વની ઉજવણી સદીઓથી ચાલી આવતી ગુરુમહિમાની પરંપરાને વધુ પુષ્ટ અને સંવર્ધિત કરવાની રહી છે. આપણા આર્ષદ્રષ્ટા ઋષિઓથી શરૂ કરીને પ્રવર્તમાનકાલીન મનીષીઓ-ચિંતકોએ શિક્ષકો-ગુરુજનોનું મહિમાગાન પૂર્ણ આદર સાથે કર્યું છે, જેમકે :

ગુરુ ગોવિંદ દોઉ ખડે, કાકે લાગુ પાય
બલિહારી ગુરુ આપકી, સિસ દિયો નમાઈ

– કબીર

**પત્રવ્યવહારનું સરનામું : મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કૅમ્પસ, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫
ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. : ૯૬૦૧૨૭૩૮૩૬

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુઃસાક્ષાત્ પરબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ ॥

**– સ્કન્દપુરાણ (ગુરુગીતા)**

બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,
વત્સલ મૂરત સ્નેહલ સૂરત, હૃદય હૃદયનાં વંદન તેને.

**– ઉમાશંકર જોશી**

આ પ્રકારની સેંકડો સૂક્તિઓ–વિચાર કણિકાઓ ભારતીય સાહિત્યમાં રચાયેલી-રસાયેલી છે. આ પર્વ નિમિત્તે આ વિચારમૌકિતકોનું માત્ર ગાન નહીં, પરંતુ રસપાન કરીને તેનો સંદેશ ઝીલવામાં - આત્મસાત કરવામાં તેનું અદકેરું મહાત્મ્ય છે. શિક્ષક એટલે નીતર્યા નીર જેવું ઉજ્જવળ, વત્સલ અને સ્નેહાળ વ્યક્તિત્વ ધરાવનાર અને સતત વિદ્યા-અર્થી બની રહેતો અધ્યયનશીલ જીવ. શિક્ષક પોતાનો ધર્મ પૂર્ણ આસ્થા સાથે નિભાવે તેમાં જ તેના શિક્ષકત્વનું ગૌરવ છે. શિક્ષક પાસે સમાજે સેવેલ અપેક્ષાઓનું પાલન અઘરું ગણાય, છતાં અસંભવિત તો નથી જ !

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર દ્વારા પ્રતિવર્ષ શ્રેષ્ઠ શિક્ષકોને પુરસ્કૃત કરવામાં આવે છે. આ સંદર્ભે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે પોતાના સંચાલન હેઠળની અનુદાનિત અને સ્વનિર્ભર ધોરણે ચાલતી પ્રાથમિક-માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓના શિક્ષકોનું સર્વગ્રાહી મૂલ્યાંકન કરીને-શિક્ષક સજ્જતા કસોટીમાં પ્રથમ ક્રમ આવનાર વિવિધ વિષયોના શિક્ષકો પૈકી માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક વિભાગના ૭ અને પ્રાથમિક વિભાગના ૮ શિક્ષકોને પ્રત્યેકને અનુક્રમે રૂ. ૨૫૦૦૦/- અને રૂ. ૧૫૦૦૦/-નો રોકડ પુરસ્કાર આપી પુરસ્કૃત કરવામાં આવ્યા. શિક્ષકોને પ્રોત્સાહન પૂરું પાડતું આ પગલું સર્વથા અભિનંદનીય, શ્લાઘનીય તેમજ અન્ય સમાનધર્માઓ માટે પ્રોત્સાહક તેમજ પ્રેરણાદાયી બની રહેશે.

બીજું મહત્ત્વપૂર્ણ પર્વ 'ગાંધીજયંતી'નું ૨જી ઓક્ટોબરે ઊજવ્યું. ગાંધીજીની વાણી અને વ્યવહારમાં ઐક્ય હોવાથી અર્થાત્ તેમના દ્વારા ઉચ્ચરિત અને લખાયેલ પ્રત્યેક શબ્દનો અર્થબોધ તેમના વ્યવહારિક જીવનમાંથી પસાર થયેલ હોવાથી - તેમણે પાળીને બતાવેલ હોવાથી - સહજમાં પ્રતીતિકારક બની રહે છે. આ ચરાચર જગત સાથે સંકળાયેલા ઘણાખરા વિષયો જેમકે ધર્મ, દર્શન, વિજ્ઞાન, રાજકારણ, અર્થકારણ, ઇતિહાસ, સાહિત્ય, કળા, ઉદ્યોગ અને વ્યાપાર, વૈદક, પર્યાવરણ વગેરે વિશે તેમણે લખ્યું છે. 'તેમણે પોતાના જીવનકાળમાં ૩૦ અબજ જેટલા શબ્દો લખ્યા હોવાનો એક અંદાજ છે.' તેમણે ચીંધેલ ૧૧ વ્રતો ઉદા. તરીકે સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, અભય, અસ્પૃશ્યતાનિવારણ વગેરેનું પાલન માનવજીવનને કલ્યાણપથગામી બનાવી દે તેટલું બળૂકું છે. ઉમાશંકર જોશીએ તેમના ચિંતનની પ્રસ્તુતતા સંદર્ભે નોંધ્યું છે કે ''ગાંધીજીની વાતો એવી છે કે વાર્યા નહીં તો હાર્યા પણ સ્વીકારવી પડે. એ કહી ગયા કે અહિંસાનો રસ્તો ટૂંકામાં ટૂંકો છે. હવાના બગાડ (pollution) વગેરે બાબતો વિશે પણ એમણે આંગળી ચીંધેલી. ગાંધીજીને આ વસ્તુ કેવી રીતે સૂઝી હશે ? આજે ઘણા લોકો એમ સ્વીકારતા થયા છે કે ગાંધીજીની રીતે ચાલીએ તો હવાના બગાડ વગેરેની સમસ્યા ન રહે... ગાંધીજીએ પોતાનું હૃદય માનવજાત સાથે એટલું બધું મેળવી દીધું હતું કે માને પોતાના બાળક માટે ઊઠે એવા વિચારો એમને સહજ ઊઠતા રહેલા. એમના એ બધા વિચારો તો આપણે જેમ દુઃખી દઃખી થઈશું તેમ તેમ વધુ સમજાશે.'' ગાંધીજીની મુલવણી ભગવાન બુદ્ધ, ઈશુ ખ્રિસ્ત સાથે કરતાં જે એચ. હોમ્સના શબ્દો ''અમોઘ પ્રેમના શિક્ષક તરીકે ગાંધીજી સંત ફ્રાંસિસ, થોરો ને ટોલ્સ્ટોયની હરોળમાં બેસે છે. સર્વકાળના સર્વશ્રેષ્ઠ પેગંબરોમાંના એક તરીકે તેઓ લાઓત્સે, બુદ્ધ, જરથુષ્ટ્ર ને ઈસુના સમોવડિયા છે. પણ એ બધા કરતાં તેમની મહત્તા તો એક નરોત્તમ તરીકેની છે, એક પુરુષાર્થી તરીકેની છે.'' ધ્યાનાર્હ બની રહે છે.

ગાંધીવાણીના સહજ અર્થબોધ માટે તેમની 'આત્મકથા', 'મંગળપ્રભાત', 'અનાસક્તિયોગ' વગેરે ગ્રંથો ઉપરાંત સવિશેષતઃ મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'ગાંધી ગંગા ભાગ ૧-૨' અને 'આંસુ લૂછવા જાઉં છું' વગેરે જેવા સુપથ્યકારક ગ્રંથોનું પઠન પાઠન ધરુવાડિયા સમાન આ ઊગતી પેઢીને આ પર્વની ઉજવણીના ભાગ તરીકે તેમજ પ્રસંગોપાત્ત કરાવવા જેવું છે. બાપુની વાણી આપણું જીવનપાથેય બની રહે એવા મનસા વાચા કર્મણા પ્રયાસો એ જ આ પર્વનું સાચું તર્પણ છે.

**– મણિભાઈ પ્રજાપતિ**

# સત્ય અને અહિંસા

ગાંધીજી

## સત્ય

૨૨-૭-'૩૦

સવારની પ્રાર્થના પછી

આપણી સંસ્થાનું મૂળ જ સત્યના આગ્રહમાં રહ્યું છે. તેથી સત્યને જ પહેલું લઉં છું.

'સત્ય' શબ્દ સત્‌માંથી છે. સત્‌ એટલે હોવું. સત્ય તે હોવાપણું. સત્ય સિવાય બીજી કોઈ વસ્તુને હસ્તી જ નથી. પરમેશ્વરનું ખરું નામ જ 'સત્‌' એટલે 'સત્ય' છે. તેથી પરમેશ્વર 'સત્ય' છે એમ કહેવા કરતાં 'સત્ય' એ જ પરમેશ્વર છે એમ કહેવું વધારે યોગ્ય છે. આપણું રાજકર્તા વિના, સરદાર વિના ચાલતું નથી. તેથી પરમેશ્વર નામ વધારે પ્રચલિત છે અને રહેવાનું. પણ વિચાર કરતાં તો 'સત્‌' કે 'સત્ય' એ જ ખરું નામ છે ને એ જ પૂર્ણ અર્થ સૂચવનારું છે.

અને જ્યાં સત્ય છે ત્યાં જ્ઞાન - શુદ્ધ જ્ઞાન - છે જ. જ્યાં સત્ય નથી ત્યાં શુદ્ધ જ્ઞાન ન જ સંભવે. તેથી ઈશ્વર નામની સાથે ચિત્‌ એટલે જ્ઞાન શબ્દ યોજાયો છે. અને જ્યાં સત્ય જ્ઞાન છે ત્યાં આનંદ જ હોય, શોક હોય જ નહીં. અને સત્ય શાશ્વત છે તેથી આનંદ પણ શાશ્વત હોય. આથી જ ઈશ્વરને આપણે સચ્ચિદાનંદ નામે પણ ઓળખીએ છીએ.

આ સત્યની આરાધનાને ખાતર જ આપણી હસ્તી. તેને જ કારણે આપણી પ્રત્યેક પ્રવૃત્તિ. એને જ કારણે આપણે પ્રત્યેક શ્વાસોચ્છ્‌વાસ લઈએ. આમ કરતાં શીખીએ તો આપણને બીજા બધા નિયમો સહેજે હાથ આવે, ને તેમનું પાલન પણ સહેલું થઈ પડે. સત્ય વિના કોઈ પણ નિયમનું શુદ્ધ પાલન અશક્ય છે.

સામાન્ય રીતે સત્ય એટલે સત્ય બોલવું એટલું જ આપણે સમજીએ છીએ. પણ આપણે વિશાળ અર્થમાં સત્ય શબ્દ યોજ્યો છે. વિચારમાં, વાણીમાં ને આચારમાં સત્ય એ જ સત્ય. આ સત્ય સંપૂર્ણપણે સમજનારને જગતમાં બીજું કંઈ જાણવાપણું નથી રહેતું. કેમ કે જ્ઞાન માત્ર તેમાં સમાયેલું છે એમ આપણે ઉપર જોયું. તેમાં જે ન સમાય તે સત્ય નથી, જ્ઞાન નથી; પછી તેમાં ખરો આનંદ તો હોય જ ક્યાંથી ? આ કસોટી વાપરતાં શીખી જઈએ તો આપણને તરત ખબર પડે કે કઈ પ્રવૃત્તિ કરવા યોગ્ય છે, કઈ ત્યાજ્ય છે; શું જોવા યોગ્ય છે, શું નથી; શું વાંચવા યોગ્ય છે, શું નથી.

પણ સત્ય જે પારસમણિરૂપ છે, જે કામધેનુરૂપ છે તે કેમ જડે ? તેનો જવાબ ભગવાને આપ્યો છે : અભ્યાસ અને વૈરાગ્યથી. સત્યની જ તાલાવેલી તે અભ્યાસ; તે વિના બીજી બધી વસ્તુ વિશે આત્યંતિક ઉદાસીનતા તે વૈરાગ્ય. આમ છતાં એકનું સત્ય તે બીજાનું અસત્ય એમ આપણે જોયા કરશું. તેથી ગભરાવાનું કશું કારણ નથી. જ્યાં શુદ્ધ પ્રયત્ન છે ત્યાં નોખાં જણાતાં બધાં સત્ય તે એક જ ઝાડનાં અસંખ્ય નોખાં જણાતાં પાંદડાં સમાન છે. પરમેશ્વર પણ ક્યાં પ્રત્યેક મનુષ્યને નોખો નથી જણાતો ? છતાં તે એક જ છે એમ આપણે જાણીએ છીએ. પણ સત્ય નામ જ પરમેશ્વરનું છે. તેથી જેને તે સત્ય ભાસે તે પ્રમાણે તે વર્તે તેમાં દોષ નથી, એટલું જ નહીં પણ તે જ કર્તવ્ય છે. પછી તેમ કરવામાં ભૂલ હશે તોપણ તે સુધરી જવાની છે જ. કેમ કે સત્યની શોધની પાછળ તપશ્ચર્યા હોય, એટલે પોતે દુઃખ સહન કરવાનું હોય, તેની પાછળ મરવાનું હોય. એટલે તેમાં સ્વાર્થની તો ગંધ સરખીયે ન હોય. આવી નિઃસ્વાર્થ શોધ કરતાં આજ લગી કોઈ આડે માર્ગે છેવટ લગી ગયું નથી. આડે જાય કે ઠેસ વાગી જ છે; એઠલે વળી તે સીધે માર્ગે ચડી જાય છે. તેથી સત્યની આરાધના એ ભક્તિ છે, ને ભક્તિ તે 'શીશતણું

સારું' છે; અથવા તે હરિનો મારગ હોઈ તેમાં કાયરતાને સ્થાન નથી, તેમાં હાર જેવું કંઈ છે જ નહીં. એ 'મરીને જીવવાનો મંત્ર' છે.

પણ હવે આપણે લગભગ અહિંસાને કાંઠે આવી પહોંચ્યા. એનો વિચાર આવતે અઠવાડિયે કરીશું.

આ પ્રસંગે હરિશ્ચંદ્ર, પ્રહ્લાદ, રામચંદ્ર, ઇમામ હસનહુસેન, ખ્રિસ્તી સંતો વગેરેનાં દૃષ્ટાંતો વિચારી જવાં જોઈએ. આ રટણ બીજા અઠવાડિયા લગી સહુ, બાળક, મોટાં, સ્ત્રી-પુરુષ. ચાલતાં, બેસતાં, ખાતાં, પીતાં, રમતાં, બધું કરતાં કર્યા જ કરે ને તે કરતાં કરતાં નિર્દોષ નિદ્રા લેતાં થઈ જાય તો કેવું સારું ! એ સત્યરૂપ પરમેશ્વર મારે સારુ રત્નચિંતામણિ નીવડેલ છે; આપણે બધાંને સારુ નીવડો.

## અહિંસા

તા. ૨૯-૭-'૩૦
મંગળપ્રભાત

સત્યનો, અહિંસાનો માર્ગ જેટલો સીધો છે એટલો જ સાંકડો છે, ખાંડાની ધારે ચાલવા જેવો છે. બજાણિયા જે દોરી ઉપર એક નજર કરી ચાલી શકે છે તેના કરતાં પણ સત્ય, અહિંસાની દોરી પાતળી છે. જરા અસાવધાની આવી કે હેઠે પડીએ. પ્રતિક્ષણ સાધના કરવાથી જ તેનાં દર્શન થાય.

પણ સત્યનાં સંપૂર્ણ દર્શન તો આ દેહે અસંભવિત છે. તેની કલ્પના જ માત્ર કરી શકાય. ક્ષણિક દેહ વાટે શાશ્વત ધર્મનો સાક્ષાત્કાર સંભવતો નથી. તેથી છેવટે શ્રદ્ધાનો ઉપયોગ કરવાનો તો રહે જ છે.

તેથી જ અહિંસા જિજ્ઞાસુને જડી. મારા માર્ગમાં જે મુસીબતો આવે તેને હું સહન કરું, કે તેને અંગે જે નાશો કરવા પડે તે કરતો જાઉં ને મારો માર્ગ કાપું ? આ પ્રશ્ન જિજ્ઞાસુ પાસે ખડો થયો. જો નાશ કરતો ચાલે તો તે માર્ગ કાપતો નથી પણ હતો ત્યાં જ રહે છે, એમ તેણે જોયું. જો સંકટો સહન કરે છે તો તે આગળ વધે છે. પહેલે જ નાશે તેણે જોયું કે જે સત્યને તે શોધે છે તે બહાર નથી પણ અંતરમાં છે. એટલે જેમ જેમ નાશ કરતો જાય તેમ તેમ તે પાછળ પડતો જાય, સત્ય વેગળું જાય.

આપણી ઉપર ચોર ઉપદ્રવ કરે છે તેમાંથી બચવા સારુ તેમને દંડ્યા. તે ક્ષણે તે ભાગ્યા તો ખરા, પણ બીજી જગ્યાએ જઈને ધાડ પાડી. પણ બીજી જગ્યા પણ આપણી જ છે, એટલે આપણે તો અંધારી ગલીમાં આથડ્યા. ચોરનો ઉપદ્રવ વધતો ગયો, કેમ કે તેમણે તો ચોરીને કર્તવ્ય માન્યું છે. આપણે જોયું કે આના કરતાં સારું એ છે કે ચોરનો ઉપદ્રવ સહન કરો, તેમ કરતાં ચોરને સમજ આવશે. આટલું સહન કરવામાંથી આપણે જોયું કે ચોર કંઈ આપણાથી જુદા નથી. આપણને તો બધા સગા છે. તેમને દંડવા હોય નહીં. પણ ઉપદ્રવ સહન કર્યે જઈએ તેથી બસ નથી. તેમાંથી તો કાયરતા પેદા થાય. એટલે આપણે બીજો વિશેષ ધર્મ જોયો. ચોર આપણાં ભાઈભાંડુ હોય તો તેમનામાં તે ભાવના પેદા કરવી જોઈએ. એટલે આપણે તેઓને અપનાવવાને સારુ ઉપાયો શોધવા પૂરતી તસ્દી લેવી રહી. આ અહિંસાનો માર્ગ. આમાં ઉત્તરોત્તર દુઃખ વહોરવાની જ વાત આવે છે, અખૂટ ધીરજ શીખવાની વાત આવે છે. અને જો તે હોય તો અંતે ચોર શાહુકાર બને છે, આપણને સત્યનું વધારે સ્પષ્ટ દર્શન થાય છે. આમ કરતાં આપણે જગતને મિત્ર બનાવતાં શીખીએ છીએ; ઈશ્વરનો, સત્યનો મહિમા વધારે જણાય છે; સંકટ વેઠતાં છતાં શાંતિસુખ વધે છે; આપણામાં સાહસ, હિંમત વધે છે; આપણે શાશ્વત-અશાશ્વતનો ભેદ વધારે સમજીએ છીએ, કર્તવ્ય-અકર્તવ્યનો વિવેક આવડે છે; અભિમાન ગળે છે, નમ્રતા વધે છે; પરિગ્રહ સહેજે ઓછો થાય છે; ને દેહની અંદર ભરેલો મેલ નિત્ય ઓછો થતો જાય છે.

આ અહિંસા આજે આપણે જે જાડી વસ્તુ જોઈએ છીએ તે જ નથી. કોઈને ન જ મારવું એ તો છે જ. કુવિચારમાત્ર હિંસા છે. ઉતાવળ હિંસા છે. મિથ્યા ભાષણ હિંસા છે. દ્વેષ હિંસા છે. કોઈનું બૂરું ઇચ્છવું હિંસા છે. જે જગતને જોઈએ તેનો કબજો રાખવો એ પણ હિંસા છે. પણ આપણે ખાઈએ છીએ તે જગતને જોઈએ છે. જ્યાં ઊભા છીએ ત્યાં સેંકડો સૂક્ષ્મ જીવો પડ્યા છે તે કોચવાય છે; એ જગ્યા તેમની છે. ત્યારે શું આત્મહત્યા કરીએ ? તોયે આરો નથી. વિચારમાં દેહનું વળગણમાત્ર

છોડીએ તો છેવટે દેહ આપણને છોડશે. આ અમૂર્છિત સ્વરૂપ તે સત્યનારાયણ. એ દર્શન અધીરાઈથી ન જ થાય. દેહ આપણો નથી, તે આપણને મળેલું સંપેતરું છે, એમ સમજી તેનો ઉપયોગ હોય તે કરી આપણો માર્ગ કાપીએ.

મારે લખવું હતું સહેલું, લખાઈ ગયું કઠણ. છતાં જેણે અહિંસાનો જરાયે વિચાર કર્યો હશે તેને સમજવામાં મુશ્કેલી ન આવવી જોઈએ.

આટલું સહુ જાણી લે : અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. અહિંસા અને સત્ય એવાં ઓતપ્રોત છે, જેમ સિક્કાની બે બાજુ અથવા લીસી ચકરડીની બે બાજુ. તેમાં ઊલટી કઈ ને સૂલટી કઈ ? છતાં અહિંસાને સાધન ગણીએ, સત્યને સાધ્ય ગણીએ. સાધન આપણા હાથની વાત છે તેથી અહિંસા પરમ ધર્મ થઈ. સત્ય પરમેશ્વર થયું. સાધનની ફિકર કર્યા કરશું તો સાધ્યનાં દર્શન કોઈક દિવસ તો કરશું જ. આટલો નિશ્ચય કર્યો એટલે જગ જીત્યા. આપણા માર્ગમાં ગમે તે સંકટો આવે, બાહ્ય દૃષ્ટિએ જોતાં આપણી ગમે તેટલી હાર થતી જોવામાં આવે, છતાં આપણે વિશ્વાસ ન છોડતાં એક જ મંત્ર જપીએ - સત્ય છે. તે જ છે. તે જ એક પરમેશ્વર. તેનો સાક્ષાત્કાર કરવાનો એક જ માર્ગ, એક જ સાધન તે અહિંસા; તેને કદી નહીં છોડું. જે સત્યરૂપ પરમેશ્વરને નામે આ પ્રતિજ્ઞા કરી છે તેનું પાલન કરવાનું તે બળ આપો.

(મંગળપ્રભાત. આ. ૨૦૦૨માંથી સાભાર)

## ઉન્નત મસ્તકે જીવવા

આપણા દેશમાં એકતાની ઘણી જરૂર છે, એમ અવારનવાર આપણે કહીએ છીએ. પણ ભાવાત્મક એકતા તો, પ્રજાએ ભૂતકાળમાં જે કામો કર્યાં અને તેમ કરતાં જે સુખદુઃખ વેઠ્યાં તેની કહાણી નવી પેઢી આત્મસાત્ કરે તો જ આવે. આ દૃષ્ટિએ હિન્દુસ્તાન અંગ્રેજોના આવ્યા પહેલાં ને સ્વરાજ પહેલાં જેટલો એક હતો તેટલો આજે નથી, ને ઝપાટાબંધ તે એકતા ઓછી થતી જાય છે. તેથી જ પંદર વર્ષ પછીનું હિન્દુસ્તાન આજના કરતાંયે વધારે મુશ્કેલ સ્થિતિમાં હશે, તેવું ભાસે છે. હિન્દુસ્તાનની આંતરિક સંસ્કારજન્ય એકતાનો આપણે ધીરે ધીરે નાશ જોઈ રહ્યા છીએ. અભણ જનતાને એક સાંસ્કારિક ઘટક રાખનારાં પુરાણો કે કથાવાર્તાઓ ભૂંસાતાં જાય છે, ને ભણેલાઓને મિથ્યા અહંભાવ ને પોતાની 'કેરિયર', બે જ તાલીમ મુખ્યત્વે મળે છે. તેમાં મૂલ્યને તો કશું સ્થાન જ નથી. કાંઈક જૂની સંસ્કારિતાને લીધે અને કાંઈક પંડિતજી (નેહરુ) તથા તેમની પેઢીના આગેવાનોને લીધે આપણને બધું સમું ચાલતું લાગે છે. પણ જગતની ભીંસના સામે આવતા દાયકામાં જ્યારે એ પેઢી નહીં હોય, ત્યારે નવું લોહી કેટલું કરી શકશે તે શંકા છે. આવું વિચારવાનું બને છે ત્યારે હાથ પરનાં કામો, વ્યક્તિગત સુખદુઃખ સાવ વામણાં લાગે છે.

પણ દરેક સમાજને તેનાં કર્મો પ્રમાણે જ ફળ મળે છે. આપણે માટે તે કાયદો બદલાઈ જાય, તેમ કેમ ઇચ્છાય ? આપણા સમાજનાં બધાં કર્મોનો સરવાળો-બાદબાકી થઈને જે કાંઈ આપણા ખોળામાં આવે તે સ્વીકારવું અને છતાં, જાગૃત બુદ્ધિથી થતાં સત્કર્મમાં જ સમૂહને ઉન્નત મસ્તકે જીવવાની ચાવી છે એવી શ્રદ્ધા રાખવી, તે જ કર્મયોગ છે.

**મનુભાઈ પંચોળી**

❀

# ગ્રામદક્ષિણામૂર્તિ

ઉમાશંકર જોશી

આજે * ત્રીસ વર્ષની આ સંસ્થાની યાત્રાનાં, આપણે બધાં મનુભાઈ-'દર્શક'-ના શબ્દે શબ્દે, સાથી હોઈએ તે રીતે સહભાગી થયાં. તે બધું સાંભળતાં ગંગામાં ડૂબકી મારી હોય તેટલી સ્ફૂર્તિ મનને મળી.

ત્રીસ વર્ષ પહેલાંના મનુભાઈ એક તરુણ હશે. મટકું મારતાં ત્રીસ વર્ષ પસાર થઈ ગયાં. એક પેઢીનું આયુષ્ય આ સંસ્થાનું થયું. બે જણ આંબલામાં આવ્યા હતા. એકનાં તો પગલાં જ રહ્યાં છે. પણ કેવાં પાવન પગલાં ! મારા જેવાના જન્મ પહેલાં નાનાભાઈએ પ્રોફેસરી છોડી – શામળદાસ કૉલેજનું ઇતિહાસનું પ્રોફેસર પદ છોડ્યું – અને છાત્રાલય ખોલ્યું. બાપુના આવતા પહેલાં દેશના વિચારકો દેશને બેઠો કરવા ચિંતા કરતા હતા, તેમાં નાનાભાઈને આ વાત સમજાઈ. એમણે કીમિયો શોધ્યો : માનવને ઘડવો હોય તો સાથે બેસવું જોઈએ. છાત્રાલયવાળી શાળા શરૂ કરી. છોકરાઓને સાથે રાખ્યા.

નાનાભાઈના વિદ્યાર્થીઓ સાથેના પ્રસંગો–સંસ્મરણો ભેગાં કરીને કોઈ આપે તો મહાકથા થાય. કીમિયો એ હતો કે માણસ બીજાને શીખવી શકતો નથી. માણસ બીજામાંથી શીખતો નથી, બીજાનું જોઈને પોતે અપનાવે છે. બાળક આંખકાન ખુલ્લાં રાખીને મોટાંમાંથી શીખે છે, – શબ્દમાંથી નહિ, વર્તનમાંથી.

આપણે ત્યાં કેળવણી આપનારા માટે ગુરુ ઉપરાંત આચાર્ય શબ્દ છે. આચરણમાંથી વિદ્યાર્થી પામે છે. બધું ખંખેરીને નાનાભાઈ વિદ્યાર્થીઓની વચ્ચે બેઠા. બધા સાથે ઘરોબો કર્યો.

નાના બાળકને હાથમાં લેવું ને ઘડવું, તે માટેની સાધના નાનાભાઈએ કરી. આપણું સદ્ભાગ્ય છે કે આપણને તેમની સાથે બેસવાનું, કામ કરવાનું મળ્યું.

ગુજરાતના સંસ્કારજીવનમાં દક્ષિણામૂર્તિ એક ઉજ્જ્વળ પ્રકરણ છે. ગુજરાત કેમ ઘડાયું તે પચાસ વર્ષ પછી જોશો તો દક્ષિણામૂર્તિનો ફાળો એમાં નોંધપાત્ર હશે.

નાનાભાઈ ગામડામાં ગયા, પણ તે પહેલાં તેમણે ઘણું જોયું હતું. વિદ્યાપીઠમાં પણ કુલનાયકપદે રહ્યા હતા. બાપુએ વિદ્યાપીઠની ચાવી એમના ખોળામાં નાખી હતી. તેઓએ વિદ્યાપીઠની જવાબદારી ઉપાડેલી છે. બાપુના વિચારો અને કામ જાણેલાં છે. તેઓ બાપુના સૈનિક હતા. છેવટે ગામડામાં જઈને બેઠા.

એક અધ્યાય પૂરો કરે તે નસીબદાર ગણાય. તેમણે તો બીજો અધ્યાય ગ્રામદક્ષિણામૂર્તિ પણ પૂરો કર્યો ને ત્રીજો અધ્યાય (લોકભારતી) પણ શરૂ કર્યો. તેમનાં ત્રણ પગલાં આપણી સામે છે. આપણા બધા માટે તે પ્રેરણાનાં પગલાં છે.

ગુજરાતને ઘડવામાં શિક્ષકોનો ફાળો મોટો છે. ગુજરાત શિક્ષકે સુખી છે. માત્ર મોટા પ્રોફેસરો જ નહિ પણ માધ્યમિક શાળાના શિક્ષકો પણ ઉત્તમ પાક્યા છે. ગુજરાત તેમનાથી ઊજળું છે.

ગુજરાતમાં કેળવણીની કેટલીક હરિયાળીઓ ખીલી છે. તેમાં એક સુરતમાં કલ્યાણકાકાની. કલ્યાણજીભાઈ હાડે શિક્ષક છે. તેમણે અને અન્ય સાથીઓએ પાટીદાર આશ્રમ ખીલવ્યો. દયાળજીભાઈએ અનાવિલ આશ્રમ ચલાવ્યો. આજે તો સુરત જિલ્લામાં ઘણી આશ્રમશાળાઓ ચાલે છે. આજની એ હરિયાળી જુગતરામભાઈને આભારી છે.

બીજી એક હરિયાળી ચરોતરમાં ખીલી. ચરોતર સરસ ભૂમિ છે. ખેતીની પેદાશ સરસ, તેમ માનવની

પેદાશ પણ ઉત્તમ. એક માનવરત્ન પાક્યા મોતીભાઈ અમીનસાહેબ. શનિવારે વડોદરાથી નીકળે, સોમવારે પાછા ફરે. ઝાકઝમાળ શક્તિ નહીં પણ નિષ્ઠા ભારે. લોકકલ્યાણની ભાવના અને ભગવાને આપેલી શક્તિને જાળવીને યોગ્ય રીતે વાપરવાની ત્રેવડ અને સૂઝ તેમનામાં હતી. મોતીભાઈએ ઈંટ પર ઈંટ મૂકી ચરોતરની ઇમારત ઊભી કરી. એક માણસની ભાવના જાગે તો કેટલું કામ કરી શકે તેનો એ નમૂનો છે. બધે તેમણે ચેતન કરી દીધું.

અમદાવાદમાં વિદ્યાપીઠ મહાત્મા ગાંધી જેવા જગતગુરુએ સ્થાપી. ખાતમુહૂર્ત વખતે કહેલું : જો એક વણિકપુત્ર ઋષિનું કામ કરી શકતો હોય તો આજે મેં ઋષિનું કામ કર્યું છે. ગુજરાતીભાષીને ભાષાસેવાનો પ્રેમ અને સંગીતના સંસ્કાર મહાત્માએ આપેલ છે. ગુજરાતને ગાંધીજીએ આત્મ-ખુમારી પાઈ.

ઉત્તર ગુજરાત બહુ સમૃદ્ધ નથી પણ કેળવણીની બાબતમાં બહુ જ સુખી છે. માધ્યમિક શિક્ષણની એક મનભર હરિયાળી ખીલવી નાનાભાઈએ.

આ દરેકમાં એક એક માણસ બેઠો છે. મોતીભાઈ પેટલાદમાં બેઠા. કહ્યું : વિદ્યાર્થી જમી આવે ઘેર, પણ રહે અમારી પાસે. કરુણાશંકર માસ્તરને એવા છાત્રાલયમાં બેસાડી દીધા.

એક મોટા ડૉક્ટર કાલિદાસની–શકુન્તલાના પ્રેમપત્રની વાતો કરે ! મેં પૂછ્યું : આ ક્યાંથી ? તો કહે : કેમ, પેટલાદમાં ભણેલો છું. કરુણાશંકર માસ્તરે 'બુદ્ધિપ્રકાશ'માંથી આ વાંચી સંભળાવેલું. કેળવણીનો કીમિયો આ છે. પાટણમાં પંડ્યા થઈ ગયા. એમણે 'અભ્યાસગૃહ' ચલાવ્યું. નાનાભાઈએ જીવનભર આ કીમિયો કર્યો.

નાનાભાઈનો હું સીધો વિદ્યાર્થી નહિ, પણ વીરમગામ છાવણીમાં મળી ગયો. તેથી મને ઠીક ઠીક લાભો મળ્યા. કાચી જેલમાં પણ હું એમની સાથે હતો. પ્રેમથી એકેએક વ્યક્તિના સંબંધમાં તેઓ આવતા. દૃઢતા પણ પૂરી. ઓછાબોલા હતા. દરેક વ્યક્તિનું તેમને માપ હતું. તેમના મનમાં ગ્રામસેવા ઊગી ને દક્ષિણામૂર્તિ સંસ્થામાંથી માત્ર દક્ષિણામૂર્તિ ભગવાનની છબી લીધી ને ચાલી નીકળ્યા, અહીં આંબલા આવ્યા. કાંઈ ન લે તો પણ સૂક્ષ્મ અભિમાન ગણાય. નાનાભાઈ પાસે બહુ સૂક્ષ્મ સૂઝ હતી. એક એક વર્તનમાં ઝીણી નજરવાળા.

અહીં ભગવાનનું નામ લઈને આવ્યા. દક્ષિણામૂર્તિની એ છબી નીચે શ્લોક છે :

> **चित्रं वटतरोर्मूले वृद्धाः शिष्या गुरुर्युवा ।**
> **गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः ॥**

— આ વડ નીચે દર્શન કરો. ગુરુ યુવાન છે પણ શિષ્યોમાં વિચારની પૌઢતા છે. તેઓ જ્ઞાનવૃદ્ધ, અનુભવવૃદ્ધ છે. જરીકે આછકલાઈ નથી. અને ગુરુ સતત તાજો રહે છે. **मौनं व्याख्यानं** — નાનાભાઈ કેટલું ઓછું બોલતા ? એક એક બોલમાં, મૌનમાં, હલનચલનમાં કાંઈ અર્થ હોય. બહુ બોલે નહિ. શીખવે પોતાના વ્યક્તિત્વથી, તે પણ પ્રેમ દ્વારા, ને શિષ્યોના સંશય છિન્ન થઈ જાય. આ આદર્શ લઈને તેઓ આવ્યા.

તેમણે 'કોડિયું' શરૂ કર્યું. નામ નાનું પણ કામ મોટું છે. નીકળ્યું ત્યારે તેમણે અર્થ આપ્યો હતો. તેમાં મૂળ પ્રેરણા છે ટાગોરની. ટાગોર એક સુંદર મુક્તકમાં કહે છે :

> **'ઉપાડી કોણ આ લેશે કાર્ય મારું ?' પૂછે રવિ**
> **સંધ્યા ટાણે. સુણી પ્રશ્ન અવાક જગ ઊભતું.**
> **દીવડો કોડિયે નાનો હતો, તેણે કહ્યું : 'પ્રભો !**
> **જે કૈં થૈ શકશે હુંથી, તે સૌ કરી ચૂકીશ હું.'**

આ નાનકડું કોડિયું, –તેની પાછળ કર્તવ્યની મોટી ભાવના છે. નાનાભાઈએ તેમની આગળનાઓ પાસેથી કર્તવ્યનો પ્રકાશ મેળવ્યો છે, આપણે નાનાભાઈ પાસેથી મેળવીએ. આપણી પાછળ પણ એક વર્ગ આવી રહ્યો છે. દીવે દીવો પ્રગટતો આવે એ જીવનક્રમ છે.

ત્રીસ વર્ષના આ ગાળામાં આ શાળા અને સમાજ એકરસ બન્યાં છે. અહીંથી તૈયાર થયાં તે બધાં કામ કરતાં થયાં છે. શિક્ષકો, સંસ્થામંત્રીઓ થયા છે, કોઈ ખેતી પણ કરે છે. કોઈ સમાજને ભારરૂપ થયા નથી. જિવાતા જીવન સાથે આ સંસ્થા મેળ કરીને ચાલે છે. કાંઈક ને કાંઈક દરેકને પહોંચાડ્યું છે. નદી વહેતી હોય તો કાંઠે શીતળતા ફેલાવે છે. સરોવર પણ પોતાની શીતળતા પ્રસારે છે. આ સંસ્થાએ સમાજ પાસેથી લેવા કરતાં આપ્યું વધારે છે. લેવું તો પડે જ, જીવન

પરસ્પરાવલંબી છે એટલે. પણ ભાવના એ હોય કે ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે પાછું આપીએ. સમાજમાં અહીંથી માણસો, કળા, ખેતી, ગોપાલન, સંસ્થા સંચાલનકળા વગેરે ગયું છે. સમાજને અહીંનો કેળવાયેલો હાથ મળ્યો છે. અહીંની સાધનાનું ફળ સમાજને મળ્યું છે.

આવી સંસ્થાઓની મુલવણી કરવાનું તેમાં પડેલાઓ માટે મુશ્કેલ. પણ મને થાય છે અત્યારે દેશમાં જે મૂંઝવણ છે તેની ચિંતા-ચિંતવન કેટલા કરે છે ? છેવટે તો ઉગારો કેળવણી દ્વારા જ હોય. હૈયું ઠારે એવી તો ગણીગાંઠી શિક્ષણસંસ્થાઓ છે. ગુજરાતમાં કાંઈક સારું ચિત્ર છે. સમાજ, સરકાર, બધાં કેળવણીને પોતાપણાથી જુએ છે. છતાં મોટા ભાગની કેળવણી તો આથી જુદી રીતે ચાલે છે. અંગ્રેજોના વખતમાં તેમની કેળવણી નકામી છે એવું કહી શકતા. પણ આજે કેળવણી નકામી છે તેમ કહીએ છીએ તો તે ગાળ આપણને જ છે. તો શું આડે છે ! કોઈ દૂરંદેશીભરી બહુજનસમાજના હિતવાળી યોજના કરવામાં આપણે સફળ થયા નથી. એક લેખક તરીકે, નાગરિક તરીકે, ૧૯૬૯માં જીવતા માણસ તરીકે મને મોટી ચિંતા છે કે આજના જે કિશોરને દસ વર્ષ પછી ધૂંસરી ઉપાડવાની છે તેને સમાજનાં કામો માટે સજ્જ કરીએ છીએ ખરા ?

મનુભાઈએ કહ્યું કે ત્રીસ વર્ષ પહેલાં હતી તે કરતાં મૂંઝવણ વધી છે, શક્તિ-સ્ફૂર્તિ ઓછી થઈ છે. તેમાં મોટે ભાગે દોષ દુનિયામાં યંત્રવિદ્યાથી થયેલા ઝડપી ફેરફારોનો છે. પહેલાં ગામડાં અને શહેરો વચ્ચેનું અંતર હતું તેટલું હવે નથી રહ્યું. રેડિયો, છાપાં, રસ્તા વધ્યા છે. શહેરોનું આકર્ષણ હવે લાંબો વખત ટકી શકશે નહિ. આખો પ્રદેશ થઈને જાણે એક વસ્તી હોય (અમારી બાજુ 'પાલ' શબ્દ છે. સો ઘર ભેગાં હોય જ નહિ, છૂટક છૂટક વસ્તી હોય, તેને 'પાલ' કહે છે.) એમ ગામો કસબા શહેરો પરસ્પર ગૂંથાઈને જાણે એક 'પાલ' જેવું બની રહ્યું છે. દુનિયા આખી એક ગામડું હોય, 'પાલ' હોય એવી બની રહી છે.

પણ બાપુની વાત હતી તે મુજબ ગામડાંનું નૂર વધારવામાં આપણે આગળ વધ્યા નથી. દેશની પ્રજાનું હીરનૂર ગામડાંમાં છે તેની જાળવણીની વાત મનુભાઈએ કરી. તે જાળવણી જરૂરી છે. નાનાભાઈ કહેતા, શિક્ષકો ગામડાંમાં કેમ જતા નથી ? તેનો જવાબ પોતે જ આપેલો : 'ત્યાં પોતાના જેવા વાતો કરનાર માણસો એને મળતા નથી.' પોતાના જેવા માણસો પાંચ સાત માઈલમાં હોય તો શહેરનું આકર્ષણ ન રહે. આ સંક્રાન્તિકાળ છે. પહેલાંની જેટલાં ગામડાં ને શહેરો જુદાં નથી તેથી આપણે બંનેનો લાભ આ કેળવણીમાં લેવો જોઈએ. બધાંને હિંમતભાઈ ઘોડા જેવી કેળવણી મળવી જોઈએ. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓમાં પણ દરેકમાં એ ખમીર હોવું જોઈએ. હિંમતભાઈને કડિયાએ કામ કરવાની ના પાડી તો જાતે કર્યું. અમેરિકામાં લોકો તાલેવાન છે, પણ દરેક જણ પાંચ-સાત હસ્તકળા તો હસ્તગત કરે જ. જ્યારે આપણે ગરીબ છતાં આવો શોખ આપણને કેમ પરવડે કે કશું ન કરીએ ? આપણે ત્યાં એવું ઘડતર કેમ થતું નથી ?

આપણાં ઊછરતાં બાળકોને જિવાતા જીવન સાથે મેળ હોય, તેઓ જીવનથી છૂટાં પડી જાય છે તે ન બને, તે જોવાનું છે. એવી ગોઠવણી, યોજના, કરવી જોઈએ કે કેળવણી અને જિવાતા જીવન વચ્ચે સંબંધ બંધાય. પોતાના બે પુત્રોમાંથી એક ઇજનેર બને ને બીજો દાક્તર તે લક્ષ્યાંક પૂરતો નથી. પરિણામ એ આવ્યું છે કે હજારો ઇજનેરો રોજી વગરના છે અને દાક્તરોની પરદેશમાં માગ છે એટલે હજી એમનો પ્રશ્ન જાગ્યો નથી.

મને હમણાં એક ડૉક્ટરે કહ્યું કે નવા દાક્તરને એક ગામડાના પંથકમાં મૂકો. મદદ આપો પણ રાખો ગામડાંમાં, બે-એક વરસ દરમિયાન ત્યાં એણે પોતાનું કાર્યક્ષેત્ર ઉપજાવી લીધું હશે. આ રીતે એ ગામડામાં રોપાશે. કાકાસાહેબ કહેતા હતા કે આટલા બધા ઇજનેરો બેકાર છે, તેમ નહિ ભણેલા પણ ઘણા બેકારો છે. તે બંનેનો મેળ થવો જોઈએ. ક્રાન્તિરૂપે નહિ, રચનાત્મક રૂપે. તે બંને જોડાશે તો રોટલો તો મળશે જ, સાથે દેશનું પણ ઉત્થાન થશે.

નાનાભાઈ દક્ષિણામૂર્તિની છબી લઈને ગામડામાં આવ્યા, એમ બબલભાઈએ ગામડામાં જઈને બે માટલાં મૂક્યાં : પોતે સેવા કરશે, લોકો બે મૂઠી ખીચડી તો આપશે. એ માટલાં કદી ખાલી નહોતાં રહ્યાં.

ત્રણ કરોડ રૂપિયા આર્થિક રીતે પછાત બાળકોને મદદના અપાય છે. ઘસડાતાં ઘસડાતાં તેઓ કૉલેજ સુધી પહોંચે છે. પણ તેમનો ધંધા સાથે કાંઈ સંબંધ થયો કે નહીં એ વાત અધ્યાહાર રહે છે. ધંધાકીય કેળવણીની વ્યવસ્થા થવી જોઈએ, – પછાત જ નહિ, 'ઉજળિયાત' બાળકો માટે પણ.

કુટુંબ, રાજ્ય, બધામાં ભૂલ છે, પણ મોટી ભૂલ આપણી શિક્ષકોની છે. મને મનુભાઈએ કહ્યું તેમાં એક વાત બહુ યાદ રહી : 'નાણાંભીડ નડી નથી, નડી છે તે અમારી ઊણપો.' આ વસ્તુ શિક્ષણના ક્ષેત્ર માટે તદ્દન સાચી છે. તેમણે બહુ સાચી રીતે કહ્યું કે આમાં શિક્ષકે પોતાની જાતે નવો અવતાર કરવાનો છે. આ બહુ કઠણ કામ છે. શિક્ષકરૂપી કૂવામાં હશે તો વિદ્યાર્થીરૂપી હવાડામાં આવશે. પોતાનું ઘડતર પોતે કરવાનું છે. નાનાભાઈએ પોતાની આત્મકથાનું નામ 'ઘડતર અને ચણતર' રાખ્યું છે. શિક્ષકને જોઈને વિદ્યાર્થી પોતાનું ઘડતર કરે છે. બાપુ શ્વાસે શ્વાસે પોતાને ઘડતા. પોતાને પૂર્ણ નહોતા માનતા, પણ કંડારતાં કંડારતાં એવી મૂર્તિ બનાવી કે લોકોત્તર સર્જાયા. આ આપ-ઘડતરની કળા દરેકમાં કેવી રીતે ખીલે તે કેળવણીનો સવાલ છે.

મનુભાઈએ અહીં કેટલાકનો આભાર માન્યો. હું તેમાં એક વિશેષ આભાર માનું, માતાઓનો. અજવાળીબા, હંસાબહેન, પુષ્પાબહેન, વિજયાબહેન, — એ સૌએ અહીં સાધના કરી છે. જે ફળ મળ્યાં તેની મીઠાશમાં તેમની તપસ્યાનો પણ ફાળો છે.

નાનાભાઈની આંબલાની શાળા આશાનો દીવો છે. આ ચેતનનું ધરુવાડિયું છે. અહીંનું ધરુ જ્યાં રોપશો ત્યાં ઊગશે. અહીંના વિચારો નાણી જોયેલા, અનુભવેલા, નીવડેલા છે. કહે છે ને કે વિચારોને પગ હોય છે. ચારે બાજુ તે પહોંચે છે. વ્યક્તિ વ્યક્તિ વચ્ચેના જીવંત સંપર્કથી કાંઈક થાય છે. એ કીમિયો નાનાભાઈ જિંદગીભર અજમાવી ગયા છે. તેમના અનુગામીઓ પણ આજે તે અજમાવવા મથી રહ્યા છે.

ફરી 'કોડિયું' યાદ આવે છે. રણછોડ ભગતે કહ્યું છે :

દિલમાં દીવો કરો રે દીવો કરો,  
દાસ રણછોડે ઘર સંભાળ્યું,  
જડી કૂંચી ને ઊઘડ્યું તાળું,  
થયું ભોમંડળમાં અજવાળું 'રે, દિલમાં....

નાનાભાઈ અને ગાંધીજી જેવાને જોતાં આ વસ્તુની પ્રીતીતિ થાય છે કે જે કૂંચી છે તે તો આપકેળવણીની છે. પોતાની અંદર દીવો પેટ્યો એટલે લાગલું જ આખા ભૂમંડળમાં અજવાળું અજવાળું થઈ જાય છે. આ કેળવણીનો કીમિયો તે દિલમાં દીવો કરવાનો છે. ખાસ કરીને પોતાના દિલમાં. આ પ્રણાલી તેમના ઉત્તરાધિકારીઓ ચલાવે ને સમાજને આદર્શ પૂરો પાડે. પ્રભુના તેમની પર આશીર્વાદ ઊતરો.

જાન્યુઆરી ૨૯, ૧૯૬૯'

(આંબલા ગ્રામદક્ષિણા-મૂર્તિના ત્રીશી સમારોહ નિમિત્તે તા. ૨૯-૧-૬૯ના રોજ અપાયેલું વ્યાખ્યાન લેખકકૃત 'કેળવણીનો કીમિયો' ઉજી આ. ૨૦૧૧માંથી સાભાર)

## ક્યાંથી માન હોય ?

આનંદશંકર ધ્રુવે એક વાર કહેલું કે હિંદને સ્વાતંત્ર્યપ્રાપ્તિમાં ખુદ અંગ્રેજો તરફથી જેટલો ફાયદો થવાનો છે તેટલો કોઈ બીજાથી નથી થવાનો; એમના લોહીમાં જ એટલું પ્રજાસ્વાતંત્ર્ય ભરેલું છે કે એમના દાખલ કરેલા રાજ્યતંત્રમાં એ જાણ્યે-અજાણ્યે આવી જ જાય. પણ જીવનનાં છેલ્લાં પાંચસાત વરસમાં અંગ્રેજો પરની તેમની આ આસ્થા ઊઠી ગયેલી.

તેમ છતાં એ પ્રજાની કેટલીક શક્તિઓ માટે તેમને ઘણું માન હતું. એક વાર કંઈક વાતને પ્રસંગે મને કહે, ''અંગ્રેજોને આપણે માટે ક્યાંથી માન હોય ? આપણા લોકો એશઆરામી અને વિષયી છે, તેમને માટે અંગ્રેજો જેવી કઠિન જીવનપ્રિય પ્રજાને ક્યાંથી માન હોય ?''

**રામનારાયણ વિ૰ પાઠક**

# GURU VISHNU AND VISHNU GURU, TOO THIS MAXIM FOR ME IS ALWAYS TRUE.

**Dr Dawoodbhai Ghanchi, Formerly**
**Pro-Vice Chancellor, North Gujarat University**

The Vedic prayer, *Guru Brahma,* equating a teacher with the trinity of gods, Brahma, Vishnu and Mahesh, has been recited by generations of students in India, extolling the virtues the teacher supposedly possesses and his unquestionable dedication to the values of the teaching profession. I am not sure about me in this respect; but I would like to declare at this moment that I had the experience other way round. I had a student named Vishnu in the very first year of my service as a school teacher whom I am proud to remember as a *Shishya Guru.* I feel professionally and morally acquitted by paying homage to his memory. I am sorry to state that he expired a few years ago of a massive stroke.

I graduated from the famous Gujarat College, Ahmedabad in 1949. I joined my school, Vakharia High School, Kalol (N.G.) as a teacher of English in June 1950. I was the class teacher of Std.VIII to begin with. The class had 40 students, all boys. Vishnu Patel, a student in the class, hailed from a neighbouring village, Saij, which, incidentally, was a hub of Satyagrah activities in 1942. It seems he had some aggressive germs of a satyagrahi volunteer in his blood. He used to volunteer for many activities during the year he was in Std.VIII.

I used to teach English with a textbook. I would read out a lesson, give meaning of new words and write them on the black board. One day Vishnu suggested that there should be a word game and he would bring words every day for the game. I was not formally trained then to be a teacher, so I accepted Vishnu's suggestion by way of an experiment. Vishnu would pose a word and ask for its meaning. His class mates would suggest the meaning and if it was not correct, he would ask me or himself give one. The game got diversified in spellings, usage, and word building and so on. Thus Vishnu became my resource person, in a way.

One day Vishnu challenged the class with a strange word. It was "EERIE". None in the class could give its meaning. Finally he referred it to me! As a teacher I had so far amused myself with the belief that I knew everything about English. That's the ego born out of vanity. But 'EERIE "was not going to yield to my false ego; I did not know its meaning then! Accepting my defeat, I felt crestfallen! I was so flummoxed then that I could not remind myself of this famous Sanskrit shloka:

*Ichchhet sarvatra vijayam, Putraat shishyaat tu paraajayam.*

That proved to be a moment of self-evaluation and introspection for me. I admitted my ignorance and asked Vishnu to give the meaning as the ultimate victor, and he did it."EERIE "means: strange,

amazing, confounding the common sense...and so on. Vishnu had provided the icebreaker for the moment, a sort of a breather and a moral booster. I thanked him for saving the situation.

During the year, too, there were several occasions when he volunteered as an aid to me in my classroom tasks. In fact, he provided me opportunities to learn a few new tricks and language games which made our class work joyful as well as productive.

After three years I joined the A.G.Teachers College, Ahmedabad to get trained as a teacher of English. My professor there, the late Mr. R.S. Trivedi, introduced me to the creative pedagogy of English. Language games and communication activities were thoroughly ingrained in our professional repertoire. I used to remember how Vishnu had played his icebreaking role with word games. Now that experience was no longer "EERIE "for me; it was instructive and path breaking.

Vishnu had a brilliant career as a student at school as well as at college . He rose to be a lecturer at a renowned college of education in Ahmedabad and then as principal of a college of education in Panchmahals, Gujarat. My initial interface with Vishnu got formal grooming in the years after I got my B.Ed, degree in English with a first class first rank in the Gujarat University. In his simple, innocent, juvenile way Vishnu, my *Shishya Guru,* presaged my future professional orientation .In retrospect, I would verbalise the unpremeditated implications of his impromptu inputs in my class of English like the word game as under.

1. Make classroom teaching an interactive process enlisting student participation.
2. Inject an element of play and delight in the teaching process.
3. Encourage experiential learning through various activities.
4. Appreciate even the smallest contribution by the students.
5. Be a life-long learner as a teacher.

Rabindranath Tagore, the great poet and educationist of modern India , emphasized that a teacher can remain a teacher only if he continues to be a student. Another great poet, a renowned poet of the eighteenth century England , Alexander Pope, too stressed the importance of continuous enhancement of one's knowledge by constantly learning and relearning. His message is equally valid in the 21st century that is known as the age of knowledge. Every teacher, therefore, should keep Pope's message in front of him:

*A little learning is a dangerous thing, Drink deep, or taste not the Pierian Spring; Those shallow drops intoxicate the brain, And drinking largely, sobers us again!*

In his own child- like way, Vishnu had awakened me to my future role without, of course, saying the warning in as many words: *Chet* Machchhindra *Gorakh* aayaa.'

My Salam to that valued Shishya Guru, Vishnu!

(Add. Dahela, Near Bajar Tower,
Kalol (Dist. Gandhinagar)
M. 9427279744

# એક પ્રેરણાદાયી ઓળખ

મોહનલાલ પટેલ

પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટનાં રાષ્ટ્રજોગ પ્રવચન તૈયાર કરવા પાછળ રૂઝવેલ્ટ પોતે અને એમના ત્રણ સહાયકો - હોપકિન્સ, રોઝનમેન અને રોબર્ટ શેરવૂડ જે શ્રમ ઉઠાવતા હતા એની વિગતો વિસ્મય પમાડે એવી છે. આઠ-દસ દિવસની સખત મહેનત પછી પ્રવચન તૈયાર થતું. વારંવારના ફેરફારના કારણે ક્યારેક તો એક પછી એક એમ આઠથી દસ ડ્રાફ્ટ તૈયાર થતા. આના કારણે ક્યારેક તો પહેલા ડ્રાફ્ટમાંનું એક પણ વાક્ય છેલ્લા ડ્રાફ્ટમાં ન હોય !

રૂઝવેલ્ટ માનતા કે અમેરિકાના પ્રમુખ તરીકે પોતે પોતાના પ્રવચનમાં જે કંઈ બોલે તે માત્ર અમેરિકા જ નહીં પણ દુનિયાના ઘણા દેશો સુધી પહોંચવાનું છે. વળી, રાષ્ટ્રનાં જુદાં જુદાં ગ્રૂપો, મિત્રરાજ્યો (બીજું વિશ્વયુદ્ધ ચાલતું હતું તે સમયનાં), દુશ્મન રાજ્યો (જર્મની, ઇટાલિ તેમ જ જાપાન) અને તટસ્થ રાજ્યો પણ એની નોંધ લઈને કંઈક ને કંઈક પ્રતિક્રિયા દાખવવાનાં છે એટલે પ્રવચનમાં જરા સરખી પણ ક્ષતિ રહી ન જાય એની ભારે કાળજી લેતા. આથી રૂઝવેલ્ટ જે વિષયોને પોતાના પ્રવચનમાં આવરી લેવાના હોય એ વિષયોને લગતાં ખાતાંઓમાંથી જરૂરી માહિતી મંગાવવામાં આવતી. એટલું જ નહીં પણ જે-તે ખાતાઓના વડા જે કંઈ કહેવા માગતા હોય તે અને એમનાં જે કોઈ સૂચનો હોય તો તેની વિગતો પણ મંગાવવામાં આવતી. ખાતાંઓમાંથી વિગતો મેળવ્યા પછી રૂઝવેલ્ટ, હોપકિન્સ, રોઝનમેન અને રોબર્ટ શેરવૂડ ચર્ચા માટે સાથે બેસતા. આ ચર્ચા વખતે સૌપ્રથમ રૂઝવેલ્ટ પોતે કયા પ્રકારના શ્રોતાઓને લક્ષમાં રાખવા માગે છે તેની ચોખવટ કરતા અને પ્રવચનમાં કેટલા શબ્દોની મર્યાદા રાખવાની છે તે સૂચવતા. શબ્દોની ગણતરી બાબતમાં રૂઝવેલ્ટ બહુ ચોક્કસ હતા. એમના ઉચ્ચારની સામાન્ય ગતિ એક મિનિટના ૧૦૦ શબ્દોની હતી. પણ શબ્દોની ખરેખરી સંખ્યા કેટલી રાખવી એ તો પ્રવચનનો છેલ્લો ડ્રાફ્ટ તૈયાર થયા પછી એના શબ્દોનું રૂપ (શબ્દોની લંબાઈ, ઉચ્ચારની કઠિનતા વગેરે) જોયા પછી જ નક્કી થતું.

પ્રાથમિક ભૂમિકા પછી જુદાં જુદાં ખાતાંઓમાંથી આવેલી સામગ્રીની છણાવટ થતી અને એમાંથી શું લેવું અને શું ન લેવું એનો નિર્ણય થતો. આ નિર્ણય પછી રૂઝવેલ્ટ પોતે પોતાના થકા વિચારોનું શ્રુતલેખન કરાવતા આ લેખન તો પાનાંનાં પાનાં ભરીને થતું. ક્યારેક મુદ્દાસર તો ક્યારેક વાયવ્ય.

આટલું માળખું તૈયાર થયા પછી રૂઝવેલ્ટ સૂવા ચાલ્યા જતા અને પેલા ત્રણ મહાનુભાવો વ્હાઈટ હાઉસની પશ્ચિમ પાંખમાં આવેલી કેબિનેટ રૂમમાં જઈને પ્રવચનની સ્ક્રિપ્ટ તૈયાર કરવાના કામમાં લાગી જતા. સ્ક્રિપ્ટ તૈયાર કરતી વખતે ઉપર જણાવી તે સામગ્રી ઉપરાંત રૂઝવેલ્ટના પ્રવચન ફોલ્ડરને પણ ઉપયોગમાં લેવું પડતું. આ ફોલ્ડરમાં પ્રવચન માટે ઉપયોગી ટાંચણો, વર્તમાનપત્રોનાં કટિંગ્ઝ, લોકો તરફથી આવેલા પત્રો, સૂચનો વગેરે સંઘરી રાખવામાં આવતાં. આ બધી સામગ્રીને કાળજીપૂર્વક જોઈ જવી પડતી અને એમાંથી જે ઉપયોગી જણાય તેને કાતરથી કાપીને રૂઝવેલ્ટે કરાવેલા શ્રુતલેખનમાં ઉચિત જગ્યાએ ચીપકાવી દેવામાં આવતી.

આમ આખી રાત કામ ચાલે અને પહેલો ડ્રાફ્ટ તૈયાર થાય.

સવારે રૂઝવેલ્ટ એ ડ્રાફ્ટ જોવા માટે હાથમાં લે. સૌ પહેલાં લખાણનાં પાનાંનો છેલ્લો નંબર જુએ અને તરત બોલી ઊઠે : 'આમાંનું ૯૦ ટકા કાઢી નાખવું પડશે.' એક બાજુએ મેટર ઓછું કરવાનું કહે અને બીજી બાજુ એમાં ઉમેરો કરવાનું સૂચવે.

આ પછી બીજા ડ્રાફ્ટનું કામ શરૂ થાય.

આ કામ ચાલતું હોય એ દરમિયાન કોઈ મોટી ઘટના બને તો વળી વક્તવ્યમાં ધરખમ ફેરફાર થઈ જાય અને નવેસરથી ડ્રાફ્ટ તૈયાર કરવો પડે. જેમ કે, ઈ.સ. ૧૯૪૩ના જુલાઈમાં એમનું એક પ્રવચન તૈયાર થતું હતું એ દરમિયાન મુસોલિનીના પતનના સમાચાર આવ્યા અને પ્રવચન ધરમૂળથી બદલાઈ ગયું.

પ્રવચનનું કામ ચાલતું હોય એ દિવસોમાં રોજ સાંજે પેલા ત્રણ સહાયકો અને રૂઝવેલ્ટ ઓવલ સ્ટડી (અભ્યાસખંડ)માં બેસીને ચર્ચા કરતા. ૭-૧૫ વાગે કોકટેલનો કાર્યક્રમ રહેતો. એ વખતે રૂઝવેલ્ટ તો માત્ર બિયર જ લેતા અને ૭-૪૫ વાગે ભોજન લેવાનું થતું એ વખતે પણ રૂઝવેલ્ટ તો સાવ સાદો ખોરાક જ લેતા.

જમ્યા પછી રૂઝવેલ્ટ ફાયર સાઈડે બેસતા અને જેટલું લખાણ તૈયાર થયું હોય તે વાંચવા લાગતા. ક્યારેક એ લખાણ મોટેથી વાંચતા જેથી એનો ધ્વનિ કેવો રહે છે એનો ખ્યાલ આવી શકે. રૂઝવેલ્ટ આ વાંચતા હોય એ વખતે ગ્રેસ તુલ એમની પાસે બેસતી અને વચ્ચે વચ્ચે જ્યાં રૂઝવેલ્ટ નવું કંઈ લખાવે તે લખી લેતી.

લગભગ ૧૦ વાગ્યે પીણાની ટ્રે આવતી. આ વખતે રૂઝવેલ્ટ તો માત્ર લીંબુ કે જિંજરનું પીણું જ લેતા.

અને રાત્રે ૧૧ વાગ્યે રૂઝવેલ્ટ સૂવા માટે ચાલ્યા જતા. પણ પેલા ત્રણ મહાનુભાવો ઓવલ સ્ટડીમાંથી નીકળીને કબિનેટ રૂમમાં પહોંચી જઈને એમનું કામ શરૂ કરી દેતા.

ક્યારેક તો આ લોકોને આખી રાત કામ કરતા જાણી શ્રીમતી રૂઝવેલ્ટ વહેલી સવારે ત્રણ વાગ્યે કહેતાં, ખૂબ મહેનત કરો છો, સૂઈ જાઓ હવે. આરામ કરો. આમ કહેનાર શ્રીમતી રૂઝવેલ્ટ પોતે પણ સવારના ત્રણ વાગ્યા સુધી કામ કરતાં જ હોય.

થોડો આરામ કર્યો ન કર્યો અને વહેલી સવારે જાગી જવું પડે. રૂઝવેલ્ટની વ્હીલચેર પસાર થાય ત્યારે આ ત્રણ જણ કેબિનેટ રૂમમાં પ્રેસિડેન્ટના તેડાની રાહ જોતા બેઠા હોય.

હવે જે ડ્રાફ્ટ તૈયાર થયો હોય એ નાસ્તા વખતે વંચાય. પછી એને જે તે લાગતા-વળગતા ખાતામાં ચકાસણી માટે મોકલવામાં આવે. આ વખતે પણ ખાતાના વડા પાસે સૂચનો તો માગવામાં આવ્યાં જ હોય. વડાઓ હોંશે હોંશે સૂચનો કરે પણ ખરા.

આ બધી પ્રક્રિયામાંથી પસાર થયા પછી છેલ્લા બે દિવસોમાં પ્રવચનને આખરી ઓપ આપવામાં આવે. આ વખતે એકેએક શબ્દને બરાબર ચકાસી લેવામાં આવે. કેટલાક શબ્દો એવા હોય છે કે ઉચ્ચાર વખતે લોચા વળે. એક વખત જીભ વળી ગઈ તો પ્રયત્ન કરવા છતાં સરખો ઉચ્ચાર જ ન થાય. જીભ એકનો એક છબરડો વાળ્યા કરે. આવા શબ્દોને રૂઝવેલ્ટ tongue twisting words કહેતા. આવા શબ્દોને રૂઝવેલ્ટ પોતે દૂર કરી દેતા. શબ્દોની ચકાસણી પછી, પ્રવચન રેડિયો ઉપરથી પ્રસારિત થવાનું હોય તો એ શબ્દોનો ચોક્કસ આંકડો કહેતા. એ ૩૧૫૦ શબ્દો કહે તો ૩૧૬૫ ન ચાલે.

પ્રવચનને આખરી રૂપ અપાયા પહેલાં કોઈ વાક્યને પડતું મૂકવું કે ચાલુ રાખવું એ બાબતમાં ઘણી વાર ગમ્મત થતી. કોઈ વાક્ય તરફ રૂઝવેલ્ટનો પક્ષપાત હોય પણ પેલા સહાયકો એને કાઢી નાખવાના મતના હોય. ખેંચાખેંચ ચાલે. છેવટે રૂઝવેલ્ટ નમતું મૂકે. પણ જ્યારે ખરેખર પ્રવચન કરે ત્યારે એ વાક્ય ઘુસાડી જ દીધું હોય ! અને પ્રવચન પછી જાણે પેલા લોકોની માફી માગતા હોય એમ હસીને કહે, 'માફ કરજો, જીભે છબરડો વાળી દીધો !'

ક્યારેક એવું બનતું કે રૂઝવેલ્ટનું પ્રવચન ચાલતું હોય ત્યારે જેમણે જેમણે એ પ્રવચન માટે સૂચનો કર્યાં હોય એ પોતાનું સૂચન પ્રવચનમાં સમાવાયું છે કે કેમ એ જાણવા આતુરતાથી પ્રવચન સાંભળ્યા કરે, પણ પ્રવચન પૂરું થાય ત્યાં સુધીમાં એમણે સૂચવેલો એક શબ્દ પણ એમને સાંભળવા ન મળે ત્યારે ગામડેથી આવેલા કોઈ ગ્રામજનના પત્રનો સારો એવો સમાવેશ એ પ્રવચનમાં થયો હોય !

પ્રવચન પાછળ આટઆટલી મહેનત લેવાઈ હોય છતાં રૂઝવેલ્ટ એ પ્રવચનના ગુલામ બની રહ્યા હોય એવું જણાતું નહીં. જાણે આખું પ્રવચન કંઠસ્થ થઈ ગયું હોય અથવા આત્મસ્ફુરણથી બોલી રહ્યા હોય એમ બોલ્યે જતા.

શ્રોતાઓની સન્મુખ રહીને પ્રવચન આપવાનું હોય ત્યારે તો એ શ્રોતાઓની નાડ પારખીને બોલતા. તાળીઓના ગડગડાટ વખતે સમયની ચિંતા કર્યા સિવાય થોભી જતા અને પ્રસન્નવદને શ્રોતાઓના ઉત્સાહને દાદ આપતા.

વૃત્તિના આવેગ હેઠળ કે લાગણીના આવેશમાં બેજવાબદાર વિધાનો કરી પ્રજાના આક્રોશને ભડકાવનારા અને પાછળથી પત્રકારોને દોષ દેનારા આજના રાજકારણીઓએ આ રાજપુરુષ રૂઝવેલ્ટના પ્રવચન અંગેના પુરુષાર્થની રીતમાંથી ઘણી પ્રેરણા લેવા જેવું છે.

**સંદર્ભ : રૂઝવેલ્ટ એન્ડ હોપકિન્સ વોલ્યૂમ ૧-૨**
**લેખક : રોબર્ટ** શેરવૂડ

૨૧/૫૦૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ,
અમદાવાદ-૧૫. ફોન : ૦૭૯-૨૬૮૬૨૫૯૮

# ચણતર અને ઘડતર

મનુભાઈ જે. પટેલ

કડી એટલે ઉત્તર ગુજરાતનું કાશી. વિદ્વત્તા માટે જેમ કાશી જગપ્રખ્યાત એમ સાચા અને સારા શિક્ષણ માટે સર્વ વિદ્યાલય કડી વિખ્યાત. રાજ્યના વિવિધ પ્રદેશોમાંથી બાળકો અભ્યાસ માટે અહીં આવે છે. પૂજ્ય છગનભા અને ધનશા ભગત જેવા અનેક તપસ્વીઓનાં તપ અને આશિષ એના પાયામાં છે. જ્યારે રામચંદ્ર અમીનસાહેબ, પુરુષોત્તમદાસકાકા, ધનાભાઈ હ. વકીલ, છગનભાઈ રા. વકીલ, નટુભાઈ ભાણાભાઈ, બળદેવભાઈ ડોસાભાઈ અને માણેકલાલ સાહેબ જેવા અનેક નિષ્ઠાવાન કાર્યકરોના પુરુષાર્થ અને નિષ્ઠાથી સર્વ વિદ્યાલયની પ્રતિભા અને પ્રતિષ્ઠા વિકસી શકી છે. જ્યાર પોપટભાઈ ગુલાબદાસ, બાપુભાઈ ગામી, છગનભાઈ કા. પટેલ અને નાથાભાઈ ના. દેસાઈ તથા મોહનલાલ પટેલ જેવા સારસ્વતો અને કેળવણીકારોના સંસ્પર્શથી શાળા તથા છાત્રાલયમાં આવતાં બાળકોનાં જીવનઘડતર અને ચણતરની પ્રક્રિયા સુપેરે થવા પામી છે. ગુજરાત અને ભારતમાં સર્વ વિદ્યાલય આજે સર્વ માન્ય અને સર્વ પ્રિય બનીને વિદ્યાર્થીઓના હૃદયમાં સુવર્ણ અક્ષરે અંકિત થવા પામ્યું છે. સર્વ વિદ્યાલય કડી-ગાંધીનગરમાં અભ્યાસ કરીને તેજસ્વી અને ઉત્તમ પરિણામો લાવનાર ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિશ્વના વિવિધ દેશોમાં સ્થાયી બનીને મોટા ઉદ્યોગપતિઓ અને અધિકારીશ્રીઓ બની શક્યા છે. આ બધા જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના સવિશેષ દાનથી વિવિધ વિદ્યાશાખાઓ પ્રશાખાઓ વિકસી રહી છે. આ જ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને દાતાશ્રીઓ સર્વ વિદ્યાલયના સાચા અર્થમાં 'એમ્બેસેડર' બનીને પરિમલ પ્રસરાવવામાં ધન્યતા અનુભવી રહ્યા છે. સર્વ વિદ્યાલય હવે શતાબ્દી મહોત્સવ ઊજવવાની તૈયારીમાં છે. ત્યારે ઓછામાં ઓછી દશેક પેઢીઓનાં હજારો બાળકોને સંસ્કારવામાં અને સમાજ-ઘડતરની ભૂમિકામાં કર્મનિષ્ઠ બનાવીને સેવા અને સમર્પણના યજ્ઞમાં યજમાન બનાવ્યા છે.

વર્ષ ૧૯૮૭માં ગુજરાતમાં અનાવૃષ્ટિ હતી. પરિણામે ખેતી અને ખેતપેદાશોના ઉત્પન્નમાં સંતોષદાયક ચિત્ર નહોતું. સર્વ વિદ્યાલય અને છાત્રાલયમાં સમી તાલુકાના રાજપૂત-પટેલોનાં બાળકોનો અભ્યાસ માટેનો પ્રવેશ પેઢી દર પેઢી ચાલુ જ હતો. આવાં દૂરનાં ગામોમાંથી નાડોદા પાટીદારોનાં દશેક બાળકો છાત્રાલયમાં રહીને શાળામાં અભ્યાસ કરતાં હતાં. એપ્રિલ માસમાં પ્રાથમિક શાળાઓનાં પરિણામો જાહેર થાય એટલે તરત જ વાલીઓ શ્રદ્ધા અને મહેચ્છાથી પોતાનાં બાળકોના પ્રવેશ માટે શાળામાં આવી જતા. કડી શહેર એટલે કાલાં-કપાસ-જીન ફેક્ટરીઓનું મોટું કેન્દ્ર. આ જ ગામોમાંથી પેદા થતો કલ્યાણ કપાસ અહીં જ વેચાવા આવતો. જેથી ખેડૂતો અને વેપારીઓના સંબંધો પણ ખરા. વળી માણેકલાલ સાહેબની સેવા સુવાસ અને સ્વભાવથી આ ગ્રામ્યજનો ખૂબ જ પરિચિત. જેથી ગમે ત્યારે વહેલા-મોડા જઈશું પણ સાહેબને વિનંતી કરીશું એટલે બાળકનો પ્રવેશ મળી જશે જ એવી ધરપત પણ ધરાવતા. અહીં અભ્યાસ માટે આવતાં બાળકોના કુટુંબમાંથી કે નજીકનાં સગાંઓમાંથી ઓછામાં ઓછી બે-ચાર વ્યક્તિઓ તો આપણી શાળામાં અગાઉ અભ્યાસ કરી ચૂકી હોય છે જ. જેથી સર્વ વિદ્યાલય માટે તેમનો અભિપ્રાય હંમેશાં ઉત્તમ જ રહેવા પામેલો હતો.

આવા અતિ ગ્રામ્ય પ્રદેશમાંથી છાત્રાલયમાં પ્રવેશ મેળવેલ બાળકો જન્માષ્ટમી પછીનો ભોજનનો હપ્તો ભરવામાં આ વર્ષે અનાવૃષ્ટિને લીધે તકલીફ અનુભવતા હતા. જન્માષ્ટમીની રજાઓમાં બાળકો ઘેરથી શાળા-છાત્રાલયમાં પરત આવે ત્યારે પ્રત્યેક વર્ષે

ભોજનબિલનો હપતો આવે અને એકાદ સપ્તાહમાં તો આ હપતાની રકમ જમા થઈ જતી હતી. આ વર્ષે ત્રીસેક બાળકો ભોજનબિલની રકમ લાવી શક્યાં નહીં. તેમના વાલી દશ/પંદર દિવસમાં આવીને જમા કરાવી દેશે એવું તેમણે જણાવ્યું હતું. સમય પસાર થતો ગયો અને હિસાબનીશની ચિંતા વધતી ગઈ. મદદનીશ ગૃહપતિશ્રીઓ દ્વારા બાળકોને ફરીથી હપતાની રકમ જમા કરાવવાની તાકીદ કરવામાં આવી. દિવાળીની રજાઓ પડતા પહેલાં ૨૩ જેટલાં બાળકોના પૈસા જમા થઈ ગયા હતા. હવે માત્ર સાતેક બાળકોના બાકી રહ્યા હતા. દિવાળી વેકેશનમાં ઘેર જાઓ તે પહેલાં હપતો જમા કરાવવા મદદનીશ ગૃહપતિઓએ તાકીદ કરી હતી. આથી બાળકો અને તેમના વાલીઓ ઊંડી ચિંતામાં હતા.

એક દિવસ રવિવારની સવારે ૧૦-૩૦ના અરસામાં કપડેલત્તે મેલાંઘેલા વાલી-ખેડૂત હાથમાં કપડાંની નાનકડી બચકી(ગાંઠડી) સાથે મુખ્ય ગૃહપતિની ઑફિસમાં મારી સામે આવીને બેઠા. ચા-પાણી પિવડાવ્યા પછી તેમના આગમનનું કારણ પૂછ્યું. ત્યારે લાચાર આંખે અને ભગ્ન હૃદયે ધીમેથી બોલ્યા કે મારા બાળકના ભોજનબિલના હપતાની રકમ લાવ્યો છું. થોડી છૂટી અને વળેલી નોટો અને પરચૂરણ પણ હતું. જેથી સહજ રીતે મારાથી તેમને પુછાઈ ગયું કે આ રકમ કેવી રીતે ભેગી કરીને લાવ્યા છો ? લાચાર સ્મિતે વાલીએ જણાવ્યું કે બેં ભેંશો દૂઝણી છે જેથી તેના દૂધના જે પૈસા ભેગા થયા તે અને ખૂટતી રકમ એકત્ર કરવા માટે છોકરાની માનાં ઘરેણાં ગીરો મૂકીને માંડ રકમ ભેગી કરી છે. સાહેબ રકમ ગણી લો અને પાવતી આપો જેથી છોકરાને અભ્યાસ માટે શાંતિ થાય. વાલીનો આ જવાબ સાંભળીને હું સ્તબ્ધ બની ગયો. ભારે દુઃખ અને આઘાત અનુભવ્યાં. બાજુની ઑફિસમાં જ સેવાભાવી અને કરુણાસભર મંત્રીશ્રી માણેકલાલ સાહબ બેઠા હતા. તેમની જોડે વાલીનો પરિચય કરાવ્યો અને તેમની વીતક કથા જણાવી. ક્ષણભરના વિલંબ સિવાય માણેકલાલ સાહેબ ઊંચા અવાજે બોલી ઊઠ્યા. આવી તાકીદ કરતા હિસાબનીશ અને મદદનીશ ગૃહપતિને હાલ જ બોલાવો. બંને હાજર થયા. બાળકોને ફીનો હપતો ભરવામાં ક્યારેય આવી તાકીદ કરશો નહીં. અને કરુણામય સ્વરોએ સૌને તાકીદ કરી કે આવા બાકી ફીવાળા હાલ કેટલાં બાળકો છે ? હિસાબનીશે જણાવ્યું કે માત્ર સાત બાળકો છે. માણેકલાલ સાહેબે તાકીદે હુકમ કર્યો કે આ સાત બાળકોનું આખા વર્ષનું ભોજનબિલ સંસ્થામાંથી આપી દો. આ વર્ષે તેમને માફી આપો. વળી પેલા ખેડૂત વાલીને પણ જણાવ્યું કે, તમો આ રકમ પરત લઈ જાઓ. છોકરાની માના ગીરવે મૂકેલા દાગીના પરત મેળવી લેશો અને ચિંતા મુક્ત બની જાઓ. વળી સાહેબે ઉમર્યું કે વાલીને હાલ જ જમાડીને ઘેર પરત જવા દેશો. આ સમયે ખેડૂત વાલીના મોં પરથી લાચારી દૂર થઈ ગઈ હતી અને અલૌકિક આનંદ દેખાતો હતો. માણેકલાલ સાહેબ સ્વભાવે સાધારણ કડક હોવાની સામાન્ય છાપ હતી પણ હૃદય ભાવનાથી ફૂલ કરતાં પણ કોમળ હતું. આવી ઉદારતા, સમજણ અને સહૃદયતાનાં અનેક દષ્ટાંતોના સાક્ષી રહેવાનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે. આથી જ સર્વ વિદ્યાલય સૌની શાળા બનીને સમાજ સાથે લાગણીની ભાવનાથી આજે પણ જોડાયેલી દેખાઈ શકે છે. આવી સંસ્થામાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો, આચાર્યો અને કાર્યકરોનું ચણતર અને ઘડતર થતાં મેં હંમેશાં અનુભવ્યું છે.

**મનુભાઈ જે. પટેલ**

પૂર્વ આચાર્યશ્રી, સર્વ વિદ્યાલય-કડી.

(રૂપાણીનો માઢ. ચાણસ્મા)

મો. ૭૮૭૪૭૬૧૯૨૯

**જવાહરની અભીપ્સા**

*'ભારતની જીવનગંગામાં ભળી જઈ હું થાઉં અશેષ;*
*ભારતની માટીમાં મળું, ત્યાં લ્હેરો મુજ સ્વપ્નાંનો દેશ.'*

ઉમાશંકર જોશી

# રાજ્ય સરકારના ઉચ્ચ શિક્ષણના શિક્ષકોની ભૂમિકા

ડૉ. મોતીભાઈ મ. પટેલ

ખરેખર ઉચ્ચ શિક્ષણ પાસેથી રાજ્ય અને સમાજની શી અપેક્ષાઓ છે તે જાણ્યા પછી જ આ પ્રશ્નની ચર્ચા થઈ શકે. સમયના વહેણ સાથે ઉચ્ચ શિક્ષણના ઉદ્દેશો અને અપેક્ષાઓમાં પરિવર્તનો આવતાં રહ્યાં છે. જેમકે (૧) આઝાદી પછીના તરતના સમયમાં (૨) આશરે ૧૯૬૦થી ૧૯૮૬ના સમયમાં અને (૩) તે પછીના સમયમાં.

શિક્ષણ તરફના રાજ્યના અભિગમ, શિક્ષણ માટે નાણાં ફાળવણી અને એકંદરે નીતિ બાબતે આ પરિવર્તનો જોવા મળે છે. દા.ત. ૧૯૪૮ના ગાળામાં પંડિત નહેરુએ, કોન્સ્ટિટ્યૂઅન્ટ એસેમ્બ્લિમાં કહેલું : 'ભારતમાં ઘણાં ઉમદા તત્ત્વો હોવા છતાં તેણે આધુનિક ટેક્નોલોજીનો વિકાસ કર્યો નહીં. આ કારણે ભારત નિર્બળ રહ્યું.' આથી જ તેમણે દેશભરમાં આઈ.આઈ.ટી.ઓની સ્થાપના કરી. તે સમયે શિક્ષણ પાછળનું ખર્ચ દેશને આધુનિક બનાવનારા ભવિષ્ય માટેનું રોકાણ ગણાતું. આ નીતિના ઘણા ફાયદા રાષ્ટ્રને મળ્યા છે તે પણ સાચું.

પરંતુ દોઢેક દાયકા બાદ વળી પવન ફર્યો. દેશના સન્માનિત શિક્ષણ-શાસ્ત્રીઓને લાગ્યું કે દેશમાં વ્યાપક નિરક્ષરતા હોય, બાળકોને પ્રાથમિક શિક્ષણ મળતું ન હોય-તે બધું બરાબર નથી. વળી બંધારણમાં પણ પ્રાથમિક શિક્ષણને મફત, ફરજિયાત અને સાર્વત્રિક બનાવવાના આદર્શની ઘોષણા થયેલી જ હતી. અનેક સંશોધનોએ સાબિત કરી બતાવ્યું કે ઉચ્ચશિક્ષણ પાછળ ખર્ચાતા પ્રત્યેક રૂપિયાથી બૃહદ સમાજને જે લાભ થાય છે તેના કરતાં પ્રાથમિક શિક્ષણ પાછળ ખર્ચાતો રૂપિયો સમાજને વધુ ફળ આપે છે. આવું શિક્ષણ ધરાવનારાનાં કુટુંબોનું સ્વાસ્થ્ય વધુ સારું રહે છે, તેમની ઉત્પાદકતા વધે છે અને સમાજમાં ફરતી જાણકારીને તકોમાં ફેરવવાની તેમની શક્તિમાં પણ વધારો થાય છે. વળી ઉચ્ચ શિક્ષણ અને નિષ્ણાતીકરણ વ્યક્તિગત લાભ વધુ આપે છે. જેમકે ડૉક્ટર, એન્જિનિયર વગેરે ભણીને પરદેશ જતા રહે છે. પરિણામે સ્થાનિક સમાજને તેનો ખાસ લાભ થતો નથી.

આ બંને પદ્ધતિમાં રાજ્યની કામગીરી અને પ્રભુત્વ કેન્દ્રમાં હતાં. એટલે કે રાજ્ય જ નાણાં જોગવે, વહીવટ પણ કરે, મોટા ભાગના નિર્ણયો પણ-પ્રચ્છન્ન કે પ્રત્યક્ષરૂપે રાજ્ય જ કરે તે વ્યવસ્થા આ બંને પ્રવાહોમાં હતી. સરકાર, યુનિવર્સિટી, મેનેજમેન્ટ અને અધ્યાપકોને આ વ્યવસ્થા અનુકૂળ થઈ પડી હતી. ગુજરાતના અધ્યાપક આંદોલનનાં મૂળ જે સમયે નંખાયાં તે સમયે યોગાનુયોગ, શિક્ષણમાં રાજ્યનો વ્યાપક પ્રભાવ વિસ્તરી રહ્યો હતો. ગુજરાતમાં પણ એ જ સ્થિતિ હતી.

૧૯૫૦-૫૧થી શરૂ થયેલી પ્રથમ પંચવર્ષીય યોજનામાં રાજ્યના આયોજિત વિકાસખર્ચના ૭.૮ ટકા શિક્ષણ પાછળ ખર્ચાયેલા. છેક ચોથી યોજના સુધી આ પ્રમાણ ૫.૮ ટકા હતું. પણ ૧૯૮૦-૮૫ની છઠ્ઠી યોજનામાં આ પ્રમાણ માત્ર ૨.૭ ટકાએ જઈને બેઠું. અલબત્ત, સાતમી-આઠમી યોજનામાં થોડુંક સુધરીને ૩.૧ ટકા અને ૪.૫ ટકા અનુક્રમે થયું.

૧૯૫૦-'૫૧માં એકંદર શિક્ષણ પાછળ ખર્ચાતા પ્રત્યેક રૂપિયા દીઠ પચાસ પૈસા સરકાર ખરચતી જ્યારે ફીના સ્વરૂપે છત્રીસ પૈસા સાંપડતા. ૧૯૮૫-'૮૬ સુધીમાં નોબત એવી આવી કે સરકાર એંશી પૈસા ખરચતી થઈ અને ફીમાંથી માંડ પંદર પૈસા મળતા.

થોડાંક વર્ષોથી ગુજરાતમાં સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ શરૂ થઈ. મેડિકલ, ઇજનેરી, ટેક્નિકલ જેવા વિષયોમાં ગુજરાતના વિદ્યાર્થી બહાર જતા. તેથી સ્વનિર્ભરના પરિણામે ગુજરાતમાં જ રહ્યા. પણ સ્વનિર્ભર સંસ્થાઓ જાણે કે, કમાવાનાં હાટડાં થઈ પડી છે. ખૂબ થોડી સંસ્થાઓને બાદ કરતાં મોટા ભાગની સંસ્થાઓ કોઈ દાનવીર પાસે દાન લઈને સંસ્થાના ટ્રસ્ટીઓ વિદ્યાર્થીઓ પાસે લાખોની ફી ઉઘરાવી ખિસ્સામાં મૂકે છે. તેમને માટે આ ઉદ્યોગ થઈ ગયો છે. હવે પી.ટી.સી., બી.એડ્. અન પ્રાથમિક મા.શા.ઓ પણ સ્વનિર્ભર થવા માંડી છે. પણ તેમાં ગુણવત્તાની ફરિયાદો ઊઠી છે. સરકાર શિક્ષણમાંથી પોતાની જવાબદારી ખેંચી લઈને સ્વનિર્ભરને ભરોસે શિક્ષણને સોંપી રહ્યું છે. તેને પરિણામે ગુણવત્તાના પ્રશ્નો ઊભા થયા છે.

**ઉચ્ચ શિક્ષણના શિક્ષકોની ભૂમિકા :**

આઝાદી પૂર્વે ઉચ્ચ શિક્ષણ અંગે ભારતનું પ્રથમ શિક્ષણ પંચ-રેલેકમિશન(૧૦૨) નિમાયું હતું. ત્યારપછી કલકત્તા યુનિવર્સિટી પંચ-સેડલર કમિશન (૧૯૧૭-૧૮)માં નિમાયું. આ બંને પંચોએ ઉચ્ચ શિક્ષણના દોષો અને તેને સુધારવાના ઉપાયો સૂચવ્યા હતા પણ આઝાદી પૂર્વેના હોવાથી તેનો કોઈ અમલ થઈ શક્યો નહીં.

આઝાદી બાદનું સૌપ્રથમ યુનિવર્સિટી શિક્ષણપંચ (૧૯૪૮-૪૯) નિમાયું. જેના અધ્યક્ષ ડૉ. રાધાકૃષ્ણન હોવાથી તેને રાધાકૃષ્ણનપંચ પણ કહે છે. આ પંચે વિગતે અભ્યાસના અંતે વિશ્વવિદ્યાલય શિક્ષણના ઉદ્દેશ, અધ્યાપકવર્ગની મૂલ્યવાન ભલામણો કરેલી છે. વિશ્વવિદ્યાલય શિક્ષણના ચૌદ જેટલા ઉદ્દેશો દર્શાવ્યા છે. જેમાં મુખ્યત્વે : એવી વ્યક્તિઓનું નિર્માણ કરવું, જે રાજનીતિ, પ્રશાસન, વ્યવસાય, ઉદ્યોગ અને વાણિજ્યના ધંધે નેતૃત્વ કરી શકે; એવા નેતાઓનું નિર્માણ કરવું જેઓ દૂરદર્શી, બુદ્ધિમાન અને બૌદ્ધિક સાહસી હોય; આપણા સાંસ્કૃતિક વારસાને ન ભૂલવો – તેને જાળવી રાખવો. વિદ્યાર્થીઓને પ્રવૃત્તિ, સમાજ અને મૂલ્યોનું જ્ઞાન આપવું; વિશ્વવિદ્યાલયોમાં ભાષા અને માતૃભાષાના સાહિત્યને સર્વોચ્ચ સ્થાન અપાયું; વિદ્યાર્થીના ચારિત્ર્ય સુધારને શ્રેષ્ઠ આદર્શ બનાવવો.

આ ઉદ્દેશોને પૂર્ણ કરવા અધ્યાપકો પણ એવા જ હોવા જોઈએ. તે માટે અધ્યાપક વર્ગ માટેની ભલામણો આપણા સૌ માટે પ્રેરક છે.

(૧) **અધ્યાપક વર્ગનું મહત્ત્વ અને જવાબદારી :** શિક્ષક યોગ્ય અને ચારિત્ર્યવાન હોવો જોઈએ. તે જે ભણાવે છે તે વિષય પ્રતિ વિદ્યાર્થીની રુચિ જાગૃત કરે. એવી રીતે ભણાવે જેથી વિદ્યાર્થીઓમાં શોધ, વિવેચન અને પક્ષપાત રહિત નિર્ણયની ટેવ પડે.

(૨) **સારા શિક્ષકના ગુણ :** શિક્ષક પોતાના વિષયનો સ્વામી, નવીનતમ પરિવર્તનનો માહિતગાર, પોતાના કર્તવ્ય પ્રતિ જાગ્રત હોવો જોઈએ.
- સમાજને અનુકૂળ પરંપરાઓ અને આદર્શોનો વાહક હોવો જોઈએ.
- કાર્યનું જ્ઞાન અને નવા જ્ઞાન માટે તત્પર હોય.
- વિદ્યાર્થીઓ પ્રતિ પ્રેમ રાખનારો હોય.

(૩) **શિક્ષકોની અસંતોષજનક સ્થિતિ :**
- શિક્ષકોને પોતાના વિષયનું પૂર્ણજ્ઞાન નથી.
- શિક્ષણકાર્ય પ્રતિ ઉપેક્ષા.
- ઓછું પગારધોરણ. (હવે તો ધોરણો ઘણાં સુધર્યાં છે.)

(૪) શિક્ષકોની સ્થિતિમાં સુધારણા :
- અધ્યાપક ૬૦ વર્ષ સુધી કાર્ય કરે. જ્યારે પ્રાધ્યાપક સારું સ્વાસ્થ્ય હોય તો ૬૪ વર્ષની ઉંમર સુધી કામ કરે.
- અધ્યાપકોને અભ્યાસ માટે એકસાથે એક વર્ષ અને સંપૂર્ણ નોકરી દરમિયાન ૩ વર્ષની રજા અપાય. રજા અર્ધપગારી અપાય.
- ટ્યુટોરિયલ સહિત તેમને સપ્તાહનું ૧૮ કલાકનું કાર્ય સોંપાય.
- તેમની યોગ્યતાને આધારે ઉચ્ચ પદ અપાય.
- તેમની નિયુક્તિ યોગ્યતાના આધારે અપાય. પંચે શિક્ષકોનું વર્ગીકરણ અને પગારધોરણ સૂચવેલ તેનાં કરતાં વર્તમાનમાં અનેકઘણાં પગારધોરણ છે. તેથી તેની ચર્ચા અસ્થાને છે.

**અન્ય ભલામણો જોઈએ.**

- અધ્યાપકના મહત્ત્વ અને જવાબદારીને માન્યતા અપાય.

- ધનના અભાવથી ઉત્પન્ન થતી અનૈતિકતા દૂર કરાય.
- પ્રત્યેક વિશ્વવિદ્યાલયમાં સંશોધક સહાયક રાખવા.
- જુનિયર લેક્ચરર અને સિનિયર લેક્ચરર ૨:૧ મુજબ રાખવા.

આ પંચે તે સમયે શિક્ષણ-પરીક્ષણ અને પ્રાયોગિક કાર્યનું ધોરણ નીચું ગયું છે તેવું નોંધ્યું છે. તે માટેની ભલામણો પણ કરી છે.

સોળ-સત્તર વર્ષ બાદ આપણા દેશમાં રાષ્ટ્રીય **શિક્ષણપંચ-કોઠારી કમિશન** (૧૯૬૪-'૬૬) નિમાયું. જેણે સમગ્ર શિક્ષણ અંગેની ભલામણો કરી.

કોઠારી પંચે અધ્યાપકોની પ્રતિષ્ઠા માટે સુંદર ભલામણો કરી છે. ''રાષ્ટ્રીય વિકાસમાં શિક્ષણને સમર્થ બનાવવા અને શિક્ષણની ગુણવત્તાનું ધોરણ ઊંચું લાવવાની પૂર્વશરત છે અધ્યાપકની પ્રતિષ્ઠા. આ વ્યવસાયમાં પ્રતિભાસંપન્ન અને મેધાવી સ્ત્રી-પુરુષોની નિયુક્તિ, તેઓ માટે સર્વોત્તમ વ્યાવસાયિક સાધનોની ઉપલબ્ધિ તેમજ પ્રભાવપૂર્ણ ઢંગથી કામ કરવા સંતોષપ્રદ વાતાવરણ તૈયાર કરવા જેવી મહત્ત્વપૂર્ણ વાત બીજી કોઈ ન હોઈ શકે. બીજા શબ્દોમાં કહીએ તો શિક્ષકની આર્થિક, સામાજિક તેમ જ વ્યાવસાયિક પ્રતિષ્ઠા વિના કોઈપણ શિક્ષણ પ્રણાલી ભલે ઉત્તમ હોય, નિષ્ફળ જશે.'' ટૂંકમાં પંચે શિક્ષકો માટે ઉત્તમ દિશાસૂચન કર્યું છે.

**શિક્ષકની ભૂમિકા :**

આચાર્ય રજનીશજી 'જીવંત શિક્ષકોની શોધ'માં કેટલીક સરસ વાતો કરે છે. તેઓ કહે છે કે : 'આધુનિક શિક્ષકો વિશે કહેવું જરાક મુશ્કેલ છે-એટલા માટે કહેવું કઠિન છે કે આજ પહેલાં ક્યારેય દુનિયામાં શિક્ષક હતા જ નહીં. શિક્ષકનું હોવું જ આધુનિક છે. શિક્ષકનો ધંધો આધુનિક ઘટના છે. તે પહેલાં ક્યારેય ન હતી. ગુરુ હતા, જે શિક્ષકથી ઘણા જ જુદા હતા. શિક્ષણ તેમનો ધંધો ન હતો, તેમનો આનંદ હતો. શિક્ષણ પહેલી વખત ધંધો બન્યું છે. જે દિવસે શિક્ષણ ધંધો બની ગયું તે દિવસ શિક્ષક ગુરુ બનવાની હેસિયત ખોઈ બેઠો. તે દિવસે તે ગુરુ નથી રહેતો, નોકર બની જાય છે ધંધાદારી બની જાય છે.'

આધુનિક શિક્ષણ આધુનિક ઘટના છે. પહેલાંના વખતમાં લોકો હતા તેઓ ધંધાની જેમ સંબંધિત ન હતા. હકીકતમાં ક્યારેય વિચાર્યું જ ન હતું કે શિક્ષણ પણ ક્યારેક ધંધો બની જશે. પણ હવે બની ગયું છે. પરિણામ એ આવ્યું છે કે શિક્ષણ સંસ્થાઓ ફેક્ટરીઓ અને કારખાનાંઓથી વિશેષ નથી. કારખાનામાં વસ્તુ બનાવવામાં આવે છે. વિશ્વવિદ્યાલયોમાં માણસને ઢાળવામાં આવે છે, તેટલો જ ફરક છે. પરંતુ માણસ પણ એ રીતે બનાવવામાં આવે છે. જેમ મશીનો બનાવવાનાં છે. શિક્ષકો ગુરુ નથી, પરંતુ શિક્ષકના મનમાં હજુ પણ ગુરુ હોવાનો ભ્રમ છે. તેથી શિક્ષકને ઘણું કષ્ટ પણ છે, અને તેની પીડા પણ છે. તે આદર એટલો ઇચ્છે છે જેટલો ગુરુને મળે છે. સન્માન એટલું જ ઇચ્છે છે, જેટલું ગુરુને મળે છે. શિક્ષકને આદર મળતો નથી.

શિક્ષક શું કામ કરે છે ? એ જે પ્રોડક્શન કરે છે તેમાં મોટા પાયે માણસોનાં બીબાં બનાવવાની કોશિશ ચાલી રહી છે, જે મોટાં-મોટાં કારખાનાં છે, પ્રાયમરી સ્કૂલથી યુનિવર્સિટી સુધીનાં. તે બધાં જ કારખાનાંઓમાં માણસનાં બીબાં બનાવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. શિક્ષક તેમાં નોકર છે, તે જે કામ કરી રહ્યો છે તે કામ કોઈ વ્યક્તિના આત્માને જગાડી ન શકે. ગુરુ એ છે જે કોઈના પણ આત્માને જગાડી દે, કોઈ પણ વ્યક્તિને ગરિમા દે, તેનું બંધ ફૂલ ખીલી જાય. શિક્ષક એ છે જે જૂની પેઢીએ સર્જેલી સૂચનાઓ, નવી પેઢી સુધી પહોંચાડવાનું વાહનનું કામ કરે અને વિદાય થઈ જાય. શિક્ષક ફક્ત જૂની પેઢીએ જે જ્ઞાન મેળવ્યું છે તે નવી પેઢી સુધી પહોંચાડવાનું કામ કરે છે, એથી વધુ નહીં. તે મધ્યસ્થી છે.

અને ત્યાં પણ એક ક્રાન્તિકારી ઘટના બની ગઈ છે. જીસસના મર્યા પછી લગભગ સાડા અઢારસો વરસમાં જે મનુષ્ય જાતિનું જ્ઞાન વધ્યું હતું, હવે તે જ્ઞાન છેલ્લાં દોઢસો વરસમાં વધ્યું છે અને છેલ્લાં દોઢસો વર્ષમાં જે જ્ઞાન વધ્યું હતું તે જ્ઞાન છેલ્લાં પંદર વરસમાં વધી ગયું છે. પંદર વર્ષમાં એટલું જ્ઞાન વધી ગયું છે કે, જે જ્ઞાનને વધતાં સાડા અઢારસો વરસ થયાં હતાં. અને

તેનું એક ગહન પરિણામ આવવું સ્વાભાવિક છે તે પરિણામ એ છે કે પહેલાં પિતા હંમેશાં પુત્રથી વધુ જાણતો હતો, ગુરુ હંમેશાં શિષ્યથી વધુ જાણતો હતો. આજે એવું જરૂરી નથી. આજે સંભાવના એકદમ બદલાઈ ગઈ છે, કારણ કે વીસ વર્ષમાં એક પેઢી બદલાય છે, વીસ વર્ષમાં નવા જ્ઞાનનો એટલો વિસ્ફોટ થાય છે કે વીસ વર્ષ પહેલાં જે શિક્ષિત થયા હતા, તે પોતાના વિદ્યાર્થીથી પાછળ રહી જાય છે.

આજે જે શિક્ષક અને વિદ્યાર્થીમાં ફરક પડે છે, તેના કરતાં પહેલાં ફરક પડતો તે ઘણો જ પડતો, કારણ કે બધું જ જ્ઞાન અનુભવથી ઉપલબ્ધ હતું. અને જ્ઞાન સ્થિર હતું. હજારો વર્ષ સુધી તેમાં કોઈ બદલાવ ન હતો, તેથી શિક્ષક એકદમ આશ્વસ્ત હતો. તે જરા પણ ભયભીત ન હતો, તે જે કહેતો તે એકદમ મજબૂરીથી તેને જાણતો હતો. કાલે પણ બરાબર હતું, કાલ પણ એમ જ રહેશે. હજારો વર્ષથી વાત યોગ્ય જ હતી. તેની જગ્યાએ થંભેલી હતી.

છેલ્લાં સો વર્ષમાં બધું જ અસ્ત-વ્યસ્ત થઈ ગયું છે. શિક્ષકનું તે આશ્વસ્ત રૂપ પણ વિદાય થઈ જશે, થઈ ગયું છે. આજે તે ભાર દઈને નથી કહી શકતો કે તે જે કહી રહ્યો છે તે યોગ્ય જ છે, કારણ કે મોટો ડર તો એ છે કે પંદર વર્ષ પહેલાં તે વિશ્વવિદ્યાલયમાંથી પાસ થઈને નીકળ્યો હતો, ત્યારે તેને જ્ઞાની સમજવામાં આવતો હતો. પંદર વર્ષમાં તે બધું જ આઉટ ઑફ ડેટ થઈ ગયું. તે સમય બહાર જતું રહ્યું. તેમાંથી હવે કાંઈ પણ જ્ઞાન નથી. આજે શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચે ઘણી વાર એક કલાકનું અંતર હોય છે. શિક્ષક એક જ કલાક પહેલાં તૈયાર કરીને આવે છે અને એક કલાકમાં વિદ્યાર્થી પણ એટલી જ વાત જાણી લે છે. જ્યારે આટલું જ અંતર હોય ત્યારે તે આદરણીય ન ગણાય. આદર અંતરથી ઉદ્‌ભવે છે. સન્માન દૂરથી પેદા થાય છે. કોઈ શિખર ઉપર ઊભું હોય અને આપણે જમીન ઉપર ઊભા હોઈએ ત્યારે સન્માન જન્મે છે. આજે ઉંમર સાથે જ્ઞાનને કોઈ સંબંધ નથી રહ્યો. સંભાવના તો એ છે કે પિતા કરતાં પુત્ર વધુ જાણી લે છે. કારણ કે પિતાનું જાણવું થંભી ગયું છે અને પુત્ર હજુ પણ જાણતો હશે. (સિદ્ધાર્થની જેમ) પિતાએ જે જાણ્યું હતું તે બધું જ હવે બદલાઈ ગયું છે.

આધુનિક શિક્ષકે ખૂબ જ વિનમ્ર બનવું પડશે. શિક્ષકની વિનમ્રતા ક્યારેય ગુણ ન હતી, વિદ્યાર્થીને વિનમ્ર બનાવવા શિક્ષક મથતો. શિક્ષક અક્કડ હતો, તેણે હવે વિનમ્ર બનવું પડશે જ. આ હાલત શિક્ષક માટે મુશ્કેલ છે. પરંતુ આખી દુનિયામાં બગાવત છે વિદ્યાર્થીઓની કે તેઓ શિક્ષકની અવિનમ્રતાથી ખિલાફ છે કે જે હજારો પેઢીથી તેમની આદત છે, તેની વિરુદ્ધ છે. હવે વિદ્યાર્થી કેન્દ્રમાં રહેશે અને શિક્ષક પરિઘ પર. આ વાત શિક્ષકે સમજીને આચરવી પડશે.

રૂસના વર્ગનો દૃષ્ટાંત જોતાં આપણને એ ન જ સમજાય. પણ શિક્ષકે આદરનો ખ્યાલ છોડી પ્રેમના ખ્યાલ પર આવવું પડશે. પ્રેમ આદરથી મૂલ્યવાન છે. કારણ કે પ્રેમમાં આદર તો સમાવિષ્ટ જ છે, પરંતુ આદરમાં જરૂરી પ્રેમ સમાવિષ્ટ નથી હોતો. પ્રેમનું મોટું મૂલ્ય છે, આદરનું એટલું નથી.

પહેલાં વૃદ્ધો શીખવતા હતા અને બાળકો શીખતા હતા. આજે સ્થિતિ એકદમ બદલાઈ ગઈ છે. આજે યુવક જ શીખવી રહ્યા છે, અને યુવક જ શીખી રહ્યા છે. આ સ્થિતિ એકદમ ભિન્ન છે અને નવી છે. પહેલાં બાળકો વૃદ્ધોને જે આદર દતા તેવો આદર યુવક જ યુવકનો કરે તે અસંભવ છે.

જે વિચાર કરી શકે છે તે આંધળી શ્રદ્ધા દેવામાં અસમર્થ થઈ જાય છે. જૂનું બધું જ શિક્ષણ અંધવિશ્વાસ અને અંધશ્રદ્ધા પર નિર્ભર હતું. વિચાર કરવાની પ્રેરણા દેવામાં આવતી નહીં, વિચારને રોકવાની કોશિશ કરવામાં આવતી. વિચાર ખૂબ જ વિદ્રોહી છે, વિચાર હંમેશાં વિદ્રોહી છે, વિચારનો અર્થ જ વિદ્રોહ છે, કારણ કે વિચાર હંમેશાં ઇન્કાર કરવાથી શરૂ થાય છે. જે ઇન્કાર નથી કરતા, તે વિચાર જ નથી કરી શકતા. જો કે 'હા કહું તો વિચાર કરવાનો આગળ કોઈ રસ્તો નથી. જ્યારે હું કહું નહીં તો હવે આગળ બધી જ તરકીબ છે. 'નહીં' જે છે તે દ્વાર છે, કારણ કે હું જ્યારે કહું કે નહીં, તો તર્ક કરવો પડે, વિચારવું પડે, દલીલ કરવી પડે. જૂની શિક્ષણપ્રથા માત્ર 'હા' કહેવાનું શીખવતી હતી. તે યસ પેઢી પેદા કરતી હતી. હા કહેનારાઓને કારણે સમાજ બદલાયો નથી. શિક્ષણમાં પણ એવું જ છે.

પાંચ વરસના બાળકથી આપણે શીખવવાનું શરૂ

કરીએ છીએ તે પચ્ચીસ વરસ સુધી શીખવીએ છીએ. અને પચ્ચીસ વરસની વ્યક્તિ જે યુનિવર્સિટીમાંથી બહાર નીકળે છે. અને તેથી ઘણી વખત એવું બને છે કે વિશ્વવિદ્યાલય જેને ગોલ્ડમેડલ આપે છે, જિંદગી તેને માટીનો મેડલ પણ નથી દેતી. તેઓ ખોવાઈ જાય છે, તેની કંઈ ખબર પડતી નથી, કે તેઓ ક્યાં ચાલ્યા ગયા છે.

બાળકની શક્તિઓને શિક્ષકો જાણી જ શકતા નથી. થોમસ આલ્વા એડિસને જેણે એક હજાર શોધો કરી તેને તેની સ્કૂલના હેડમાસ્તરે કહ્યું હતું કે આને સ્કૂલમાંથી ઉઠાવી લો, તે કંઈ શીખી નહીં શકે. બસ કંડક્ટરે જે માણસને કહ્યું હતું કે, તને ગણિતનો એકડો પણ આવડતો નથી, તે જ વ્યક્તિ આલ્બર્ટ આઇન્સ્ટાઈન વિશ્વનો સહુથી મોટો ગણિતજ્ઞ બન્યો.

આપણી શાળા-કૉલેજોની પરીક્ષાઓમાં સ્મૃતિ સિવાય બીજું કંઈ તપાસતા નથી. અને સ્મૃતિનું સમું હોવું તે બુદ્ધિ સારી હોવાનું જરૂરી લક્ષણ નથી. ઘણી વખત ઊંધું હોય છે. લગભગ ઘણી જ સારી યાદ શક્તિવાળા લોકો ઘણી જ ગહન બુદ્ધિમત્તા ધરાવતા લોકો નથી હોતા. કારણ કે યાદશક્તિ એકદમ મિકેનિકલ છે, યાંત્રિક છે. વૃદ્ધિ બીજી જ વાત છે. સ્મૃતિ ભૂતકાળ સાથે સંબંધિત છે જ્યારે બુદ્ધિ ભવિષ્ય સાથે. સ્મૃતિ જ્ઞાત સાથે સંકળાયેલી છે, જ્યારે બુદ્ધિ અજ્ઞાત સાથે, પહેલાં શિક્ષકો જવાબ આપી દેતા. હવેના શિક્ષકનું કામ છે કે તે પ્રશ્નો શીખવી દે, કે એના જવાબો શોધવા પડે કે જેના ઉત્તર નથી. મરેલા જવાબ નથી જોઈતા. જીવંત પ્રશ્ન જોઈએ કેમ ? જેથી આપણે જવાબની શોધ કરી શકીએ. જ્યારે કોઈ વ્યક્તિ પ્રશ્નો લઈને જવાબની શોધમાં નીકળી જાય છે, તો તેનું જીવન એક યાત્રા બની જાય છે. નવો શિક્ષક નવી પેઢીઓના જીવનની શોધનું, જિજ્ઞાસાની યાત્રા પર નીકળવાનું એક માધ્યમ બનવો જોઈએ.

આઇન્સ્ટાઈનની પત્ની કવિ હતી પણ આઇન્સ્ટાઈન ગણિતજ્ઞ હતા. એટલે એ બે વચ્ચે કોમ્યુનિકેશન સંભવ્યું જ નહીં. રવીન્દ્રનાથને કાવ્યનો શોખ હતો અને તેમના ઉપર ગણિત-ભૂગોળ-ઇતિહાસ થોપવામાં આવતા હતા. પરિણામે તે મૅટ્રિક પાસ ન થઈ શક્યા. મૅટ્રિક થયા હોત તો વિશ્વને રવીન્દ્રનાથ ન મળત. આપણે હરેક વ્યક્તિના વ્યક્તિત્વને ધ્યાનમાં રાખીને શિક્ષણ આપવું પડશે.

ડી. એચ. લોરેન્સ કહેતો કે સો વર્ષ સુધી બધી કૉલેજો, બધી જ યુનિવર્સિટીઓ બંધ કરી દો, જો માણસને બચાવવો હોય તો. તેની આ વાત કોઈ સમજ્યા નહીં, પણ આજે એ વાત સાચી લાગે છે. આવી જ વાત ઇવાન ઇલિચે 'ડિસ્કૂલિંગ સોસાયટી' દ્વારા કહી તો એવરન્ટ રેમરે 'સ્કૂલ ઇઝ ડેડ' કહીને કરી છે. કેટલાકે તો શાળા કૉલેજોને કતલખાનાં કહ્યાં છે. આ બધામાંથી શિક્ષક જ શિક્ષણને ઉગારી શકશે.

આજે મનુષ્ય જેમ વધુ જાણે છે તેમ પાગલ થતો જાય છે. આત્મહત્યા કરતો થઈ જાય છે. કેટલાકને ઊંઘ જ નથી આવતી. આ બધી માનસિક અશાંતિ શિક્ષણ વધવાને કારણે છે. કહેવાય છે કે અમેરિકામાં પંદરથી ત્રીસ લાખ લોકો માનસિક અશાંતિથી પીડાય છે. અમેરિકામાં લગભગ ત્રીસ લાખ છોકરાઓ હિપ્પી છે. હિપ્પી એટલે સંપૂર્ણ સ્વચ્છંદ છોકરા-છોકરીઓનું જૂથ.

આધુનિક શિક્ષકની સામે સવાલ છે કે તે વ્યક્તિની અંદર બેચેની અને અશાંતિ-તનાવની દુનિયા ઊભી ન કરે. પણ વ્યક્તિની અંદર શાંતિ, એક આનંદ અને એક પ્રકારનું ફૂલ ખીલવવામાં પણ સહયોગી બને. પણ એ ત્યારે બને કે જ્યારે ગુલાબનું ફૂલ પૂરેપૂરું ખીલી ઊઠે. માનવમાં પણ પૂર્ણ ફૂલ ખીલે છે ત્યારે કોઈ કૃષ્ણ, કોઈ રામ, કોઈ બુદ્ધ કે કોઈ ક્રાઇસ્ટ પ્રાપ્ત થાય છે. શિક્ષણ સંસ્થાઓએ દરેક વિદ્યાર્થીને આત્મશોધની સ્થિતિમાં મૂકવો જોઈએ.

આચાર્ય રજનીશે કહ્યું છે કે, હવે શિક્ષણમાં ક્રાન્તિ થાય તો કદાચ શિક્ષણ બચી જાય. આજે જૂના શિક્ષક ખોવાઈ ગયા છે, અને નવા પેદા થતા નથી અને વચ્ચેનાની બેચેની છે. તે વચ્ચેની બેચેનીમાં શિક્ષક અટવાયો છે.

છેલ્લે યજ્ઞ પ્રકાશનની એક નાનકડી પુસ્તિકા 'શિક્ષણમાં ક્રાન્તિ' છે. તે સૌને વાંચવા વિનંતી કરું છું. તેમાં નારાયણ દેસાઈએ મૂકેલી વાત મૂક્યા વગર રહી શકતો નથી.

## બોરડમ

અમદાવાદની વિજ્ઞાન કૉલેજનું છાત્રાલય. સાંજના સમયે પંદર-વીસ વિદ્યાર્થીઓ વચ્ચે બેસીને વાતચીત ચાલતી હતી. થયેલી વાતોને આ શીર્ષક હેઠળ મૂકું છું.

શું શીખો છો ?
'બોર' કરે તેવું બધું
કોણ શીખવે છે ?
'બોર' કરનારા લોકો
વર્ગ બહાર તેમને ક્યારેય મળો છો ?
શું કામ મળીએ, 'બોર' થવા ?
હૉસ્ટેલની શી પ્રવૃત્તિ ચાલે છે ?
કંઈ નહીં
રમતગમત પ્રાર્થના નહીં ?
ના.
રજાના દિવસો શી રીતે વિતાવો છો ?
ઘરે જઈન સૂઈ રહીએ છીએ.
જીવનમાં શું કરવાનો શોખ છે ?
કંઈ વિચાર્યું નથી.
જિંદગીમાં રસ તો હશે ?
'બોર' થઈ ગયા છીએ.
પહેલાં 'બોરડમ'.
પછી 'ફ્રસ્ટેશન'-વૈફલ્ય વૃત્તિ.
ત્યારબાદ 'સિનિસિઝમ'.

આમ શિક્ષણમાં સર્જનાત્મક મન, ઉત્પાદક હાથ, આનંદિત હૃદય હોય તો જ સાચું શિક્ષણ પ્રાપ્ત થાય.

(૮, ગાયત્રી સોસાયટી, જિનતાન રોડ,
સુરેન્દ્રનગર-૨ મો. ૯૮૨૫૦૮૨૭૩૮)

### સંદર્ભ પુસ્તકો

૧. જીવંત શિક્ષકોની શોધ : ઓશો, અનુ. એન. જી. વખારિયા, સમર્પણ ટ્રસ્ટ, ૨૧, સંસ્કાર સોસાયટી, કવિ ટાગોર માર્ગ, સુરેન્દ્રનગર
૨. શિક્ષણમાં ક્રાન્તિ સં. મહેન્દ્ર ભટ્ટ, યજ્ઞ પ્રકાશન : ભૂમિપુત્ર, હુઝરાત પાગા, વડોદરા-૧, ઑગસ્ટ-૧૯૭૨
૩. શિક્ષક ગીતા, પ્રવીણભાઈ ઉપાધ્યાય, પ્રકાશક : મેઘાણી સાહિત્યસભા, ૮, સૂર્યકિરણ સોસાયટી, હેડવોટર વર્કસની સામે, વરાછા રોડ, સુરત
૪. ભારતીય શિક્ષણનો ઇતિહાસ : એક ઝલક : મોતીભાઈ મ. પટેલ, બી.એસ. શાહ પ્રકાશન, અમદાવાદ
૫. ઉચ્ચ શિક્ષણ : પ્રવાહો અને પ્રશ્નો : સં. બળવંત જાની, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર.આ. ૨૦૦૬
૬. શિક્ષણ : અપેક્ષાઓ અન ઉપલબ્ધિ. સં. બળવંત જાની, પ્રવીણ પુસ્તક ભંડાર-રાજકોટ, પ્ર.આ. ૨૦૦૬
૭. શિક્ષણના સિતારા, ઈશ્વર પરમાર, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર.આ. ૧૯૯૭
૮. શિક્ષણના સામ્પ્રત પ્રવાહો અને શિક્ષણની અસ્મિતા : મોતીભાઈ મ. પટેલ, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૫
૯. યાત્રા : રામથી શ્યામ તરફ : સં. મોહન દાંડીકર, પ્રતાપભાઈ ત્રિવેદી, પ્રવીણ પુસ્તક ભંડાર, રાજકોટ, પ્ર.આ. ૨૦૦૨
૧૦. શિક્ષકની ડાયરી, હર્ષદ પંડ્યા, ડિવાઈન પબ્લિકેશન, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૯
૧૧. વાંસલડી ડૉટકોમ, કૃષ્ણ દવે, પ્ર. કિરીટ દવે, માધુકરી ફર્નિચર, અમદાવાદ, પ્ર.આ. ૨૦૦૫
૧૨. શ્રેષ્ઠ શિક્ષક કેવી રીતે થવાય ? કુમુદ વર્મા, આર.આર. શેઠની કંપની, પ્ર.આ. ૨૦૦૬
૧૩. કેળવણીનો ક. ડૉ. ઇન્તેખાબ અનસારી, પ્રકાશક પોતે-નવસારી, પ્ર.આ. ૨૦૦૮
૧૪. ત્રીજું મોજું, એલ્વિન ટોફલર, અનુ. કાન્તિ શાહ, યજ્ઞ પ્રકાશન-વડોદરા, ચોથી આ. ૨૦૦૯
૧૫. ભારતીય ચિન્તકોનું શિક્ષણ ચિન્તન, શાસ્ત્રી જયેન્દ્ર દવે, યુનિ. ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, બી. આ. ૨૦૦૪

### "એ તો મારો ભાઈ છે !"

ડુંગરનું ચઢાણ આકરું હતું. યાત્રાળુ સૌનાં મોં પર થાકનાં ચિહ્ન દેખાતાં હતાં. સૌ બોજારહિત થઈ ચાલતાં હતાં, છતાં હાંફતાં હતાં. બધાંની સાથે બારેક વરસની એક છોકરી પણ ચડતી હતી. કેડે ચારેક વરસનો છોકરો તેડ્યો હતો. કોઈને દયા આવી, પૂછ્યું, "અલી છોડી, આ છોકરાને ઊંચકીને ચડે છે, તે તને ભાર નથી લાગતો ?"

છોકરીએ જવાબ આપ્યો, "ભાર ? – ના રે, એ તો મારો ભાઈ છે !"

સનતકુમાર ભટ્ટ

# માણસાઈનો વેપાર

પ્રિ. કેશુભાઈ પટેલ

ક્યારેક આપણા જીવનમાં બનેલો નજીવો પ્રસંગ પણ યાદગાર ઘટના બની જાય છે. તમે અચાનક કશી મુસીબતમાં મુકાઓ. ક્યાંયથી મદદ મળે તેવી શક્યતા ન હોય અને હતાશ થયા હો તેવી પળે કોઈ ઓલિયો સહસા તમારી પાસે આવી જરૂરી મદદ કરી ચાલતો થાય. ન કશી ઓળખાણ કે પિછાણ કે પરોપકારની વૃત્તિ. ને તમે વિસ્મયપૂર્વક એને જતો જોઈ રહો એ દૃશ્ય તમે શી રીતે ભૂલી શકો ?

આજથી સાઠેક વર્ષ પહેલાં મારા જીવનમાં પણ એક નાનકડી ઘટના બનેલી, જેને યાદ કરતાં મારું અંતર પ્રસન્નતાની સુગંધથી તરબતર થાય છે. હું અહીં એની વાત કરવાનો છું.

મારા ગામ બ્રાહ્મણવાડા (જૂનું બરોડા સ્ટેટ)ની વખણાયેલી પ્રાથમિક શાળામાં અભ્યાસ પૂરો કરી અમે અંગ્રેજી ભણવા માટે સિદ્ધપુર જતા. ત્રણેક ગાઉં ચાલવાનું કાઠું પડતું. દેશની આઝાદીની લડતનાં એ વર્ષો હતાં. દેશપ્રેમની સાથે સાથે મહાત્મા ગાંધી પ્રેરિત રચનાત્મક કાર્યો પણ અમે આવડે તેવાં કરતા. આમાં અમે પંદરેક મિત્રો જે અંગ્રેજી ભણતા તે સૌએ ગામમાં જ અંગ્રેજી શાળાની સ્થાપના કરવા પ્રયત્નો શરૂ કર્યા. ઈ.સ. ૧૯૪૨થી ગામમાં વર્ષમાં એક વાર અમે સંસ્કાર કાર્યક્રમ કરતા. જે ગામલોકો ઊલટભેર માણતા. એક બે વાર શાળા માટે ફંડફાળો કરવાના ઉધામા કર્યા, એ છેવટે ઈ.સ. ૧૯૪૯-૫૦માં સફળ થયા. અમને ગામના પ્રતિભાશાળી એન્જિનિયર મોહનકાકાનું નેતૃત્વ મળ્યું અને એ વર્ષે એક ઓલિયા માણસે લખણીની શરૂઆતમાં જ રૂપિયા સાડા ત્રણ હજારની દેણગી કરી. જોતજોતામાં ગામમાંથી પચાસ હજાર રૂપિયા જેટલો ફંડફાળો થયો. પછી તો ખુશાલદાસ મામલતદાર જેવા પ્રતિષ્ઠિત સજ્જનોના પ્રયાસથી બ્રાહ્મણવાડાને કેન્દ્રમાં રાખીને આજુબાજુનાં પાંચ-સાત ગામની જૂથશાળા કામલી સ્ટેશન પર શરૂ કરવાનું ઠરાવી મંડળની શરૂઆત થઈ. ઈ.સ. ૧૯૫૩માં રંગેચંગે શાળાની શરૂઆત થઈ. છએક મિત્રો સમર્પિત ભાવથી શાળામાં શિક્ષક તરીકે જોડાયા. આમ ઉત્તર ગુજરાતના ગ્રામવિસ્તારમાં સેકન્ડરી એજ્યુકેશન વિસ્તારવાનું શ્રેય-સ્વપ્નું ફળ્યું. કેવા હતા એ સોનેરી દિવસો ! માત્ર ઉત્તમ શાળા બનાવવાની ખેવના સાથે અમે એક એક પળ - પળેપળનો હિસાબ આપતા. અમે શાળાને ઘડતા, શાળા અમને ઘડતી ! દિલ દઈને ભણાવીએ, રાત્રિ છાત્રાલય ચલાવીએ ઉપરાંત ફંડફાળો ઉઘરાવવા રાત્રે નીકળીએ. વિદ્યાર્થીઓ પણ ઉત્સાહી અને આજ્ઞાંકિત. શાળાના મકાનના પાયાથી ધાબા સુધી બધાં કામોમાં અમે ગુરુ-શિષ્યો સાથે મળીને કરતા.

પછી તો કૉલેજના પ્રિન્સિપાલ પદે પહોંચ્યો પણ આજેય પાછળ જોઉં છું ત્યારે શાળાના શિક્ષક તરીકેનાં એ પાંચ વર્ષ મારા જીવનનો ઉત્તમ સમય હતો એમ લાગે છે. અમે પટાવાળાથી પ્રમુખ સુધીની કામગીરી હસતાં રમતાં સાથે રહી કરતા. આચાર્યપદની રીતે ખરા, પણ કશો ભેદભાવ નહીં. નહિ હોંસા-તુસી, નહીં ખેંચતાણ-સ્પર્ધા શાળા માટે સારામાં સારું કર્તવ્ય કરી છૂટવાની. બધા જિગરી મિત્રો હતા. એ રીતે વર્તીએ-જીવીએ. વ્યક્તિગત હરખ-આનંદ સૌની સાથે વહેંચ્યા વગર મઝા શી આવે ? શિક્ષક તરીકે અમારું જીવતર ખુલ્લી કિતાબ જેવું. વળી બધા જ પોતાના વિષયના ખાં ! આટલી પ્રવૃત્તિઓ વચ્ચેય અમારો વાચનયજ્ઞ તો નિરંતર ચાલ્યા કરે. સાથે ગામવિકાસની અનેક પ્રવૃત્તિઓ પણ ખરી.

અમે અમારા પદના કામે બહાર ગામ જતા હોઈએ તોપણ શાળાનું કોઈ કામ હોય તો કરતા આવીએ. એકવાર હું અને મારા મિત્ર બાબુભાઈ અમારાં અંગત કામ સારુ અમદાવાદ જતા હતા. શાળામાં કાંતણ

માટેની પૂણીઓ ખૂટેલી એ કામ અમારે પતાવવાનું હતું. અંગત કામો પતાવી ઘી કાંટા પાસેના ગાંધીહાટમાંથી અમે ૮૦ જેટલાં પૂણીઓનાં બંડલો લીધાં. હાટવાળાએ ૪૦-૪૦ પૂણીનાં બંડલોનાં ઢાલ જેવાં ગોળ પોટકાં કરી સૂતળીથી બાંધ્યાં. અમે આજીજીપૂર્વક વિનંતી કરી કે અમારે સો માઈલ દૂર ગામડે આ પોટકાં લઈ જવાનાં છે અને રસ્તામાં સૂતળી તૂટી જશે તો ખૂબ ઉપાધિ થશે. એણે દરકાર ન કરી. બાબુભાઈ ભારત પ્રકાશનમાં પુસ્તકોનું કામ પતાવી રિલીફ રોડ કૃષ્ણ ટોકીઝ પાસે આવે અને હું સીધો રતનપોળ થઈ એમને મળું એવી ગોઠવણ કરી. પાંચેક વાગ્યા હશે, બગલમાં પર્સ અને બે હાથમાં પૂણીઓનાં ફીંડલાં. રતનપોળ માણસોની ભીડથી ઊભરાતી હતી. એ વખતે કાપડ ખરીદવાનું એક માત્ર સ્થળ એટલે રતનપોળ. ભીડ હૈયું દળાય એવી. પૂણીઓનાં બે બંડલ સાથે રતનપોળ ઓળંગવામાં પૂરું જોખમ. એની દહેશત તો મને આવી ગઈ. પણ હવે છૂટકો ન હતો.


હું લોકોથી અછૂતની જેમ આઘો રહી ધીમે ધીમે ચાલતો હતો. થોડેક પહોંચ્યો અને પાછળથી એક ધક્કો પૂણીના બંડલને વાગ્યો. મારો હાથ ફંગોળાયો ને સાથે પૂણીઓ રસ્તા પર વેરણ-છેરણ. જેમ ઊંદરિયું ખોલતાં તેમાં રહેલા ઉંદરો ભાગે એમ લોકોના પગોમાં ધવરાતાં-અથડાતાં પૂણીઓનાં ગોળ બંડલો ચારે બાજુ દડવા માંડ્યાં. આ બંડલોને એકઠાં કરવાની મારી પાસે ન'તી કોઈ હિકમત કે હિંમત. હું આભો થઈ આ દશ્ય અને મારી ફજેતી જોઈ રહ્યો ! કોઈને મારી સામે તાકવાનીયે ફુરસદ ન હતી. ત્યાં સામેની દુકાનમાં આ તાસિરો જોઈ રહેલો એક યુવાન છોકરો. જે મારા માટે દેવદૂત સમો હતો - દોડતો આવ્યો. એણે ધોતિયું પહેરેલું. એના ખોયામાં ઝડપથી બંડલો એકઠાં કરવા માંડ્યો અને મને દુકાન સુધી પહોંચવા ઇશારાથી સમજાવ્યું. બે વખત ગાંસડી બંધાય એટલી પૂણીઓ લાવીને એણે દુકાનમાં ઢગલો કર્યો. વળી મને પાણી આપ્યું. પાણી પીધું ને મારો ગભરાટ શમ્યો. મારામાં હોશ આવ્યા. એણે ચાની ઓફર કરી. આ ઘટનામાં હું એટલો હડબડાયેલો કે ચાનો નકાર ન કર્યો. આમેય રતનપોળની અફલાતૂન કડક ચાનો મને અનુભવ ખરો. હવે ચા પીધા પછી હું સ્ફૂર્તિમાં આવ્યો. એણે નાયલોનની ખાસી દોરી કાઢી બંને બંડલોને પૂરી ચોક્સાઈથી સજ્જડ બાંધી આપ્યાં. એ યુવાને કહ્યું : ''સાહેબ, શિક્ષક લાગો છો. અમે થરાદના. મારા બાપાયે શિક્ષક હતા અને ખાદી પહેરતા. આજે ખાદી અને ખાદીના હાટ નકલી થઈ ગયા છે.'' મારામાં એણે પોતાના બાપનાં દર્શન કર્યાં.

હું હવે બંડલો લઈ સલામતીની પરવા વગર ટહેલતો ટહેલતો નીકળ્યો. મનમાં વિચાર વલોણું ચાલું થયું. આ રતનપોળના કાપડના વેપારીઓ વિશે આપણા કેવા ખ્યાલો ? ! ભલભલા ગ્રાહકને શીશામાં ઉતારી દે. ધંધામાં ભાઈબંધી નહિ. એક નંબરના ગઠિયા જેવા. હા ના કરતાં તકલાદી માલ વળગાડે અને ડબલ પૈસા ખંખેરી લે. ભારે ચકોર. માણસને છેતરવાની બધી આવડતો એમની પાસે, એવું આપણે માનીએ. પણ આજે મને રતનપોળમાં થરાદના યુવાન વેપારીનો જે અનુભવ થયો એને શું કહીશું ? આમ તો બહુ નાનું કામ હતું પણ કશા આમંત્રણ કે પેલા હાટવાળા ભાઈને કરેલી એવી આજીજી વગર આ માણસ ધંધો મૂકી દોડતો વહારે આવ્યો. અણીને સમયે એણે મારી મૂંઝવણ અને ફજેતીમાંથી મને બચાવ્યો. કશાય સ્વાર્થ વગર સુંદર બંડલો બાંધી આપ્યાં એટલું જ નહિ મને અતિથિ તરીકે ચા પાઈ. આજે જ્યારે જ્યારે આ પ્રસંગ યાદ કરું છું ત્યારે જાણે હું એનો અહેસાનમંદ હોઉં એવો એહસાસ થાય છે. તે સાથે મનમાં મેં ગાંઠ પણ વાળી. માત્ર અભિપ્રાયો કે છાપ ઉપરથી કોઈ વ્યક્તિને નઠારો ન ગણવો. આપણે જેને પાકો વાણિયો-છેતરપિંડી કરનારો વેપારી કહીએ એનામાં પણ માણસાઈનો પાતાળકૂવો કેવો ભરપટ્ટે પડેલો હોય છે, તેની પ્રતીતિ થઈ. ઈશ્વર સદ્તત્ત્વ રૂપે આપણી આસપાસ જ વિલસતો હોય છે એ મારી શ્રદ્ધા આ વેપારીના સત્કાર્યથી દઢ થઈ. આ લુચ્ચા ગણાતા વેપારીમાંયે કેવી હતી નરવી રૂડી માણસાઈ !

(એ/૪૦, ઉત્સવ બંગલોઝ, મહેસાણા-૩૮૪૦૦૨)
મો. ૯૮૨૪૬૭૯૯૬૩

# સોનેરી ગુણોત્તર
# (The Golden Ratio)


– વિઠ્ઠલભાઈ અં. પટેલ




આકૃતિ 1

ઘણી સંખ્યાઓ આપણને આશ્ચર્યચકિત કરે છે. આમાંની એક સંખ્યા $\pi$ (પાઈ, Pi) છે જે આકૃતિ 1માં બતાવેલા વર્તુળના પરિઘ અને વ્યાસનો ગુણોત્તર છે.


$$\pi = \frac{\text{પરિઘ}}{\text{વ્યાસ}}$$



આકૃતિ 2

ભૂમિતિમાં $\pi$ ની વ્યાખ્યા આવે છે. $\pi$ બીજી પણ અણધારી જગ્યાએ દેખાડો દે છે. શક્યતાઓની ગણતરીમાં $\pi$ દેખાય છે. જાણીતા બફૂનની સોયના (Buffon's needle) દાખલામાં $\pi$ દેખાય છે. ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી જ્યૉર્જ લ્યુઇસ લેકલેર્ક, કૉમ્ટે ડી બફૂને (George – Louis Leclerc, Compte de Buffon (1707-1788)) પ્રશ્ન કર્યો અને તેનો જવાબ પણ તેમણે 1777માં આપ્યો. પ્રશ્ન : આકૃતિ-૨ માં બતાવ્યા પ્રમાણે સમાંતર લીટીઓ દોરેલો મોટો કાગળ છે. આ સમાંતર લીટીઓના વચ્ચેના અંતર જેટલી લંબાઈની સોય છે. આ સોયને આ સમાંતર લીટીઓ દોરેલા મોટા કાગળ ઉપર ફેંકવામાં આવે છે. આ સોય આકૃતિ-2માં બતાવ્યા પ્રમાણે કોઈ પણ એક જ સમાંતર રેખાને ફક્ત એક જ જગ્યાએ કાપતી પડવાની શક્યતા કેટલી ? આશ્ચર્ય થાય તેવો જવાબ છે. જવાબ $\frac{2}{\pi}$ હોઈને, એક હજાર વખત સોયને મોટા કાગળ ઉપર ફેંકીને ગણી શકાય કે આ સોય કેટલી વખત આ સમાંતર રેખાઓમાંની એક જ રેખાને એક જ જગ્યાએ કાપશે. આના બરાબર $\frac{2}{\pi}$ થાય અને આના ઉપરથી $\pi$ ની કિંમત શોધી શકાય.

આવી જ પણ ઓછી જાણીતી સંખ્યા સોનેરી ગુણોત્તર ⌀ (Phi, ફિ) છે. ઈ.સ. પૂર્વે 300માં એલિમેન્ટસ્‌ના લેખક યુક્લિડે આકૃતિ-3માં બતાવેલી સુરેખા AB ઉપર C બિંદુ શોધ્યું કે જે આકૃતિ-3માં બતાવેલી સુરેખા ABને એ રીતે છેદે કે જેથી




આકૃતિ 3

$$\frac{\text{AB (સુરેખાની લંબાઈ)}}{\text{AC (મોટા કાપેલા ભાગની લંબાઈ)}} = \frac{\text{AC (મોટા કાપેલા ભાગની લંબાઈ)}}{\text{CB (નાના કાપેલા ભાગની લંબાઈ)}}$$ થાય.

ધારો કે, $CB = 1$ અને $AC = x$ છે.

આથી $\dfrac{1 + x}{x} = \dfrac{x}{1}$

$\therefore 1 + x = x^2$

$\therefore x^2 - x - 1 = 0$. આ સમીકરણના ઉકેલો

$$\left[ x = \frac{1 + \sqrt{5}}{2} \text{ અને } x = \frac{1 - \sqrt{5}}{2} \text{ છે.} \right]$$

આ બંને ઉકેલોમાં ધન ઉકેલ $x = \dfrac{1 + \sqrt{5}}{2} = \phi$ સોનેરી ગુણોત્તર તરીકે ઓળખાય છે.

આશ્ચર્ય જેવી વસ્તુ

$$\phi = \frac{1 + \sqrt{5}}{2} = 1.6180\ 3398...$$

$$\phi^2 = \frac{(1 + \sqrt{5})^2}{4} = \frac{1 + 2\sqrt{5} + 5}{4} = \frac{3 + \sqrt{5}}{2} = 1 + \frac{1 + \sqrt{5}}{2} = 1 + \phi$$

$$= 2.6180\ 3398....$$

$$\frac{1}{\phi} = \frac{2\ (1 - \sqrt{5})}{(1 + \sqrt{5})\ (1 - \sqrt{5})} = \frac{2\ (1 - \sqrt{5})}{4} = \frac{\sqrt{5} - 1}{2} = \frac{\sqrt{5} + 1}{2} - 1 = \phi - 1$$

$$= 0.6180\ 3398....$$

$$= \phi - 1$$

તો $\phi$, $\phi^2$ અને $\dfrac{1}{\phi}$ માં દશાંશના ટપકા પછીના બધા જ આંકડાઓ સરખા છે.

કોઈ અજાણી જગ્યાએ ગયા હોઈએ અને કોઈ ઓચિંતા જૂના મિત્ર મળી જાય તેમ સોનેરી ગુણોત્તર પણ ન ધારેલી જગ્યાએ મળે છે. આપણે $\sqrt{1 + \sqrt{1 + \sqrt{1 + ......}}}$ ની કિંમત જાણવી છે.

$\sqrt{1 + \sqrt{1}} = \sqrt{2} = 1.41421$

$\sqrt{1 + \sqrt{\ \ + \sqrt{\ \ }}}$ $\quad \sqrt{1 + 1.4121...} = \sqrt{\qquad}$

$\sqrt{1 + \sqrt{\ \ + \sqrt{\ \ + \sqrt{\ \ }}}}$ $\quad \sqrt{1 + 1.55377...} =$

ધારો કે $x = \sqrt{1 + \sqrt{\ \ \sqrt{1 + ......}}}$ છે. બંને બાજુએ વર્ગ કરતાં,

$x^2 = 1 + \sqrt{1 + \sqrt{\ \ ......}} = 1 + x$ થાય.

આથી $x - x - 1 = 0$ ના ઉકેલો $x = \frac{(1+\sqrt{5})}{2}$ અને $x = \frac{(1-\sqrt{5})}{2}$ મળે.

કિંમત ધન હોઈને $x = \sqrt{1+\sqrt{\sqrt{1+\ldots\ldots}}} = \frac{(1+\sqrt{5})}{2} = \phi = 1.6180\ 33\ldots$ છે.

સંખ્યાશાસ્ત્રમાં (Theory of Numbers) પરંપરિત અપૂર્ણાંક $1+\cfrac{1}{1+\cfrac{1}{1+\cfrac{1}{1+\cfrac{1}{1+\ldots}}}}$ વારંવાર વપરાય છે. તેની કિંમત આપણે મેળવીએ.

$$1+\cfrac{1}{1+\cfrac{1}{1+1}} = 1+\cfrac{1}{1+\cfrac{1}{2}} = 1+\frac{2}{3} = 1.666\ldots$$


$$1+\cfrac{1}{1+\cfrac{1}{1+\cfrac{1}{1+1}}} = 1+\frac{1}{5/3} = 1+\frac{3}{5} = 1.6.$$

ધારો કે, $x = 1+\cfrac{1}{1+\cfrac{1}{1+\cfrac{1}{1+\ldots}}} = 1+\frac{1}{x}$ છે.

આથી $x = 1+\frac{1}{x}$ છે. આના બરાબર $x^2 - x - 1 = 0$ છે.

આ સમીકરણના ઉકેલો $x = \frac{1+\sqrt{5}}{2}$ અને $\frac{1-\sqrt{5}}{2}$ છે.

xની કિંમત ધન હોઈને $x = \frac{1+\sqrt{5}}{2} = \phi = 1+\cfrac{1}{1+\cfrac{1}{1+\cfrac{1}{1+\ldots}}}$ છે.




આકૃતિ-4

આથી $1+\cfrac{1}{1+\cfrac{1}{1+\cfrac{1}{1+\ldots}}} = \phi = 1.6180\ 33\ldots\ldots$

આકૃતિ-4માં બતાવ્યા પ્રમાણે લંબચોરસ લઈએ કે જેમની બાજુઓની લંબાઈ 1 અને પહોળાઈ $\phi$ હોઈને બાજુઓનો ગુણોત્તર $\phi$ થશે. આવા લંબચોરસો સોનેરી

લંબચોરસો તરીકે ઓળખાય છે. આ સોનેરી લંબચોરસમાં આકૃતિ-4માં બતાવ્યા પ્રમાણે 1 લંબાઈનો ચોરસ દોરીએ. આથી સોનેરી લંબચોરસમાં નાનો લંબચોરસ PQRS બન્યો જેની બાજુ PQની લંબાઈ 1 અને બાજુ QRની લંબાઈ $\phi$-1 છે. આથી બાજુઓનો ગુણોત્તર $\frac{1}{\phi-1} = \frac{1}{1/\phi} = \phi$ છે. આ લંબચોરસ PQRS પણ સોનેરી લંબચોરસ છે. આ સોનેરી લંબચોરસ PQRSમાં ચોરસ QRUT દોરીએ જેની બાજુઓની લંબાઈ $\phi$ - 1 છે. આથી બાજુઓનો ગુણોત્તર $\frac{\phi-1}{1-(\phi-1)} = \frac{1/\phi}{1-1/\phi} = \frac{1}{\phi-1} = \phi$ છે. આથી આ સોનેરી લંબચોરસ PQRSમાં નાનો લંબચોરસ TUSP બન્યો જેની બાજુઓ $\phi - 1$ અને $1 - (\phi - 1)$ છે.આથી લંબચોરસ TUSP પણ સોનેરી લંબચોરસ છે. સોનેરી લંબચોરસો PQRS અને PTUS મા-પુત્રી સોનેરી લંબચોરસો તરીકે ઓળખાય છે. આ જ રીતે સોનેરી લંબચોરસનું ચોરસ અને સોનેરી લંબચોરસમાં વિભાજન કરતાં, નાના અને નાના સોનેરી લંબચોરસો મળશે. આ નાના લંબચોરસો આખરે ન પહોંચી શકાય તેવા બિંદુએ પહોંચશે. ગણિતશાસ્ત્રી ક્લિફર્ડ પિકોવર (Clifford Pickover) આવા બિંદુને ભગવાનની આંખ (Eye of God) કહે છે. મા-પુત્રીના આકૃતિ-4માં બતાવ્યા પ્રમાણેના એકબીજાને છેદતા બે કર્ણો દોરો. આ છેદતા બિંદુએ બાકીના બધા મા-પુત્રીના કર્ણો છેદશે.

બહુકોણ




આકૃતિ-5

જેની બધી બાજુઓ અને અંદરના ખૂણાઓ સરખા હોય તેવા નિયમિત બહુકોણના અંદરના ખૂણાઓનો સરવાળો 180(n−2) છે. અહીંયા n બાજુઓની સંખ્યા છે. ત્રિકોણમાં n = 3 છે અને ત્રિકોણના અંદરના ખૂણાઓનો સરવાળો $180^0$ છે. n = 5 એ નિયમિત પંચકોણ છે, જે આકૃતિ-5 માં આપ્યો છે. આ નિયમિત પંચકોણના અંદરના ખૂણાઓનો સરવાળો $540^0$ છે. અને દરેક ખૂણો $540^0/5 = 108^0$ છે. આ પંચકોણના બાજુ બાજુના બે કર્ણો PR અને PS દોરો. ∠PRSના બે સરખા ભાગ કરીને RU જોડો.

$\Delta^s$ PRS અન RUS સમરૂપ હોઈને $\frac{PS}{RU} = \frac{RS}{US}$ છે.

PU = RU = RS = ST = PT = PQ = RO હોઈને $\frac{PS}{PU} = \frac{PU}{US}$ આથી U, PSનું સોનેરી ગુણોત્તરમાં વિભાજન કરે છે.

સમદ્વિબાજુ ΔPRSમાં

$\frac{\text{બાજુ}}{\text{પાયો}} = \frac{PS}{RS} = \frac{PS}{PU} = \phi$ હોઈને, ΔPRS સોનેરી ત્રિકોણ તરીકે ઓળખાય છે.

ΔRUS માં, $\frac{\text{બાજુ}}{\text{પાયો}} = \frac{RU}{US} = \frac{PU}{US} = \phi$ હોઈને ΔRUS પણ સોનેરી ત્રિકોણ છે.

ΔPTS માં $\frac{\text{બાજુ}}{\text{પાયો}} = \frac{PT}{PS} = \frac{PU}{PS} = \frac{1}{PS/PU} = \frac{1}{\phi}$ છે.

આથી ΔPTS સોનેરી ગ્નોમૉન (Golden Gnomon) તરીકે ઓળખાય છે. સોનેરી ΔPRSનું સોનેરી ΔRUS અને સોનેરી ગ્નોમૉન ΔPRU ≡ ΔPTSમાં વિભાજન થયું. આ જ રીતે સોનેરી ΔRUSનું પણ વિભાજન થઈ શકે.

નવ ઇન્ડિયન આકૃતિઓ 9, 8, 7, 6, 5, 4, 3, 2, 1 છે.

આ નવ આકૃતિઓ અને સંજ્ઞા 0 થી.... કોઈ પણ સંખ્યા નીચે બતાવ્યા પ્રમાણે લખી શકાય.

આ વાક્યથી શરૂ થતું પુસ્તક લિબર એબેસિ (Liber Abaci) ઈ.સ. 1202માં લીઓનાર્ડો ફિબોનાચિએ (Leonardo Fibonacci) પ્રસિદ્ધ કર્યું. આ પુસ્તકનાં પહેલાં સાત પ્રકરણોમાં સંખ્યાઓને આપણી દશાંશ પદ્ધતિથી દર્શાવવાની રીત અને તેના ઉપયોગો દર્શાવ્યા છે. બારમા પ્રકરણમાં સુંદર મઝાનો નીચેનો પ્રશ્ન છે :

ચારે બાજુએ દીવાલ હોય તેવી જગ્યામાં એક સસલાની જોડી કોઈ માણસે રાખી છે. આ જોડી દર મહિને એક સસલાની જોડીને જન્મ આપે છે. આ નવી જન્મેલી જોડી બીજા મહિનાથી નવી જોડીને જન્મ આપે છે. વર્ષના આખરે સસલાની કેટલી જોડીઓ હશે ?


આકૃતિ-6

આ પ્રશ્નના કારણે ગણિત અને વિજ્ઞાનના વિદ્યાર્થીઓએ ફિબોનાચિનું નામ સાંભળ્યું છે. ફિબોનાચિ હુલામણું નામ છે. લેટિન શબ્દો ફિલિયસ બોનાચિ (Filius Bonacci) એટલે કે બોનાચિ કુટુંબનો પુત્ર પરથી આવેલું છે. આ પ્રશ્નનો ઉકેલ આમ તો સરળ છે. પહેલી જોડ પાકટ જોડ છે. આ જોડ બીજા મહિને સસલાની જોડને જન્મ આપે છે. આથી બીજા મહિને એક પાકટ અને બીજી તરુણ જોડ એમ બે જોડ છે. ત્રીજા મહિને પાકટ જોડ સસલાની નવી જોડને જન્મ આપે છે અને તરુણ જોડ પાકટ જોડ બને છે. આથી ત્રીજા મહિને સસલાની ત્રણ જોડો છે. ચોથા મહિને બે સસલાની પાકટ જોડો બે સસલાની જોડોનો જન્મ આપે છે અને તરુણ જોડ પાકટ જોડ બને છે. આથી ચોથા મહિને સસલાની પાંચ જોડો છે. પાંચમા મહિને ત્રણ પાકટ જોડો ત્રણ તરુણ જોડોને જન્મ આપે છે અને બે તરુણ જોડો પાકટ જોડો બને છે. આથી પાંચમા મહિને સસલાની આઠ જોડો છે. આના ઉપરથી જોઈ શકાશે કે પાંચમા મહિને ચોથા મહિનાની જોડો અને ત્રીજા મહિનાની જોડોનો સરવાળો બને છે. એટલે કે 5 + 3 = 8 જોડો છે. છઠ્ઠા મહિને પાંચ પાકટ જોડો પાંચ તરુણ જોડોનો જન્મ આપે છે. અને ત્રણ તરુણ જોડો પાકટ જોડો બને છે. આથી તેર જોડો છે. આના ઉપરથી જોઈ શકાશે કે છઠ્ઠા મહિને પાંચમા મહિનાની આઠ જોડો અને ચોથા મહિનાની પાંચ જોડોનો સરવાળો બને છે એટલે કે 8 + 5 = 13 છે.

આથી નીચેના ક્રમ પ્રમાણે જોડો મળે છે.

1, 2, 3, 5, 8, 13, 21, 34, 55, 89, 144, 233, .....

આને પાકટ અને તરુણના ક્રમોમાં ગોઠવતાં

પાકટ : 1, 1, 2, 3, 5, 8, 13, .....

તરુણ : 0, 1, 1, 2, 3, 5, 8, .....

ઓગણીસમી સદીમાં ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી ઇડોયાર્ડ લુકાસે (Edourd Lucas) શ્રેણી {1, 1, 2, 3, 5, 8, 13, .....} ને ફિબોનાચિ શ્રેણી તરીકે ઓળખવી શરૂ કરી. આના જેવી શ્રેણી ઘણી જગ્યાએ મળે છે.

બાળક સીડી ચઢે છે. વધારેમાં વધારે બે પગથિયાં એકીસાથે ચઢી શકે છે. આથી દરેક પગલે તે એક પગથિયું ચઢે કે એકીસાથે બે પગથિયાં ચઢે. જો n પગથિયાં હોય તો કેટલી જુદી જુદી રીતે $C_n$ તે પગથિયાં ચઢશે ?

એક જ પગથિયું હોય, તો એક જ રીતે ચઢશે : 1 $C_1 = 1$

બે પગથિયાં હોય, તો 1 + 1, 2 રીતે ચઢશે : 2 $C_2 = 2$

ત્રણ પગથિયાં હોય, તો 1 + 1 + 1, 2 + 1, 1 + 2 રીતે ચઢશે : 3 $C_3$ = 2

ચાર પગથિયાં હોય, તો 1 + 1 + 1 + 1, 2 + 2, 1 + 1 + 2,

2 + 1 + 1, 1 + 2 + 1 રીતે ચઢશે : 5 $C_4$ = 5

પાંચ પગથિયાં હોય, તો 1 + 1 + 1 + 1 + 1, 1 + 2 + 2, 2 + 2 + 1,

2 + 1 + 2, 1 + 1 + 2 + 1, 1 + 2 + 1 + 1, 2 + 1 + 1,

1 + 1 + 1 + 2 રીતે ચઢશે : 8 $C_5$ = 8

આથી શક્યતાઓ 1, 2, 3, 5, 8, 13, ..... જે ફિબનાચિના જેવી શ્રેણી છે.

આપણે ફિબોનાચિ શ્રેણીની {1, 1, 2, 3, 5, 8, 13, 21, 34, 55, 89, 144, 233, 377, 610, 987, ...} વારાફરતી આવતી રકમોના ગુણોત્તર જોઈએ.

1/1 = 1, 2/1 = 2, 3/2 = 1.5, ..... 233/144 = 1.61805, 377/233 = 1.61802, 610/377 = 1.61803, 987/613 = 1.61803, ... .

આ સંખ્યા સોનેરી ગુણોત્તરની આસપાસ ફરે છે. સામાન્ય રીતે ફિબોનાચિની n મી સંખ્યા $F_n$ વડે દર્શાવવામાં આવે છે. જોહાનેસ કેપ્લરે (Johannes Kepler) ઈ.સ. 1611માં શોધી કાઢેલું કે જેમ જેમ nની કિંમત વધતી જશે તેમ તેમ ગુણોત્તર $F_{n+}$ / $F_n$ ગુણોત્તર φ ની નજીક પહોંચશે.

ફિબોનાચિ શ્રેણીમાં આપણે ચાલુ સંખ્યા આગળની બે સંખ્યાઓનો સરવાળો કરીને મેળવતા હોઈને શ્રેણીની સંખ્યાઓ ખૂબ જ ઝડપથી મોટી બનતી જાય છે. ફિબોનાચિ શ્રેણીની પાંચમી સંખ્યા પાંચ છે. જ્યારે 125મી સંખ્યા 59, 425, 114, 757, 512, 643, 212, 875, 125 છે.

ફિબોનાચિ શ્રેણીની nમી સંખ્યાનું સૂત્ર ઑઈલર (Euler) અને દ મોવરેએ (de Maiver) શોધેલું પણ ભુલાઈ ગયેલું. ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી બિનેટે (Binet) ફરીથી શોધેલું જે બિનેટ સૂત્ર તરીકે ઓળખાય છે અને જે

$$_n = \frac{1}{\sqrt{5}}\left[\left(\frac{1+\sqrt{5}}{2}\right)^n - \left(\frac{1-\sqrt{5}}{2}\right)^n\right] = \frac{1}{\sqrt{5}}\left[\phi - \left(\frac{-1}{\phi}\right)\right]$$ છે.

બીજી રકમ nની મોટી કિંમતો માટે નાની હોઈને $F_n$ ની કિંમત પહેલી રકમથી પણ મળી શકે. જેમ કે

n = 20 ]માટે $F = \frac{1}{\sqrt{5}}\phi^{20}$ = 6765.00003 આથી F = 6765 છે.

પહેલી દશ ફિબનાચિ સંખ્યાઓનો સરવાળો 1 + 1 + 2 + 3 + 5 + 8 + 13 + 21 + 34 + 55 = 143 છે. અગિયારમી સંખ્યા 89 છે અને બારમી સંખ્યા 144 છે જે પહેલી દશ સંખ્યાના સરવાળાથી એક વધારે છે. પહેલી વીસ ફિબનાચિ સંખ્યાઓનો સરવાળો 17,710 છે. જ્યારે બાવીશમી સંખ્યા 17,711 છે જે પહેલો વીશ સંખ્યાના સરવાળાથી એક વધારે છે. આથી 1 થી n સુધીની ફિબનાચિ સંખ્યાઓના સરવાળા બરાબર n + 2મી સંખ્યામાંથી એક બાદ કરીએ તેટલો થાય.

ફિબનાચિ સંખ્યા 13 લઈએ, તેનો વર્ગ $13^2$ = 169 થાય. 13ની આસપાસની બે ફિબનાચિ સંખ્યાઓ 8 અને 21નો ગુણાકાર 8 x 21 = 168 થાય. આ બંને વચ્ચેનો તફાવત 1 છે. આ જ રીતે $21^2$ = 441 થાય અને 21ની આસપાસની ફિબનાચિ સંખ્યાઓ 13 અને 34નો ગુણાકાર 13 x 34 = 442 થાય. આ બંને વચ્ચેનો તફાવત –1 છે. કોઈ પણ ફિબનાચિ સંખ્યાના વર્ગ અને તે સંખ્યાની આસપાસની ફિબનાચિ સંખ્યાઓના ગુણાકારનો તફાવત +1 છે.

નરસિંહજીના મંદિર પાસે,
ઉવારસદ રોડ, શેરથા.
M. 9428019042

# સૌંદર્યનું એક નવું દ્વાર

**જેરોમ વીડમન**

એક વેળા, એક જાણીતી વ્યક્તિને ત્યાં મને ભોજન માટે નિમંત્રણ મળ્યું હતું. ભોજન પછી ત્યાં બે વસ્તુઓ જોઈને હું અસ્વસ્થ થઈ ગયો : એક તો એ કે નોકરો ત્યાં ખુરસીઓ ગોઠવી રહ્યા હતા; અને બીજું, સામે દીવાલ પાસે સંગીતનાં વાદ્યો મૂકવામાં આવ્યાં હતાં. પરિસ્થિતિ પરથી હું સમજી ગયો કે મારે આજે સંગીત સાંભળવું પડશે.

'સાંભળવું પડશે' એવો શબ્દપ્રયોગ હું એટલા માટે કરું છું કે સંગીતનો મારે મન કશો અર્થ નહોતો. હું લગભગ સૂરબહેરો હતો. સીધાસાદા સૂર પણ હું ભારે પ્રયત્ને સમજી શકું; અને ગંભીર શાસ્ત્રીય સંગીત તો મારે માટે કેવળ વિવિધ અવાજોની પરંપરાથી વિશેષ કશું નહીં. એટલે આવી રીતે ક્યાંક ફસાઈ પડ્યો હોઉં ત્યારે જે રીત હું અખત્યાર કરતો તે મેં ત્યારે પણ કરી : મારી બેઠક મેં લીધી, ને મોં પર સમજણ ને પ્રશંસાના ભાવ રાખી અંદરથી કાનને બંધ કરી દીધા; અને પછી મારા અસંગત વિચારોમાં હું ખોવાઈ ગયો.

થોડીવાર પછી મેં જોયું કે મારી આસપાસના લોકો તાળી પાડીને પોતાનો આનંદ વ્યક્ત કરી રહ્યા હતા; એટલે મેં મારા કાનને સજાગ કરવાનું સલામત માન્યું. ત્યાં તો અચાનક મારી બાજુએથી મૃદુ, હૃદયને સ્પર્શી જાય તેવો અવાજ સાંભળ્યો : ''તમને બાકનું સંગીત ગમે છે ?''

અણુવિસ્ફોટન વિશે મને ખબર હોય એટલી જ ખબર મને બાક વિશે હતી. પણ હોઠ ઉપર હંમેશ રહેતી ચુંગી અને વિખરાયેલા સફેદવાળવાળા, દુનિયાના એ એક પ્રસિદ્ધ ચહેરાને હું ઓળખતો હતો : હું આલ્બર્ટ આઇન્સ્ટાઇનની બાજુમાં બેઠો હતો.

''હું.....'' અસ્વસ્થતાથી હું બોલ્યો – ને જરા અચકાયો. પ્રશ્ન સહજ રીતે જ પુછાયો હતો. મારો ઉત્તર પણ એમ જ સહજ રીતે, ઉડાઉ રીતે, હું આપી શક્યો હોત. પણ મારા પડોશીનાં અસાધારણ નેત્રોમાંથી હું પામી શક્યો કે એ માત્ર શિષ્ટાચાર નહોતા બતાવતા. આ વાતચીતમાં મારે મન એ વિનિમયનું કશું મૂલ્ય ન હોય, પણ તેમને મન તો એ ખૂબ મહત્ત્વની બાબત લાગી. એ વળી, મને એવી લાગણી થઈ કે એ એક એવા માણસ હતા, જેને જૂઠો ઉત્તર આપી શકાય નહીં – પછી એ જૂઠાણું ભલે નાનકડું જ હોય.

''બાક વિશે મને કશી જ ખબર નથી,'' મેં જરા મૂંઝવણથી કહ્યું : ''મેં એનું સંગીત ક્યારેય સાંભળ્યું નથી.''

આઇન્સ્ટાઇનના ચહેરા ઉપર મૂંઝવણભર્યું આશ્ચર્ય પથરાઈ ગયું. ''તમે બાકને કદી સાંભળ્યા નથી ?'' એ અવાજ એવો હતો, જાણે એ પૂછતો હોય : તમે કદી સ્નાન કર્યું નથી ?

મેં ઝડપથી ઉત્તર વાળ્યો : ''હું લગભગ સૂરબહેરો છું. સાચું કહું તો મેં કોઈનું જ સંગીત સાંભળ્યું નથી.''

એ બુઢ્ઢા આદમીના ચહેરા પર

ચિંતાનો ભાવ ઊઠ્યો. ''મારી સાથે આવશો ?'' તેણે અચાનક જ કહ્યું.

ઊભા થઈને તેમણે મારો હાથ પકડ્યો. લોકોની ભીડ વચ્ચેથી તે મને દોરી ગયા. આ દૃશ્ય પ્રત્યે આશ્ચર્ય પામેલા લોકોનો ગણગણાટ સંભળાતો રહ્યો. આઇન્સ્ટાઈને એની તરફ કશું જ લક્ષ આપ્યું નહીં.

દૃઢતાથી તે મને મકાનના ઉપરના માળે લઈ ગયા. ઘરની ગોઠવણીથી તે પરિચિત હતા. એક ખંડ ઉઘાડીને તેમણે મને અંદર બેસાડ્યો, ને પછી બારણું બંધ કર્યું. એક વેદનાયુક્ત સ્મિત સાથે તેમણે કહ્યું : ''હવે મને કહેશો – સંગીત વિશે તમારી આવી લાગણી કેટલા

વખતથી છે ?''

''પહેલેથી જ,'' મેં કહ્યું. હું મનમાં અસ્વસ્થ થઈ રહ્યો હતો. ''હું ઇચ્છું છું, ડૉક્ટર આઇન્સ્ટાઇન, કે આપ નીચે જાઓ અને સંગીત સાંભળો. હું તેનો આનંદ માણી શકતો નથી તે કાંઈ અગત્યની બાબત નથી.''

એમણે એવી રીતે માથું ધુણાવ્યું, જાણે મેં કોઈક અસંબદ્ધ વાત કરી હોય. તેમણે કહ્યું : ''કહો તો, એવું કોઈ પણ સંગીત છે ખરું જે તમને ગમતું હોય ?''

''હં હં, શબ્દો જેમાં આવતા હોય, અને જેના સૂરો હું મનમાં પછી ગણગણી શકતો હોઉં, એવું સંગીત ગમે.''

તેમણે સ્મિત કર્યું, ને ડોકું હલાવ્યું. દેખીતી રીતે જ મારા કહેવાથી તેમને આનંદ થયો હતો.

''દાખલા તરીકે...?''

''ફિલ્મી ગાયક બિંગ ક્રોસ્બીનું કોઈ પણ ગીત...'' મેં જરા હિંમતથી કહ્યું.

''સરસ !'' તેમણે ફરી મસ્તક હલાવ્યું અને એક ખૂણામાં પડેલા ગ્રામોફોન પાસે જઈ અંદરથી રેકોર્ડ કાઢવા માંડી. હું અસ્વસ્થતાથી તેમને નીરખી રહ્યો. છેવટે તેમનો ચહેરો પ્રકાશી ઊઠ્યો. ''આહ !'' તેમણે કહ્યું.

તેમણે રેકોર્ડ શરૂ કરી, ને થોડી જ વારમાં બિંગ ક્રોસ્બીના 'વ્હેર ધ બ્લૂ ઑફ ધ નાઈટ મિટ્સ ધ ગોલ્ડ ઑફ ધ ડે' (જ્યાં રાત્રીની નીલિમા દિવસના સુવર્ણને મળે છે) ગીતથી ખંડ ભરાઈ ગયો. ત્રણ-ચાર લીટીઓ વાગ્યા પછી આઇન્સ્ટાઇને આનંદથી મારી સામે જોયું, પૂછ્યું, ''હવે તમે કહેશો મને - તમે શું સાંભળ્યું ?''

એ પ્રશ્નનો સાદામાં સાદો ઉત્તર એ ગીત ગાઈ બતાવવાનો હતો. મહામહેનતે મારા અવાજને ભાંગતો અટકાવી, શક્ય તેટલા સૂરમાં રહી મેં એ ગાઈ બતાવ્યું. આઇન્સ્ટાઇનના ચહેરા ઉપર જે ભાવ ફેલાયો તે ઊગતા સૂર્યના પ્રકાશ જેવો હતો.

''અરે વાહ !'' મેં પૂરું કરતાં ઉલ્લાસથી તે બોલી ઊઠ્યા : ''તમને સંગીતની સમજ પડે જ છે.'' એ મારું એક પ્રિય ગીત હતું ને મેં એને કેટલીય વાર સાંભળ્યું હતું એટલે એ કંઈ બહુ મહત્ત્વનું ન કહેવાય, એવું કાંઈક હું બબડ્યો.

આઇન્સ્ટાઇન બોલ્યા : ''કોણ કહે છે ! એ જ મહત્ત્વનું છે. શાળામાં તમને ગણિત કેમ શીખવાતું હતું તે યાદ છે ? ધારો કે તમે હજુ આંકડાને ઓળખતા શીખો, ને તરત તમને શિક્ષક ગુણાકાર કે ભાગાકારનો મોટો દાખલો આપે તો તમે કરી શકો ?''

''નહીં જ વળી.''

''બરોબર !'' આઇન્સ્ટાઇને વિજયની મુદ્રામાં તેમની ચુંગી હલાવી : ''તમે કરી ન શક્યા હોત-ને એ માટે તમને ખૂબ દુ:ખ થયું હોત, ને ગુણાકાર ને ભાગાકાર પ્રત્યે તમે તમારાં મનદ્વાર બંધ કરી દીધાં હોત. પરિણામે, શિક્ષકની એક નાની-શી ભૂલને પરિણામે તમે આખી જિંદગી ગણિતના સૌંદર્યથી ને આનંદથી વંચિત રહ્યા હોત.''

ચુંગી ફરી એકવાર તરંગની જેમ હલી. ''પણ પહેલા જ દિવસે એવું કરવા જેવો કોઈ શિક્ષક મૂરખ ન હોય. પહેલાં એ તમને પ્રાથમિક વસ્તુઓ શીખવે છે. ને સાદા દાખલા આવડી જાય પછી એ તમને લાંબા ગુણાકાર-ભાગાકાર શીખવે છે. સંગીતનું પણ એમ જ છે.'' આઇન્સ્ટાઇને બિંગ ક્રોસ્બીની રેકોર્ડ ઉપાડી : ''આ નાનકડું સાદું મધુર ગીત નાનકડા સાદા સરવાળા-બાદબાકી જેવું છે. એ તમને આવડી ગયું. હવે તમે એથી થોડું અઘરું સમજી શકશો !''

એમણે એક બીજી રેકોર્ડ શોધીને વગાડી 'ધ ટ્રમ્પેટર' ગાતા જોહ્ન મેક્કોરમેકનો સોનેરી અવાજ હવામાં ફેલાઈ ગયો. થોડી પંક્તિઓ પછી એમણે એ રેકોર્ડ બંધ કરી : ''હવે તમે મને ગાઈ બતાવશો, નહીં ?''

ખૂબ સભાનતા સાથે મેં ગીત ગાઈ બતાવ્યું : આઇન્સ્ટાઇન મારી તરફ નિહાળી રહ્યા હતા. તેમના ચહેરા ઉપર જે ભાવ હતો, તે મેં એ પહેલાં જિંદગીમાં એક જ વાર જોયો હતો : મારી શાળામાં છેલ્લા દિવસે મેં ભાષણ આપ્યું ત્યારે મારા પિતાના ચહેરા ઉપર એવો ભાવ હતો.

''સુંદર !'' મેં પૂરું કર્યું ત્યારે આઇન્સ્ટાઇને કહ્યું : ''અદ્‌ભુત !... અને હવે આ-''

પછીનું ગીત અઘરું હતું અને મેં પ્રયત્ન કર્યો, ને આઇન્સ્ટાઇનનો ચહેરો સંમતિથી ચમકી રહ્યો.

ત્યાર પછી લગભગ બીજી બારેક રેકોર્ડ વાગી. આ મહાન માણસની આ પદ્ધતિ વિશે મારા મનમાં જે

અસ્વસ્થતાની લાગણી થઈ રહી હતી તે હું કાઢી નાખી શક્યો નહીં. એના સાંનિધ્યમાં હું અકસ્માત્ જ ગોઠવાઈ ગયો હતો; અમે જે કરતા હતા તેમાં તેમનું ધ્યાન એટલું એકાગ્ર હતું - જાણે હું જ માત્ર તેમની ચિંતાનું કેન્દ્ર હતો.

છેવટે અમે શબ્દહીન સંગીતની રેકોર્ડ સુધી પહોંચ્યા. અને મારે એના સ્વર ગણગણવાના હતા. એક ઊંચો સ્વર મેં લીધો ત્યારે આઇન્સ્ટાઇનનું મુખ પહોળું થઈ ગયું, તેમનું મસ્તક પાછળ ઢળ્યું : જાણે મને અપ્રાપ્ય લાગતું હતું તે મેળવવામાં તે મને મદદ કરવા માગતા હોય !

તેમણે ગ્રામોફોન બંધ કરી દીધું.

"હવે..." તેમણે મારા હાથમાં હાથ પરોવ્યો : "આપણે બાક માટે તૈયાર થઈ ગયા છીએ !"

દીવાનખાનામાંની અમારી બેઠક અમે ફરીથી લીધી ત્યારે કલાકારો એક નવો સ્વરસંગ પસંદ કરી રહ્યા હતા.

"મુક્ત મનથી માત્ર સાંભળો," આઇન્સ્ટાઇને મારા કાનમાં ધીમેથી કહ્યું : "બસ, એથી વધારે કશું નહિ."

પણ એથી વધારે તો ઘણું હતું. એક તદ્દન અજાણ્યા માનવી માટે એમણે જે પ્રયત્નો કર્યા તે ન કર્યા હોત તો બાકનું 'શીપ મે સેઈફલી ગ્રેઈઝ' હું કદી સાંભળી શક્યો ન હોત. ત્યાર પછી તો મેં એ વારંવાર સાંભળ્યું છે; ને મને કદી એનો થાક લાગ્યો નથી, કારણ હું એને કદી એકલો નથી સાંભળતો : જ્યારે જ્યારે એને સાંભળું છું ત્યારે ત્યારે શ્વેત વિખરાયેલા વાળ, હોઠ વચ્ચે સ્થિર થઈ ગયેલી ચુંગી અને નેત્રોની પેલી અદ્‌ભુત ઉષ્મામાં દુનિયાભરનું વિસ્મય ભરી રહેલા એક નાનકડા માનવનું સાંનિધ્ય હું હંમેશાં અનુભવું છું.

સમારંભ પૂરો થયો ત્યારે મેં જે તાળીઓ પાડી તે હૃદયના આનંદની હતી.

એકાએક અમારાં યજમાન બાઈ અમારી પાસે આવ્યાં. "હું ખૂબ દિલગીર છું, ડૉક્ટર આઇન્સ્ટાઇન," મારી તરફ એક ઠંડી દૃષ્ટિ નાખીને તેમણે કહ્યું : "કે તમારે સંગીતનો ઘણોખરો ભાગ ગુમાવવો પડ્યો."

અમે બન્ને ઊભા થઈ ગયા. "હું પણ દિલગીર છું," તેમણે કહ્યું : "એમ છતાં મારા મિત્ર ને હું દુનિયા પર માણસ કરી શકે તેવી એક શ્રેષ્ઠ પ્રવૃત્તિમાં રોકાઈ ગયા હતા."

"ખરેખર ? એ વળી કઈ પ્રવૃત્તિ હતી ?" યજમાન મહિલાના મુખ પર મૂંઝવણ તરી આવી.

આઇન્સ્ટાઇને એક સ્મિત કર્યું, અને મારા ખભા પર હાથ મૂક્યો. તેમણે જે શબ્દો ઉચ્ચાર્યા - એને માટે ઓછામાં ઓછો એક માણસ તેમના અનંત ઋણ નીચે રહેશે - તે તેમના મૃત્યુની સમાધિ પર અંજલી રૂપે છે : "સૌંદર્યનું એક વધુ દ્વાર અમે ખુલ્લું કર્યું છે."

**(જૂના 'યાત્રિક' માસિકમાંથી :**
**અનુ. કુન્દનિકા કાપડીઆ)**

## પ્રેમનું ગાન

નાદેઝ્દા (નાદ્યા) ફોન મેક મોસ્કો નગરીની એક અત્યંત શ્રીમંત નારી હતી. સન ૧૮૭૬માં પતિ પરલોક ગયા ત્યારે એ દોમદોમ સાહ્યબીની સ્વામિની બની. પણ સંપત્તિ એ એકલવાયા જીવન માટે દિલાસો ન બની.

હા, તેના ઝળાંહળાં સદનના એક ખૂણે પડેલા પિયાનોના સૂર તેના અંતરના જખમને રુઝવનાર એકમાત્ર ઔષધ બન્યા ખરા.

એ જ સમયે મોસ્કોમાં એક યુવાન સંગીતકારનું સંગીત ગુંજતું હતું. એનું નામ પ્યોત્ર (પીટર) ઇલીચ ચાઇકોવસ્કી. નાદ્યાને ચાઇકોવસ્કીની પિછાન નહોતી. પણ એ એકાકી નારીના હૃદયતારોને ચાઇકોવસ્કીની નહોતી. સૂરાવલિઓ ઝણઝણાવતી હતી. સંગીતકારને જાણ નહોતી કે એક સ્ત્રી તેના સ્વરકલાપ પર મુગ્ધ હતી અને તેના ઉત્કર્ષમાં છાનો રસ લઈ રહી હતી. પીટરના પરિચિતો પાસેથી નાદ્યા તેનાં મિજાજ અને જરૂરિયાતો વિશે વાકેફ રહેતી હતી. મહાન રોમૅન્ટિક પરંપરામાં નાદ્યા આશિકા બની - પહેલા ચાઈકોવસ્કીના સંગીતની, અને પછી ચાઈકોવસ્કી ખુદની.

છેવટે નાદ્યાએ જિગરને ઝાલીને પોતાની ઓળખ આપી. પછી તો એણે ચાઈકોવસ્કી પાસે સ્વરમાલિકાઓ રચાવીને તેનું દારિદ્ર ફેડ્યું, અંતર ઠાલવવાનું પાત્ર બની, તેની પ્રેરણામૂર્તિ બની રહી. સંગીતની તવારીખ એક અનન્ય સખ્યથી ઝળકી રહી.

ચૌદ વરસ સુધી બેઉ પોતપોતાની એકાકી સૃષ્ટિમાં પ્રેમ ઢોળવાનાં પરસ્પર પાત્ર બન્યાં, દુઃખમાં

શીળી સાંત્વના બન્યાં, આનંદમાં સહભાગી બન્યાં.

ચૌદ વરસ સુધી ચાઈકોવસ્કીએ કેટલીય હૃદયભેદક સૂર-રચનાઓ નાદ્યાને ચરણે ધરી. આ માટે માનવજાત નાદ્યાનું ઋણ કદી વીસરશે નહીં. ચાઈકોવસ્કી માટે નાદ્યા સાક્ષાત્ મોક્ષમૂર્તિ હતી - કારણ કે પીટર અને પાગલપનની વચ્ચે એ દીવાલ બનીને ખડી હતી.

અને... અને... પછી એક દિવસ અચાનક નાદ્યાએ એ સંબંધનો તંતુ તોડી નાખ્યો. બેઉ એકમેક વિના લાંબું ન જીવ્યાં. નાદ્યાની લથડેલી તબિયત તેને મૃત્યુના દ્વારે લઈ ગઈ; અને પછી પીટરે પ્રાણ છોડ્યો ત્યારે તેના હોઠે પ્રિયતમાના નામનું રટણ હતું.

એ તો ગયાં, એમના પ્રણયનાં રહસ્યો બચી ગયાં : એમના પત્રો. બસ, એમના વિશે જાણવાનું બીજું કોઈ સાધન નથી. એ બેઉ પણ એકબીજાને આ પત્રો દ્વારા જ પિછાનતાં હતાં. ઉત્કટતમ ઊર્મિઓને સ્પર્શતું કેટલુંક સંગીત બે પ્રેમાત્માઓ વચ્ચે ચાલેલા આ પત્ર-સંબંધ થકી જગતને મળ્યું. એકમેક વિશે મનમાં રચેલી રમ્ય કલ્પનાસૃષ્ટિ તૂટી ન પડે એ હેતુથી બેઉ પ્રેમીઓએ પરસ્પરનો સ્નેહ પત્રોમાં સમાવી રાખ્યો.

ચૌદ વરસમાં એકવાર પણ એમનું પ્રત્યક્ષ મિલન થયું નહોતું.

**('રીડર્સ ડાયજેસ્ટ'માંથી,**
**અનુવાદ : જયંત મેઘાણી)**

'પ્રસાર' ૧૮૮૮, આતાભાઈ એવન્યુ, ભાવનગર
ફોન : ૦૨૭૮-૨૫૬૮૪૫૨

## મહાન વાચકો જોઈશે

ગુજરાતી વાચકોને નજરમાં રાખીને ઝવેરચંદ મેઘાણીએ એક વેળા કહેલું કે આપણી મોટા ભાગની પ્રજા ગાય જેવી છે, જે લીલું ઘાસ ખાતાં ખાતાં કચરો પણ ચાવી જાય છે. મેઘાણીએ આ અભિપ્રાય ઉચ્ચાર્યો તેને તો વર્ષો વીત્યાં, પણ પરિસ્થિતિમાં હજી ફેર જણાતો નથી. ઊલટું આજે તો આ મંતવ્ય વધુ સાચું લાગે છે.

છેલ્લાં વર્ષોમાં આપણે ત્યાં શિક્ષણનું પ્રમાણ સારું એવું વધ્યું છે, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને સાહિત્યના મેળાવડાની સંખ્યા પણ વધતી રહી છે. તેમ છતાં ઉત્તમતાનો આગ્રહ આપણા પ્રજામાનસમાં પ્રગટવો જોઈએ તેટલો પ્રગટ્યો નથી. જો એમ ન હોત તો સુરેશ જોશી જેમને ''અભણ લેખકો'' કહીને ઓળખાવે છે તેવા લેખકોની ચોપડીઓનું મોટા પાયા પરનું વેચાણ શક્ય બન્યું ન હોત.

આને માટે જવાબદાર કોણ ? એમ કહી શકાય કે વાચકો બગડે તો તેને માટે લેખકો જવાબદાર છે. પણ આ પૂર્ણ સત્ય નથી. સામેથી પ્રશ્ન પૂછી શકાય : લેખક તો લખે, પણ વાચકો એને વાંચે છે શા માટે ? અમુક કક્ષાથી ઊતરતું તો નહિ જ ખપે, એવો આગ્રહ વાચકોમાં હોય તો નબળા સાહિત્યનો ફેલાવો થઈ ન શકે.

લેખકોનો એક મોટો વર્ગ છે જે એમ કહે છે કે, અમે તો વાચકોની માગને સંતોષીએ છીએ; વિવેચકો ભલે અમારી કૃતિને નબળી કહે, પણ અમારા વાચકો તો ઉમંગભેર એને આવકારે છે અને એની આવૃત્તિઓ બહાર પડે છે. આવા લેખકોના સર્જનની કક્ષા જો નીચી રહેતી હોય, તો એને માટે વાચકવર્ગને જવાબદાર ગણવો જોઈએ – અને ગુજરાતમાં એવા લેખકો ને વાચકોની સંખ્યા નાની નથી.

એટલે જ તો વૉલ્ટ વ્હીટમેનનું એક વાક્ય યાદ રાખવા જેવું છે. એ કવિમનીષી-એ કહેલું કે મહાન કવિઓ જન્માવવા માટે આપણી પાસે મહાન વાચકો જોઈશે. ઉત્તમતાનો આદર્શ લેખકો સામે મૂકી શકે એવા વાચકો જન્માવવાનું કામ અધ્યાપકોનું છે. અધ્યાપકો ભલે કવિઓને કે સર્જકોને ન જન્માવી શકે, પણ ઉત્તમ વાચકો તો અવશ્ય જન્માવી શકે. સાહિત્યના ઉત્તમ નમૂનાઓ તરફ એ અભ્યાસીઓને અભિમુખ કરે. આ કાર્ય કેટલેક અંશે વિવેચનનું પણ છે; એ અર્થમાં વિવેચક સમગ્ર પ્રજામાનસનો અધ્યાપક છે.

અધકચરું તો હવે કશું જ ચલાવી ન લેવાય એવો આગ્રહ વધતો જશે, તો ઉત્તમ કૃતિઓનું અવતરણ લાંબી રાહ નહિ જોવડાવે.

**અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ**

(મહેન્દ્ર મેઘાણી સંપાદિત 'અરધી સદીની વાચનયાત્રા ભાગ-૧'માંથી સાભાર)

# ગ્રંથસૌરભ

મણિભાઈ પ્રજાપતિ

**ટાઈમ કેપ્સ્યુલ (ઈ.સ. ૧૯૨૭થી ૨૦૧૨) : શ્રી મોહનલાલ પટેલની આત્મકથા** / મોહનલાલ પટેલ. પાટણ : શ્રી મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ (જોગીવાડો, જળચોક, પાટણ), ૨૦૧૩. ૧૩, ૩૪૨ પૃ., કિં. રૂ. ૨૫૦

શ્રી મોહનલાલ પટેલ મૂલ્યનિષ્ઠ શિક્ષણ અને સાહિત્યના જ્યોર્તિધર છે, જેની સહજ પ્રતીતિ તેમના શિક્ષકત્વ-ગૃહપતિત્વ અને સર્જકત્વમાં થાય છે. તેમણે નવલકથા, ટૂંકીવાર્તા, લઘુકથા, નિબંધ, ચરિત્ર, વિવેચન, પ્રવાસ વગેરે સાહિત્યસ્વરૂપોમાં ગૌરવપ્રદ પ્રદાન કર્યું છે. અનુસ્નાતકના અભ્યાસ પછી કારકિર્દીના પ્રારંભે તેમને અમદાવાદની પ્રકાશ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે નિમણૂક મળી હતી. સાહિત્યિક કારકિર્દી માટે અમદાવાદ ઘણું મહત્ત્વનું સ્થળ હોવા છતાં અને વળી કૉલેજમાં અધ્યાપનકાર્ય આ કારકિર્દી માટે સૌથી વધારે ઉપયોગી વ્યવસાય ગણાય, તેમ છતાં અંગત સ્વાર્થ અને મહત્ત્વકાંક્ષા જતાં કરીને એમણે સર્વ વિદ્યાલયનું આચાર્યપદ સ્વીકાર્યું અને તેને ઉજ્જ્વળ કર્યું. તેમણે આયખાના નવમા દાયકાના ઉત્તરાર્ધમાં આપણને સત્ત્વશીલ અને સંતર્પક વાચન પૂરું પાડતી આત્મકથા 'ટાઈમ કેપ્સ્યુલ'ના શીર્ષક હેઠળ આપી, જેમાં તેમનાં ત્રિવિધ વ્યક્તિત્વ-શિક્ષણકાર, સાહિત્યકાર અને ઇતિહાસકારની છબી અંકિત થયેલી જોવા મળે છે.

આત્મકથાનો ઉઘાડ લેખકે પોતાના વતન-જન્મ સ્થાન એવી પ્રાચીન ગુજરાતની રાજધાની અણહિલપુર પાટણ કે જે સોલંકીકાળમાં રાજકીય સત્તા અને વૈભવના સર્વોચ્ચ શિખરે બિરાજતું હતું તેના ભવ્ય ભૂતકાળથી કર્યો છે. તેની ભવ્યતાનું દર્શન કરાવવા માટે લખકે તત્કાલીન સમયમાં રચાયેલ કૃતિઓ ઉદા. તરીકે કુમારપાલપ્રવંધ, દ્રયાશ્રય, સરસ્વતીપુરાણ, કીર્તિકૌમુદી, મોહરાજપરાજય, વસંતવિલાસ, પ્રવંધચિંતામણી વગેરેનો આધાર લીધો છે. આ સાથે જ ૧૩મી સદીના અંતમાં અલાઉદ્દીનના લશ્કર દ્વારા પાટણને ધ્વસ્ત કરવું, નવું પાટણ વસવું, જૂના પાટણનો પથ્થરની ખીણ તરીકે સતત ૧૫૦ વર્ષ સુધી ઉપયોગ વગેરે વિગતો લેખકના પાટણના ઇતિહાસના સઘન અભ્યાસનાં પ્રતીતિકારક બની રહે છે. આ ઉપરાંત ૨૦મી સદીના પૂર્વાર્ધમાં પોતે જોયેલ પાટણ, પોતાના શિક્ષક 'નેચર સ્ટડી'ના તાસમાં 'રાણકી વાવ' અને 'સહસ્રલિંગ સરોવર'ના અભ્યાસ અર્થે લઈ જતા તે વખતનાં બોરડીઓનાં ઝુંડવાળો પ્રદેશ, રાણકીવાવના સ્થાને શેવાળથી આચ્છાદિત પાણી ભરેલો ખાડો, હજારોની સંખ્યામાં વેરાયેલા સ્તંભો, મંદિરનાં શિખરો વગેરેના અવશેષો કે જે લેખકે જોયેલ તે સ્થિતિ અને આજના પાટણની સ્થિતિ વગેરે બાબતો પાટણના અભ્યાસીઓ-સંશોધકો માટે દિશાપ્રેરક બની રહેશે. પાટણના ભવ્ય ભૂતકાળને ઉજાગર કરી વર્તમાન પાટણ સાથે જોડતું આ પ્રકરણ એક અભ્યાસ-લેખ સમાન મ્હોરી ઉઠ્યું છે. આ પ્રકરણના અંતના વહાલા વતન પાટણ પ્રત્યેના મમત્વની ઝાંખી પ્રકરણના અંતમાં ઉદ્ગારો ''ઉત્ખનન તો માત્ર સહસ્રલિંગ સરોવર'' અને રાણીની વાવ પૂરતું થયું, ૮૪ ચૌટાંવાળું નરસમુદ્ર પાટણ તો હજુ ભૂમિના થર નીચે સૂતેલું છે. એ સાવ ઓઝલ હોવા છતાં અમારા માટે હજુય એક સ્વપ્ન પ્રદેશ છે... અણહિલપુર પાટણથી અમારો નાળવિચ્છેદ થયો નથી એટલે કાર્યારંભે જેમ ગણપતિને સ્મરવાની આપણી રીત છે એમ પાટણને યાદ કરી લેવાની ઇચ્છા રોકી શકતો નથી''થી થાય છે.

આ ઉપરાંત બાકીનાં પ્રકરણોમાં કેટલીક ઘટનાઓના ભાગરૂપે સામ્પ્રતકાલીન પાટણ વિશેની માહિતી જેમકે ગાયકવાડી શાસન દરમિયાન પાટણથી દશ-બાર માઈલ દૂર વનાસણ-પુનાસણથી ફ્રેંચ પદ્ધતિથી ગાળવામાં આવેલા કૂવાઓમાંથી પાઈપ દ્વારા પાટણના

નગરજનોને પાણી પૂરું પાડવું, ઈ.સ. ૧૯૩૩માં વીજળી માટે થાંભલા નંખાવવાની શરૂઆત અને તે પૂર્વેની સ્થિતિ, સરસ્વતી નદીમાં અર્ધા શિયાળા સુધી પાણી વહેતું રહેવું, સરસ્વતી નદીના વિસ્તારમાં પોતાના ખેતરના કૂવામાં જમીનની સપાટીથી ફક્ત એક વેંત નીચે જોયેલું પાણીનું લેવલ, પાટણમાં આયુર્વેદિક કૉલેજ, ૧૯૪૨ની 'હિંદ છોડો' ચળવળ સંદર્ભે આયુર્વેદિક કૉલેજ અને 'પાટણ હાઈસ્કૂલ'માં ચુસ્ત હડતાલ અને આ માટે પિકેટિંગ કરવા માટે મુંબઈથી પાટણમાં અભ્યાસ કરવા માટે આવેલી બે છોકરીઓ દ્વારા શાળામાં પ્રવેશ કરવા ઇચ્છનાર સામે કાચની રંગીન બંગડીઓ ધરવી, વડોદરા રાજ્યનાં ઉત્તમ શાળા મકાનો પૈકીના એક પાટણ હાઈસ્કૂલના મકાનને લેખકના એક સહાધ્યાયી તેમજ અન્ય સાથીદારો દ્વારા ભસ્મીભૂત કરવું વગેરેના ઉલ્લેખોથી પ્રસ્તુત ગ્રંથ પાટણના પ્રાચીન તેમજ સામ્પ્રતકાલીન ઇતિહાસની સામગ્રીનો એક મહત્ત્વપૂર્ણ આધારસ્રોત બની રહે છે.

પાટણના ભવ્ય સાંસ્કૃતિક પરિવેશને ઉજાગર કર્યા બાદ તરતનાં પ્રથમ ચાર પ્રકરણો અને ૨૪-૨૫-૨૬મા પ્રકરણોમાં પોતાનું શૈશવ, કૈશોર્ય, બા-બાપુજી, ખેતીવાડી વગેરે માટે ફાળવેલ છે. અહીં લેખક અને તેમનાં બા-બાપુજીની વાતો કથાપ્રવાહને આગળ ધપાવવા માટે એક નિમિત્ત માત્ર બને છે, બાકી અહીં ૨૦મી સદીના પૂર્વાર્ધના કૃષક સમાજનું, રીતરિવાજ, રહેણીકરણી, ઘરોની રચના, સમાજ વ્યવસ્થા, પરસ્પર પ્રેમભાવના-ઈર્ષ્યા અને દ્વેષભાવના વગેરેનું દસ્તાવેજી ચિત્રણ કોઈપણ સહૃદયી વાચકને સ્પર્શી જાય તેટલું ભાવસભર છે. આજની પેઢીના કિશોરો માટે આ બધી વિગતો કલ્પનાતીત દીસે તેવી છે. ઉદા. તરીકે ઘરોની રચના અને રહેણીકરણી સંબંધી વર્ણન ''મારું જન્મસ્થાન જોગીવાડામાં... પાંચ અપવાદ સિવાય કોઈ ઘર મેડીબંધ નહીં... મેડીને બદલે ડાગળાની રચના... અજવાળા માટે ઈંટોના ચણતરથી બનાવેલું જાળિયું... કંટ્રી ઈંટ અને માટીમાં ચણેલાં બધાં ઘર... ઉઘાડી ઈંટોના ચણતર ઉપર છાણાં થપાય. મહોલ્લાનાં કેટલાંક ઘર સાવ ખાલી... આવાં ખાલી ઘર રાત્રે પુત્ર અને પુત્રવધૂના શયનગૃહ તરીકે ઉપયોગમાં લેવાય... કોઈ ખાલી ઓરડીમાં બપોરના સમયે ત્યાં વૃદ્ધો ઢાળો કરે અને રાત્રે એમાં બળદ બંધાય... ઘરડા આદમીઓ ઘરઆંગણે બેસીને 'હર ગંગે' 'હર ગંગે' રટતા અર્ધી-પોણી ડોલના પાણીથી નહાયાનો સંતોષ માની લેતા. કોઈ વૃદ્ધ નાહતો હોય ત્યારે ક્યારેક ફળિયાની કોઈ વહુવારુ ત્યાં પહોંચી જઈને કાંડા અને હથેળીનો ભાર દઈને વૃદ્ધની પીઠ ઉપરનો મેલ ઉતારવા લાગી જતી. ડોસા વિવેક ખાતર 'બસ ભા', 'બસ ભા, બહુ થયું' બોલતા રહે અને વહુનાં કંગન અથવા બંગડીઓ રણકાર કરતી રહે. - દ્રષ્ટવ્ય બની રહે છે. આ ઉપરાંત ફળિયાની કેટલીક ઘટનાઓનાં વર્ણનો જેમકે ફળિયામાં પ્રસંગોપાત્ત નીકળતા સાપને પકડવા માટે ગલા ઘાંચી સાપ પકડવાનો પોતાનો સાણસો આપતાં કહે ''જો જો હોં સાપને મારતા નહીં'', ખુશાલ કાકાના ઘઉં લેખકની ભેંસ ખાઈ જવા છતાં સામેથી ખુશાલકાકા ઘેર આવીને આર્તભાવે કહે કે ''ભાભી તમારી ભેંસને હમણાં પાણી પાશો નહીં... પાણી પીએ તાં આફરો ચઢ્યા વગર ન રહે. ઢોર બિચારું તરફડે'', ઉત્તર ગુજરાતમાં વકરેલી ઢોરચોરીનો સંકેત આપતી ઘટના – ભાવાકાકાના હાથીના મદનિયા જેવા બે બળદોની ચોરી પ્રસંગે આખા ગામનું જોસ્સાભેર ઊમટી પડવું, અને આખી રાત વગડો અને ગામડાં ખૂંદવા છતાં બળદ પાછા ન મળવા, ભયંકર આંધીના કારણે માધાકાકાના બળદનું કૂવામાં પડી જવું અને બિન ખેડૂત એવા પહેલવાન ફોટોગ્રાફર છનાલાલ જોશીનું કૂવામાં ઊતરીને બળદને બચાવવો વગેરે પ્રસંગો હૃદયસ્પર્શી બની રહે છે. કથારસ જાળવી રાખતા આ પ્રસંગો વાચકને રસતરબોળ કરી દે છે.''

'બા' પ્રકરણમાં મુઠ્ઠીભર શબ્દોમાં દોરેલું બાનું રેખાચિત્ર 'ઊંચી કાયા, સ્નિગ્ધ નયન, લાંબા વાળ અને સહેજ ઊજળો વાન, મુખ પર નિરંતર પ્રવર્તતી મીઠાશ, કડવાશનો એક અંશ પણ શોધ્યો ન જડે એવી વાણી, કોઈ કંઈ કડવાશભર્યું બોલી જાય તો ગમ ખાઈ જવાની વૃત્તિ, કાવાદાવા કે પ્રપંચનો આશરો લેવાનું સહેજ પણ વલણ નહીં, સરળતા પાર વગરની પણ કોઈ મૂર્ખ બનાવી ન જાય એવી પાકી સમજ અને દયા તો જાણે સ્વભાવગત અંશ' બાનું સાકાર સ્વરૂપ ઊભું કરે તેટલું ભાવપ્રવણ અને ચિત્તાકર્ષક છે. શિક્ષક પિતાજીની કાર્યનિષ્ઠા, કુનેહ, કરકસર, પ્રામાણિકતા અને અડગતાના ગુણો પ્રેરણાદાયી થઈ પડે છે. પિતાજીના વ્યવહારમાં રહેલો ગાંધીયુગનો પ્રભાવ અને અડગતા લેખકમાં પણ ઝિલાયેલ જોવા મળે છે. 'લગ્ન અને દામ્પત્ય'માં તત્કાલીન સમયમાં પ્રચલિત રીતરિવાજ અનુસાર પિતા દ્વારા સગાઈ નક્કી કરવી વગેરે ઘટનાઓનું અને મધુર દામ્પત્ય જીવનનું સુરેખ વર્ણન છે.

લગ્નપૂર્વે કદી ન જોયેલી કન્યા સંદર્ભે અધૂરપના સંદેહને નિર્મૂળ થવાની પ્રતીતિ અગિયારમા દિવસે એક પાત્રના જવાથી ઘરમાં જે સૂનકાર વર્તાયો એનાથી ખાતરી થઈ કે એ પાત્રે હૈયામાં જગ્યા બનાવી લીધી છે. સુખનું આ પહેલું સોપાન દ્વારા થાય છે.

પ્રકરણ ૭ થી ૨૦ સુધીમાં વચ્ચેના 'લગ્ન અને દામ્પત્ય' પ્રકરણને બાદ કરતાં બાકીનાં પ્રકરણોમાં પાટણમાં શાળાજીવન, પોતાના ગુરુજનો, વડોદરા કૉલેજ અને છાત્રાવાસ, અને ત્યારબાદ અમદાવાદ અને કડીમાં શિક્ષક અને આચાર્ય તરીકેના અનુભવોના ચિંતનનો નિચોડ પ્રસ્તુત કરવામાં આવ્યો છે. શિક્ષણમાં રસ ધરાવતા જિજ્ઞાસુઓ અને સંશોધકોને રસ પડે તેવી વિગતો અહીં વર્ણવામાં આવેલ છે. વડોદરા રાજ્યમાં ફરજિયાત પ્રાથમિક શિક્ષણ, પાટણમાં મૅટ્રિક સુધીના અભ્યાસ માટે એક માત્ર પાટણ હાઈસ્કૂલ, વડોદરા કૉલેજ અને છાત્રાવાસનાં સંસ્મરણો રોચક બની રહ્યાં છે. વડોદરા કૉલેજમાં અભ્યાસનાં ચાર વર્ષ ને જીવનનો સુવર્ણકાળ ગણવા પાછળનું મુખ્ય પરિબળ 'કારેલી બાગ છાત્રાલયમાં રહીને ચારે તરફના કાવ્યમય વિસ્તારમાં કરેલા રઝળપાટ'ને ગણાવેલ છે. લેખકે લક્ષ્મીવિલાસ રાજમહેલ જોવા કરતાં વડનાં વૃક્ષોથી છાયેલો ઇન્દિરા એવેન્યુ રાત્રે જોવાનું વધુ પસંદ કર્યું હતું. છાત્રાવાસ દરમિયાનનાં લેખકનાં પ્રકૃતિ ભ્રમણો અને તેનાં વર્ણનો લલિત નિબંધનું રૂપ ધરી દે છે. લેખકને વડોદરા કૉલેજનું ભવ્ય મકાન અભિભૂત કરી દે છે. આ મકાનની ભવ્યતા વર્ણવતી મુનશીની કાવ્યપંક્તિઓ : ''શું શૈલેન્દ્ર ? ન હિમ કોઈ પડતું, મંદાકિની ? ના વહે,/ શ્રીમદ્ રાજ સયાજીરાજનગરે આ હર્મ્ય કોનું હશે ?'' લેખકના માનસપટલ ઉપર અંકિત થઈ જાય છે. વર્ગખંડોમાં થતી તોફાનોની ચેષ્ટાઓ ઉદા. તરીકે એક વિદ્યાર્થી દ્વારા ઘેરથી બ્લાઉઝ લાવીને પંખા ઉપર ફેંકવું અને વર્ગમાં પ્રો. જોશીના આગમનની ઘટના, કોઈ વિદ્યાર્થી દ્વારા બ્લેકબોર્ડ ઉપર, ''કુસુમ કેરી અણિયાળી આંખો'' કાવ્યપંક્તિઓ લખવી વગેરેના ઉલ્લેખો તથા પોતાના રૂમપાર્ટનર દ્વારા દારૂ પીવાનો આગ્રહને વશ થવું અને સ્વાદ જાણવા ખાતર દવાની ચમચી જેટલો દારૂ ચાખવો તથા બીડી પીવાની ઘટનાઓ નોંધી છે.

કૉલેજ શિક્ષણ પૂરું કરીને અમદાવાદની 'ન્યુ હાઈસ્કૂલ'માં શિક્ષક તરીકે જોડાયા બાદ થોડાક માસમાં ભારત આઝાદ થતાં અમદાવાદમાં તેની ઉજવણીના માહોલનો અહેવાલ સ-રસ રીતે વર્ણવાયો છે, પરંતુ વિભાજન બાદની હૃદયદ્રાવક ઘટનાઓ અને મહાત્મા ગાંધીની હત્યાથી રાષ્ટ્રે અનુભવેલ ભારે આંચકો અને વ્યાપેલ સન્નાટો અને ત્યારબાદ તેમના આત્માની શાંતિ અર્થે પ્રાર્થનાઓ પૈકી કોચરબના મોટા ઠાકરડાવાસમાં ઠાકોરભાઈઓ, રેંકડી ખેંચનારા, મારવાડીઓ, મિલ-મજૂરો, ખાનદેશીઓની પ્રાર્થના સંદર્ભે લેખકે નોંધ્યું છે કે ''આ માણસો ! એમનામાંથી કોઈએ 'સત્યના પ્રયોગો' વાંચ્યું નહોતું. ગાંધીજીની રાષ્ટ્રભાવના, ધર્મભાવના, દાંડીકૂચ, ગોળમેજી પરિષદ... આમાંનું એ કશું જાણતા નહોતા. એમણે ગાંધીને માત્ર વાતાવરણમાંથી આકંઠ પીધો હતો ! કશા વિશ્લેષણ સિવાય ગાંધી પ્રભાવથી એ સૌ તરબતર હતા ! બાર દિવસ સુધી આ પ્રમાણે ભજનકીર્તન થતાં રહ્યાં !' અમદાવાદમાં નિવાસ દરમિયાન પોતાની સર્જનયાત્રાનો પ્રારંભ થવો અને આ સમયગાળામાં રામભાઈ પટેલના આગ્રહથી સર્વ વિદ્યાલય, કડીમાં જોડાવાનું થયું. આ આત્મકથાનાં કુલ પૃષ્ઠોનો ત્રીજો ભાગ સર્વ વિદ્યાલયમાં શિક્ષક, ગૃહપતિ અને આચાર્ય તરીકેના અનુભવો માટે ફાળવેલ છે. અહીં એક ઉદાત્ત અને અધ્યયનશીલ શિક્ષક, વિદ્યાર્થી વત્સલ સહૃદયી ગૃહપતિ અને કુશળ આચાર્યના ત્રિવેણી સંગમરૂપ ઋષિકુળના આચાર્યનાં - આભિજાત્ય વ્યક્તિત્વનાં દર્શન થાય છે. આ પ્રકરણોમાં વર્ણવેલ અનેકવિધ પ્રસંગો જેમકે મહાગુજરાત આંદોલન સમયે છાત્રાલય બંધ કરાવવા માટે રાત્રે મોટા ટોળાનું ધસી આવવું અને તેમને ટાઢા પાડવા, વિદ્યાર્થી બબાભાઈનું એકાએક અદશ્ય થઈ જવું અને ગૃહપતિની વિહ્વળતા, ભયંકર આંધી ટાણે વિદ્યાર્થીઓની સલામતી અંગેની ચિંતા, ફૂટબૉલની રમત માટે મેદાન વચ્ચેના ઘટાદાર વડનું વિદ્યાર્થીઓ દ્વારા સ્થળાંતર કરવું, કૉલેજના વિદ્યાર્થીઓનાં બેહૂદા વર્તનથી નારાજગી વગેરેમાં ઊભરી આવતું લેખકનું અણિશુદ્ધ પ્રામાણિક વ્યક્તિત્વ, સહૃદયતા અને સર્વ વિદ્યાલય માટેની આસ્થા અને નિષ્ઠાની સ-રસ અભિવ્યક્તિ વાચકના ચિત્તને પ્રભાવિત કરી મૂકે છે. સર્વ વિદ્યાલયમાં આપેલ સેવાઓની સંતુષ્ટિ વ્યક્ત કરતાં એમણે જણાવ્યું છે કે 'હું અમદાવાદમાં કૉલેજનો અધ્યાપક બની રહ્યો હોત તો... સાહિત્યકાર તરીકેની પ્રતિષ્ઠા તેમ જ નાણાંનો લાભ થયો હોત પણ કડીમાં રહીને કડવા પાટીદાર કેળવણી

ઉત્તેજક મંડળ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આશ્રયે રહીને કામ કરવામાં જે પ્રતિષ્ઠા મળી છે. એની તોલે પેલી ઉપલબ્ધિ કદી ન આવી શકત.'

'વિદ્યાગુરુઓ' પ્રકરણમાં પ્રાથમિકથી મૅટ્રિક સુધીના શિક્ષણની પ્રાપ્તિમાં જે જે શિક્ષકોનો/ગુરુજનોનો ફાળો રહ્યો છે. તે રામલાલ દવે, એમ.એમ. અધ્યારુ, રામલાલ ચુ. મોદીનું નામ સ્મરણ કરીને કૉલેજના પ્રિ. પી.સી. રોમન્સ અને એમ.એ.ના શિક્ષણ દરમિયાનના ઉમાશંકર જોશી અને પ્રબોધ પંડિત વિશે પોતાનો અહોભાવ વ્યક્ત કરતાં સંસ્મરણોમાં તેમનાં વ્યક્તિત્વ, અધ્યાપન શૈલી, વિદ્યાર્થી વત્સલતા, વિદ્યાર્થીની મુશ્કેલીઓમાં મદદરૂપ થવાની વૃત્તિ અને વ્યવહાર વગેરે ગુણોને સોદાહરણ ઉજાગર કરેલ છે. પોતાની ઐતિહાસિક નવલકથાઓ 'અંતિમ દીપ' અને 'લાંછન'નું મૂળ હાઈસ્કૂલ શિક્ષણ દરમિયાન દવે સાહેબ 'નેચરસ્ટડી' પિરિયડોમાં પ્રાચીન પાટણના અવશેષોની મુલાકાતે લઈ જતા તેમાં જુએ છે. અધ્યારુ સાહેબ માટે ગર્વભેર નોંધ્યું છે કે "ગુજરાતી અને અંગ્રેજી વિષયો એ અમને ભણાવે. હું અનેક શાળાઓના શિક્ષકોના સંપર્કમાં આવ્યો છું, પણ મેં અધ્યારુ સાહેબ જેવા અંગ્રેજી ભાષાનો શિક્ષક ક્યાંય જોયો નથી. અત્યારની પેઢીમાં કોઈ કદી ન માની શકે એવી અંગ્રેજી ભણાવવાની આગવી એમની રીત હતી. ભણાવતાં ભણાવતાં કેટલાક અંગ્રેજી શબ્દોનાં લેટિન મૂળ રૂપ અમને યાદ રહી જાય એ રીતે એ આપતા... આજે ૮૫ મા વર્ષની વયે એમના જ વર્ગનો હું, એમને મારી સૌથી વધારે પ્રિય વ્યક્તિઓમાંના એક ગણું છું. અંગ્રેજી ભાષામાં મારી જે કોઈ ઉપલબ્ધિ થઈ હોય એના પાયામાં અધ્યારુ સાહેબનો ફાળો ઘણો મોટો છે." આઠમા ધોરણમાં સંસ્કૃત અને દસમા ધોરણમાં ગુજરાતી ભણાવતા રામલાલ ચુ. મોદી સાહેબને પાટણના ઇતિહાસકાર પ્રખર સંશોધક-વિદ્વાન તરીકે વર્ણવીને તેમની ઉપલબ્ધિઓ ઉજાગર કરવા ઉપરાંત તેમના સમકાલીનો રામપ્રસાદ બક્ષી, બ. ક. ઠાકોર, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી વગેરેનાં મંતવ્યો પણ ઉદધૃત કર્યાં છે. પ્રિ. પી. સી. રોમન્સ વિશે લખ્યું છે કે ભણાવતી વખતે એ પોતે જાણે પાત્ર સાથે આત્મૈક્ય સાધી લેતા. કિંગ લિયરની સ્પીચ વખતે એમની આંખો રક્તરંગી થઈ જતી... શિક્ષણના એકમમાં તદાકાર થઈને ઉત્તમ અધ્યાપનકાર્ય કેવી રીતે કરી શકાય એ હું અમારા પ્રિન્સિપાલ પાસેથી શીખ્યો. ૧૯૬૦-૬૧ના વર્ષમાં એમ.એ.ના વર્ગમાં ઉમાશંકર જોશીને એક શિક્ષક - ગુરુ તરીકે અનુભવ્યા તેનાં વિવિધ પાસાંઓ વિશે ઉદા. તરીકે એમ.એ.ના વર્ગમાં પણ કોઈ એકમ ઉપર લખી લાવવા કે કવિતાનો આસ્વાદ કરાવવાનું કામ સોંપે તેને પોતે તપાસતા, સુધારતા અને ૧૦માંથી માર્ક્સ આપતા. 'આવાં બે લખાણો મેં સાચવી રાખ્યાં છે' વિશે વિસ્તારથી વાત કરી છે. પ્રબોધ પંડિત સાહેબને એક ઉત્તમ ગુરુ તરીકે ઓળખાવીને તેમના દ્વારા રજાના દિવસે અને તે જ સમયે ક્વીન ઇલિઝાબેથની અમદાવાદની મુલાકાત ટાણે પણ પોતાનો ક્લાસ ચાલુ રાખવો અને તેમાં બધા વિદ્યાર્થીઓની હાજરી વગેરે પ્રસંગો વર્ણવીને નોંધ્યું છે "આવા અધ્યાપકો ક્યાં મળે ? દુર્લભ."

શિક્ષણથી સાવ પરાઙ્મુખ હોય એમ સરકારી શિક્ષણખાતાની જડતા, આડેધડ અને ક્યારેક ખોટા નિર્ણયો લેવાની ઉતાવળ, શિક્ષણના મૂળભૂત સિદ્ધાંતો પ્રત્યે દુર્લક્ષ, કચ્છપગતિએ લેવાતા નિર્ણયોમાં વેડફાતો પારાવાર સમય... આવી આવી અનેક સમસ્યાઓને ઉદાહરણ દ્વારા લેખકે સરકારી જડતા વિશે માર્મિક શબ્દોમાં વાત કરી છે, પણ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના એક સ્વપ્નને આકૃત કરતી યોજનાના ફળરૂપ નિર્માણ પામેલાં પ્રિ. વોકેશનલ ટ્રેઈનિંગ સેન્ટરો, જેમાં ૧૧ થી ૧૬ વર્ષની ઉંમરના કિશોરો જે દિશાદોર વગરના બનીને રઝળતા થઈ ગયા હોય અથવા હોટલો કે કારખાનાંઓમાં મજૂરી કરતા હોય એમને શિક્ષણ અને ધંધાકીય તાલીમ આપવામાં આવતી હતી. એવાં યુનિસેફ અને કેન્દ્ર સરકારની સહાયથી અસ્તિત્વમાં આવેલાં દેશનાં ૬૫ કેન્દ્રો જે પૈકી ગુજરાતમાં ચાર હતાં જેમાંનું એક સર્વવિદ્યાલયને સંલગ્ન હતું. ગુજરાતનાં આ ચારેય કેન્દ્રોને ૧૯૭૭માં ગુજરાત સરકારે એક જ ઝાટકે બંધ કરવાનો ઠરાવ કર્યો. ગુજરાત સરકારના કેળવણી પ્રત્યેના આ ઘોર અપરાધની લેખકે આક્રોશપૂર્વક ઉગ્ર શબ્દોમાં ટીકા કરી છે.

રાષ્ટ્રપ્રેમ લેખકના જીવનનું એક ઊજળું પાસું છે એ આત્મકથામાં અછડતા સંકેતો દ્વારા જાણી શકાય છે, પણ પુસ્તકના પરિશિષ્ટમાં આપેલા સાક્ષાત્કારમાં ૧૯૪૨ની 'હિન્દ છોડો' ચળવળ અંગેના પ્રશ્નના એક ઉત્તરમાં આ હકીકત વધારે સ્પષ્ટ થાય છે. એમણે કહ્યું છે : '...અમારા જેવા યુવાનોનું તો એક જ સ્વપ્ન - દેશ આઝાદ થાય !'

ચળવળનાં ઘોડાપૂર ઓસર્યાં એ પછી પણ લેખકે વિદ્યાર્થીજીવનની સમયમર્યાદામાં રહીને રાષ્ટ્રભક્તિના

સંદર્ભમાં અનેક પ્રકારના રચનાત્મક કાર્યક્રમો અને શ્રમયજ્ઞોમાં ભાગ લીધો હતો.

'વાચન વિહાર'માં લેખકની વાચન રસ-રુચિ છઠ્ઠા ધોરણથી સતત ઊર્ધ્વગતિએ વિકસતી જતાં કૉલેજશિક્ષણ સુધી કથાસાહિત્ય ઉપરાંત ગહન અધ્યયન ગ્રંથો જેવા કે કાર્ડિનલ ન્યુમેન કૃત 'આઇડિયા ઑફ એ યુનિવર્સિટી', ચર્ચિલ કૃત 'સેકન્ડ વર્લ્ડ વૉર', મેકોલેના નિબંધો વગેરે શતાધિક ગ્રંથોનું વાચન થયેલું જોવા મળે છે, અને તેમાં પણ ગુજરાતીની તુલનાએ અંગ્રેજીના ગ્રંથોનું ઘણું મોટું પ્રમાણ રહ્યું છે. કૉલેજ અભ્યાસ બાદ આ રુચિના સંવર્ધનમાં સર્વ વિદ્યાલય, કડીના સમૃદ્ધ ગ્રંથાલયનો ફાળો રહ્યો છે. 'મારી સાહિત્યસર્જન યાત્રા' અંતર્ગત વિવિધ સાહિત્ય સ્વરૂપોમાં પોતાના પ્રાણવાન સર્જન પૈકી ફક્ત નવલકથા, ટૂંકીવાર્તા અને લઘુકથાન સર્જન સંદર્ભે કેફિયત રજૂ કરી છે. અહીં લેખકે પોતાની સર્જનયાત્રાનો પરિચય કરાવીને પોતાની કૃતિઓ વિશે પોતાનાં અને વિવચકોનાં મંતવ્યો નિરક્ષીરભાવે ઉદધૃત કર્યા છે, તેમજ વિવેચકોની ઉદાસીનતા તથા ટૂંકીવાર્તાનાં સંપાદનોમાં થતા પ્રમાદ તરફ અંગુલિનિર્દેશ કરતાં જણાવ્યું છે કે 'કોઈ આને અંગત બળાપો સમજે, તો એમ સમજવામાં આ લેખકને જરા પણ વાંધો નથી. આ સંદર્ભે અમેરિકામાં ટૂંકીવાર્તાનાં સંપાદનો માટે હાથ ધરાતી પ્રક્રિયાનું પ્રેરક ઉદાહરણ આપ્યું છે, જે અનુકરણીય છે. લેખકને કોઈ પરંપરાગત વાર્તાકાર તરીકે ઓળખાવે ત્યારે પોતે આશ્ચર્ય અનુભવે છે અને આવું કહેનારાને જણાવે છે કે મારી વાર્તાઓ કોઈ કુટુંબ કે સમાજનાં વિવિધ અંગોની વ્યક્તિઓની કૌટુંબિક કથાઓ કહેવા માટેની રચનાઓ નથી. મારી વાર્તાઓનું લક્ષ્ય શુદ્ધ સાહિત્ય પદાર્થને સિદ્ધ કરવા તરફ હોય છે. ઐતિહાસિક નવલકથામાં ઇતિહાસનું પ્રમાણ ભોજનમાં મીઠાના પ્રમાણ જેટલું નહીં, પરંતુ ખાદ્ય પદાર્થના પ્રમાણ જેટલું હોવું જોઈએ તેમજ ઇતિહાસની રસાત્મકતામાં અવિશ્વાસ રાખવાની જરૂર નથી તેવા મતના એ આગ્રહી છે, જેની પ્રતીતિ તેમની બે ઐતિહાસિક નવલકથાઓ 'અંતિમ દીપ' અને 'લાંછન'ના માધ્યમથી થાય છે. તેમણે આ બંને નવલકથાઓ પૂરા અભ્યાસ અને જરૂરી સંશોધનના આધારે મેળવેલ ઐતિહાસિક હકીકતોને વિકૃત કર્યા સિવાય નિરૂપિત કરી છે. આ ઉપરાંત ઐતિહાસિક નવલકથા કોને કહેવાય તે સંદર્ભે તેમનું મંતવ્ય, જેમાં રાજા, લશ્કર અને યુદ્ધ હોય તે જ ઐતિહાસિક નવલકથા કહેવાય એવો આપણો ખ્યાલ હોય તો તે એક ભ્રમ છે. પ્રજાની કોઈ ધ્યેય કે લક્ષ માટેની લડત ઐતિહાસિક નવલકથાનું વસ્તુ બની શકે. આપણી આઝાદી માટેની ચળવળ ઉપર રચાયેલી નવલકથાઓને ઐતિહાસિક નવલકથાઓ ગણી શકાય. આ રીતે મારી 'રણમાં છાઈ શ્યામ ઘટા', 'ભવપ્રપંચ' અને 'ડેડ એન્ડ' ઐતિહાસિક નવલકથાઓ છે, જે 'ધ્યાનાર્હ' બની રહે છે. ભાષા અને સાહિત્યનો ધર્મ એક હોવા છતાં લેખકે સાહિત્ય આગળ ભાષાને વામણી ગણતાં નોંધ્યું છે કે 'સર્જકના વિસ્તાર પામેલા ચિત્તમાં નિર્માણ પામેલી આત્માની કલારૂપ સૃષ્ટિને યથાતથ વર્ણવવાનું ભાષાનું ગજું કેટલું ? લેખક ગુજરાતી લઘુકથા સાહિત્ય સ્વરૂપના જનક-પ્રવર્તક અને ખમતીધર સર્જક હોવાથી 'લઘુકથા'ના ઉદ્ભવ, વિકાસ અને અન્ય ભારતીય ભાષાઓમાં લઘુકથાની સ્થિતિ વિશે તુલનાત્મક પરિપ્રેક્ષ્યમાં વિવેચના કરીને નોંધ્યું છે કે 'ગુજરાતી લઘુકથા' ગૌરવ અપાવે એવી હોવા છતાં, હોંશે હોંશે એની વાત કરવાને બદલે ઉચ્ચ ભમરિયા ગુજરાતી સાહિત્યકારો અને વિવેચકો દ્વારા સેવાતી ઉપેક્ષા ખેદ ઉપજાવ્યા વિના કેમ રહે ?' આમ અહીં લેખક પોતાના સાહિત્યસર્જન વિશેની માન્યતાઓને - ખ્યાલોને સ્પષ્ટ શબ્દોમાં મુખરિત કરતા જોવા મળે છે. ગ્રંથાન્તેનાં ત્રણ પરિશિષ્ટો - જીવન ઘટનાક્રમ, લેખક સાથેનો સાક્ષાત્કાર અને લેખન-સર્જનની સૂચિ-પૂરક બની રહે છે.

સમગ્રતયા આત્માભિવ્યક્તિનું મુક્ત માધ્યમ એવી આ આત્મકથા ૨૦મી સદીના કૃષક સમાજ, શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રની ગતિવિધિઓને વાચા આપતો એક સાંસ્કૃતિક દસ્તાવેજ છે, જે ગુજરાતી આત્મકથામાં પોતાની આગવી ઓળખ ઊભી કરશે તેમ તેના કળાસૌંદર્ય અને વસ્તુતત્ત્વની સચ્ચાઈ તથા ઉદાત્તતાને ધ્યાને લેતાં કહી શકાય.

**– મણિભાઈ પ્રજાપતિ**

"સો પચાસ ઇતિહાસ અને ચરિત્રો વાંચવા કરતાં એક સાચું આત્મચરિત્ર વાંચવાથી આપણને વધારે બોધ મળે છે."

– કાકાસાહેબ કાલેલકર

# સંસ્થા સમાચાર

## યુનિવર્સિટી / કૉલેજ વિભાગ

### એન.એસ.એસ.

❒ તા. ૨૨-૨૩-૨૪ સપ્ટેમ્બરના રોજ રાજ્ય સ્તરીય એન.એસ.એસ. ડેની ઉજવણીના ભાગરૂપે વિવિધ ૨૦ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉમા આર્ટસ્ અને નાથીબા કોમર્સ મહિલા કૉલેજની વિદ્યાર્થીની મેંદપરા માનસીએ વક્તૃત્વ સ્પર્ધામાં દ્વિતીય ક્રમ અને તન્ના અમીધારાએ એક પાત્રીય અભિનયમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. જ્યારે અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કૉલેજ, ગાંધીનગરના ૧૨ વિદ્યાર્થીઓએ ૨૦ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો, તેમાં પ્રથમ નંબર સમૂહનૃત્ય (ગરબા), અને સોર્ટ-સ્ટોરીમાં; સમૂહગાનમાં-દ્વિતીય; સ્કીટમાં ત્રીજો અને કાવ્યપઠનમાં ત્રીજો નંબર મેળવ્યો હતો. આ પ્રસંગે આયોજિત વિવિધ ઇવેન્ટોમાં સમગ્ર ગુજરાતની યુનિવર્સિટીઓ પૈકી સૌથી વધારે ઇનામો કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરને મળ્યાં હતાં.

❒ સ્પર્ધકોને રાજ્યનાં મહેસૂલમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના હસ્તે ઇનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

### ઔદ્યોગિક પ્રવાસ

❒ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૧૦-૯-૧૩ના રોજ 'સાબર ડેરી'ની અને ૧૧-૯-૧૩ના રોજ 'અમુલ ડેરી'ની ઇન્ડસ્ટ્રીયલ ટુરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો ઉદ્દેશ વિદ્યાર્થીઓ સૈદ્ધાન્તિક અભ્યાસ સાથે તેનો બજારમાં કે ઉદ્યોગમાં કેવો ઉપયોગ થાય છે, તે વ્યવહારિક રીતે જાણી શકે તે હતો.

### કાવ્યરચના સ્પર્ધા

❒ ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે તા. ૨૦-૯-૧૩ના રોજ કાવ્યરચના સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બી.બી.એ. કૉલેજના પ્રથમ સેમેસ્ટરના વિદ્યાર્થી ખંજન બ્રહ્મભટ્ટ તેમજ અધ્યાપકોની સ્પર્ધામાં પ્રો. નીરવ જોષીનો પ્રથમ ક્રમાંક આવ્યો હતો. આ ઉપરાંત આ અનુસંધાને ઓક્ટોબર ૨૦૧૩માં યોજાયેલ વક્તૃત્વ સ્પર્ધામાં પણ પ્રો. નીરવ જોષી પ્રથમ ક્રમે વિજેતા બન્યા હતા.

### ક્વીઝ સ્પર્ધા

❒ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૧૭-૯ થી ૨૧-૯ દરમિયાન કૉલેજના વિવિધ વિષયો સંદર્ભે Quiz Competitionનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું આયોજન અને કો-ઓર્ડિનેશન અંગ્રેજી વિભાગના પ્રા. બ્રિજેશ પુરોહિતે કર્યું હતું.

### ગુજરાતી ગઝલ અને કાવ્યરચના પરિસંવાદ

❒ શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, કડી-ગાંધીનગર અને ગુજરાત સાહિત્ય અકાદેમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે 'ગુજરાતી ગઝલ અને કાવ્યરચના પરિસંવાદ' સર્વ વિદ્યાલય, કડી કેમ્પસમાં સ્થિત 'માણેકલાલ એમ. પટેલ મેમોરિઅલ હૉલ'માં તા. ૭ ઓક્ટોબર, ૨૦૧૩ના દિવસે આયોજિત કરવામાં આવ્યો હતો. ઉદ્ઘાટન બેઠકનું અધ્યક્ષપદ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલે શોભાવ્યું હતું. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના

પ્રમુખ ડૉ. રામભાઈ પટેલ, મંડળની ગાંધીનગર શાખાના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, મંડળના મંત્રીશ્રીઓ સર્વશ્રી ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ વગેરે પદાધિકારીઓ, ગુજરાત સાહિત્ય અકાદેમી, ગાંધીનગરના મહામાત્ર શ્રી હર્ષદભાઈ ત્રિવેદી, કેમ્પસ ડાયરેક્ટરશ્રીઓ સર્વશ્રી ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર.જે. વ્યાસ અને ડૉ. રમણભાઈ પટેલ, કડી કેમ્પસની શાળા-કૉલેજોના આચાર્યશ્રીઓ, અધ્યાપકો, વિદ્યાર્થીઓ અને આમંત્રિતો ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્‌ઘાટકીય ઉદ્‌બોધનમાં અધ્યક્ષશ્રી વલ્લભભાઈ પટેલે શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળની સ્થાપનાના ઉદ્દેશો જણાવી માનવજીવન ઘડતર અને વિદ્યાર્થીઓમાં સર્જકત્વ ખીલવવાના સત્ત્વશીલ કાર્યક્રમોની સરાહના કરતાં કહ્યું હતું કે સાહિત્યરૂપી દોરાને સોયમાં પરોવીને સમાજ સાંધવાનું કામ કરે છે. ડૉ. કનુભાઈ પટેલે જણાવ્યું હતું કે જીવનમાં સાહિત્યનું સ્થાન અનેરું છે. સાહિત્યના સથવારે માનવજીવન ઋજુ, સંવેદનશીલ અને ઉન્નત બને છે. સાહિત્ય વર્તુળની પ્રવૃત્તિઓ થકી વિદ્યાર્થીઓ અને અધ્યાપકોમાં સર્જનશીલતા અને સંશોધનાત્મક દૃષ્ટિ ખીલશે તેવો આશાવાદ સેવ્યો હતો. અકાદેમીના મહામાત્ર કવિ શ્રી હર્ષદ ત્રિવેદીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં ગઝલ અને કાવ્ય-સ્વરૂપનો પરિચય કરાવીને સ્વરચિત કાવ્યોનો પાઠ કર્યો હતો.

આ પ્રસંગે આમંત્રિત કવિઓ સર્વશ્રી શ્રી રાજેશ વ્યાસ, શ્રી હરદ્વાર ગોસ્વામી, શ્રી કિશોર જીકાદરા, શ્રી ફિલિપ ક્લાર્ક, ડૉ. નિષાદ ઓઝા, શ્રી મનોહર ત્રિવેદી, શ્રી જિતેન્દ્ર વ્યાસ, શ્રી યશવંત કડીકર, શ્રી રમેશ ત્રિવેદી, ડૉ. નીતિન વોરા, ડૉ. મયંક પટેલ ઉપરાંત શ્રી હર્ષદ સોલંકી, શિવાની પટેલ, શ્રી સંદીપ પટેલ, જીતુભાઈ નાયક, શ્રી ખોડભાઈ, શ્રી ભગવત સુથાર વગેરેએ સ્વરચિત ગઝલો અને કવિતાઓની પ્રસ્તુતિ કરી હતી. આ ઉપરાંત શ્રી રાજેશ વ્યાસે ગઝલ રચના, પ્રાદુર્ભાવ અને સ્વરૂપ શ્રી મનોહર ત્રિવેદીએ કવિતામાં ઊર્મિતત્ત્વ અને જિતેન્દ્ર વ્યાસે છાંદસ - અછાંદસ કાવ્ય અને ગઝલ વચ્ચેના ભેદને રેખાંકિત કરતાં સુચિંતનીય વક્તવ્યો પોતાના કાવ્યપાઠની પૂર્વે રજૂ કર્યાં હતાં. અંતિમ બેઠકના અધ્યક્ષસ્થાને કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર શ્રી ડી.ટી. કાપડિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સાહિત્યિક પર્યાવરણ જાળવી રાખવા માટે આવા 'જ્ઞાનયજ્ઞો'ના સતત આયોજનની આવશ્યકતા જણાવી હતી.

કાર્યક્રમનું સંચાલન ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગરનાં હિન્દી વિભાગનાં અધ્યક્ષા અને સુપ્રસિદ્ધ સાહિત્યકાર ડૉ. બિન્દુ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના પ્રારંભમાં નર્સિંગ કૉલેજ કેમ્પસના ડાયરેક્ટર અને આ કાર્યક્રમના ઉત્સાહી સંયોજક ડૉ. આર. જે. વ્યાસે સૌ આમંત્રિતોનું હૃદયના ઉમળકાથી સ્વાગત કરીને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળની પ્રવૃત્તિઓનો પરિચય કરાવ્યો હતો. આભારવિધિ ડૉ. સોમભાઈ પટેલે કરી હતી. આ કાર્યક્રમના વ્યવસ્થાપનમાં પ્રા. જગદીશ પટેલ, પ્રિ. ચંદ્રેશ પટેલ વગેરેની સરાહનીય સેવાઓ સાંપડી હતી.

## જન્માષ્ટમી પર્વ

❒ ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના તાલીમાર્થીઓને ધાર્મિક તહેવારોની ઉજવણીનો ખ્યાલ સ્પષ્ટ થાય તે હેતુથી નંદ મહોત્સવની ઉજવણી નિમિત્તે નાટક, ભજન, ગરબા અને આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## ટૂંકીવાર્તા શિબિર

❒ ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર અને શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળના સંયુક્ત ઉપક્રમે વિદ્યાર્થીઓને ટૂંકીવાર્તાની લાક્ષણિકતાઓની જાણકારી મળી રહે અને ટૂંકીવાર્તાનું લેખનકાર્ય કરી શકે તે હેતુથી તા. ૩૦-૮-૨૦૧૩ના રોજ ટૂંકીવાર્તાની વિભાવના અને રચના વિશે શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના આરંભે પ્રા. ભરતભાઈ પટેલે સમારોહના મહેમાન શ્રી કલ્પેશભાઈ પટેલનો પરિચય આપી વાર્તાક્ષેત્રે તેમના પ્રદાન વિશેની માહિતી આપી હતી. શ્રી કલ્પેશભાઈ પટેલે વાર્તા એટલે શું ? ટૂંકીવાર્તામાં કથાવસ્તુ, પાત્રાલેખનકલા, ભાષાશૈલી, સંવાદકલા, અને સંઘર્ષ કેવો હોવો જોઈએ એના વિશે ઝીણવટપૂર્વકની માહિતી આપી હતી, ત્યારબાદ શિબિરાર્થીઓએ વાર્તાલેખન કરી પોતાની સ્વરચિત વાર્તાઓનું પઠન કર્યું હતું. કાર્યક્રમના અંતે ગ્રંથપાલ શ્રીમતી માયાબેન પટેલે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.

## પીએચ.ડી.

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા નીચે દર્શાવેલા વિદ્યાર્થીઓને તેમના નામ સાથે જણાવેલ શોધપ્રબંધ સ્વી .રીને તેમને Ph.D.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

૧. Rahamana Bhartiben Lilabhai : "હિમાંશી શેલતની સાહિત્યસૃષ્ટિ : એક અભ્યાસ" / Subject : Gujarati/Guide : Dr. Utpal R. Patel.

૨. Rathod Balbhadrasinhji Pratapsinhji : "કાંઠા વિસ્તાર (પ્રાંતિજ તાલુકા સંદર્ભે)નું ગેય લોક સાહિત્ય : સંશોધન અને સાંસ્કૃતિક દૃષ્ટિએ અભ્યાસ" / Subject : Gujarati/Guide : Dr. Utpal R. Patel.

૩. Trivedi Khevna Yogeshkumar : "Effectiveness of Active Learning Approach in Teaching English Language" / Subject : Education/Guide : Dr. Sanjay M. Gupta.

૪. Chavada Varsangbhai Karshanbhai : "A study of Various Aspects of the Arjun Award Winners in Gujarat" /Subject : Physical Education/Guide : Dr. Alka K. Joshi.

૫. Rathvi Ranchhodbhai Ganeshbhai : "Effects of Arobic and Indigenious Exercises on Health Related Physical Fitness and Selected Physiological Variables" / Subject : Physical Education/Guide : Dr. Alka K. Joshi.

૬. Dhruv Bhavita Himanshubhai : "Investigations on the Medicinal Properties of Gymnosporia Montana (Roth.) Benth, A Native of Gujarat"/Subject : Biotechnology/Guide : Dr. Lakshmi B.

૭. Arora Anshul Indrakumar : "Cell Polarity Complexes in Catract and Posterior Capsular Opacification"/Subject : Biotechnology/Guide : Dr. Abhay R. Vasavada.

૮. Harkawat Sandhya Surendrasinh : "Working Capital Performance Measures in S&P CNX Nifty index Companies" /Subject : Management/Guide : Dr. Chinnam Reddy.

૯. Trivedi Vandit Rajeshkumar : "Evaluation of Efficacy of Osmotin in Metabolic and Cardiovascular Disorders" / Subject : Pharmaceutical Sciences/ Guide : Dr. G. B. Shah

૧૦. Patel Sonal Umeshchandra : "Phytochemical and Pharnacological Investigation of the Plant Justicia Gendarussa"/Subject : Pharmaceutical Science/Guide : Dr. Maitreyi Zaveri

૧૧. Barot Bhavesh Subhashchandra : "Design and Characterization of Nail Drug Delivery System of Some Antifungal Agents"/Subject : Pharmaceutical Science/Guide : Dr. Pragna K. Shelat

૧૨. Patel Hetalbahen Dayaljibhai : "Design & Development of Microemulsion System for Topical Drug Delivery" /Subject : Pharmaceutical Science/ Guide : Dr. A. K. Shukla

૧૩. Bhensdadia Chandulal Khodabhai : "Dynamic Warehousing & Mining" /Subject : Computer Engineering/ Guide : Dr. Yogeshwar Prasad Kosta.

❐ કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડિરેક્ટર ઑફ પબ્લિકેશન્સ શ્રી મણિભાઈ પ્રજાપતિના માર્ગદર્શન હેઠળ શ્રી ભગવતી જી. પ્રજાપતિ એ ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાનમાં "ગુજરાતનાં બાળ ગ્રંથાલયો : એક અભ્યાસ" શીર્ષક હેઠળ રજૂ કરેલ શોધપ્રબંધને માન્ય રાખીને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાય યુનિવર્સિટી, પાટણ દ્વારા પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરવામાં આવી.

## પ્લેસમેન્ટ

❒ બી. પી. કૉલેજ ઑફ બી.બી.એ, ગાંધીનગર દ્વારા તા. ૩૧-૮-૨૦૧૩ના રોજ ગુજરાતની અગ્રગણ્ય સંસ્થા IL એન્ડ FSની ટીમ દ્વારા ગાંધીનગર તેમજ કડીના ભૂતપૂર્વ બી.બી.એ.ના વિદ્યાર્થીઓ માટે પ્લેસમેન્ટ ટ્રેનિંગનો કાર્યક્રમ યોજાઈ ગયો. પસંદ થયેલા વિદ્યાર્થીઓને ૩૫ દિવસની સઘન તાલીમ આપવામાં આવશે.

❒ તા. ૧૬-૯-૧૩ના રોજ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા કૉલેજ કેમ્પસમાં મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૮ કંપનીઓના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ જોબ ફેરમાં લગભગ ૩૫૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, જેમાં ૬૩ વિદ્યાર્થીઓ પસંદગી પામ્યા હતા.

## રમતગમત

❒ ગાંધીનગર ખાતે દક્ષિણ વિભાગ ગુજરાત યુનિવર્સિટી હેન્ડબોલ (બહેનો)ની સ્પર્ધામાં ઉમા આર્ટ્સ તથા નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગરની ટીમે આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વસોને ૧૪/૦ ગોલથી હરાવી સતત ચૌદમી વાર ચેમ્પિયનશિપ જાળવી રાખી છે. અભિનંદન.

## વક્તૃત્વ સ્પર્ધા

❒ શ્રી સત્યસાંઈ સેવા ઓર્ગેનાઈઝેશન, ગાંધીનગર દ્વારા તા. ૨-૧૦-૧૩ના રોજ આંતર કૉલેજ વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ, જેમાં ગાંધીનગરની વિવિધ કૉલેજોના સ્પર્ધકો પૈકી ઉમા આર્ટ્સ તથા નાથીબા કૉમર્સ કૉલેજની વિદ્યાર્થીની કુ. પ્રિયંકા સોજિત્રાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી ટ્રોફી તથા પુરસ્કાર મેળવ્યો.

## વાલી સંમેલન

❒ તા. ૨૧-૯-૧૩ના રોજ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સત્રાંત પરીક્ષામાં 'સી' ગ્રેડ મેળવેલ વિદ્યાર્થીઓ અને ૫૦ % કરતાં ઓછી હાજરીવાળા વિદ્યાર્થીઓના વાલીઓને ખાસ બોલાવ્યા હતા. આ પ્રસંગે 'એ' ગ્રેડ ના વિદ્યાર્થીઓના વાલીઓને અભિનંદન આપવામાં આવ્યા હતા, તો 'સી' ગ્રેડના વિદ્યાર્થીઓના વાલીઓને વિદ્યાર્થીના અભ્યાસ અને હાજરી પર વિશેષ ધ્યાન આપવા જણાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે વાલીઓ સમક્ષ કૉલેજની પ્રવૃત્તિઓનું પાવન પોઈન્ટ પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાન

❒ અશ્વિનભાઈ એ. પટેલ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર દ્વારા તા. ૬-૯-૧૩ના રોજ T.Y.Bcomના વિદ્યાર્થીઓ માટે 'ભાવવિસ્ફાર' વિષય પર શ્રી આર. કે. શાહનું વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું, જેમાં તેમણે ફુગાવો અને તેની વર્તમાન ભારત પરની અસરો પર ઊંડાણથી માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં લગભગ ૨૮૦ જેટલા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ ઉપરાંત તા. ૧૦-૯-૧૩ના રોજ ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત "અધ્યાપકની જવાબદારીઓ અને ભૂમિકા" વિષય પર શ્રી સુરેશ મશરૂવાલાના વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

## શિક્ષક પર્વ

❒ ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કૉલેજ, કડીમાં શિક્ષક દિનની ઉજવણી નિમિત્તે તાલીમાર્થીઓએ એક દિવસના પ્રિન્સિપાલ તથા અધ્યાપક તરીકેની કામગીરી નિભાવી હતી. શિક્ષણકાર્યના અંતે આયોજિત સમારોહમાં તાલીમાર્થી અધ્યાપકોએ પોતાના અનુભવો અને પ્રતિભાવો રજૂ કર્યા હતા. પ્રિ. ડૉ. બાબુલાલ આર. પટેલે શિક્ષક કેવો હોવો જોઈએ અને સમાજમાં શિક્ષકોના સ્થાન વિશે સમજણ આપી હતી.

## શૈક્ષણિક મુલાકાત

❒ બી. પી. કૉલેજ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ, ગાંધીનગરના વિદ્યાર્થીઓએ મેનેજમેન્ટ વિદ્યાક્ષેત્રના કાશી સમાન IIM, અમદાવાદની તા. ૯-૧૦-૧૩ના રોજ મુલાકાત લીધી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ ડૉ. વિક્રમ સારાભાઈ લાઇબ્રેરી, વર્ગખંડો, ઓડિટોરિયમ, છાત્રાવાસ વગેરેની મુલાકાત લીધી હતી. આ ઉપરાંત અહીં અભ્યાસ માટેની પ્રવેશ પરીક્ષા CAT અને IIM વિશે વિગતે પરિચય, IIMનાં શ્રીમતી ઇશિતા શર્મા, શ્રી એલ્બર્ટ (એચ. આર. એક્ઝિક્યુટીવ) અને રાકેશ ચૌહાણ દ્વારા આપવામાં આવ્યો હતો. આ મુલાકાતમાં આચાર્યશ્રી અને અધ્યાપકો પણ જોડાયા હતા.

## સંશોધન ગ્રાન્ટ

❒ ઇન્સ્યોરન્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયા દ્વારા જીવન વીમા ક્ષેત્રમાં સંશોધન માટે એસ. વી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, કડીમાં 'એસોસિએટ પ્રોફેસર' તરીકે ફરજ બજાવતા પ્રા. મિતેષ એમ. જયસ્વાલને પીએચ.ડી.ના અભ્યાસ માટે રિસર્ચ ગ્રાન્ટ મંજૂર કરવામાં આવી. પ્રા. જયસ્વાલ કડી સર્વ વિશ્વવિદ્યાલયમાં નિરમા યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. એ. સી. બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી. કરી રહ્યા છે. તાજેતરમાં કલકત્તામાં આયોજિત ઇન્સ્યોરન્સ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડિયાના ૫૮મા વાર્ષિક અધિવેશનમાં પ્રા. મિતેષ એમ. જયસ્વાલને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવતાં તેમણે પોતાના સંશોધન વિશે વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે ઇન્સ્ટિટ્યૂટના ચેરમેન શ્રી ટી. એસ. વીજીયન દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## હિન્દી દિવસ

ફેકલ્ટી ઑફ એજ્યુકેશન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના તાલીમાર્થીઓ દ્વારા તા. ૧૪-૯-૨૦૧૩ના રોજ હિન્દી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં તાલીમાર્થીઓએ હિન્દી ભાષામાં પ્રાર્થના, દોહા, પદો, નાટક, ગીત, હિન્દી સાહિત્યના પ્રતિષ્ઠિત સાહિત્યકાર પ્રેમચંદજીના જીવન અને કર્તૃત્વ વગેરેની રજૂઆત કરી કૉલેજના વાતાવરણને હિન્દીમય બનાવી દીધું હતું.

# શાળા વિભાગ

## એકલવ્ય એવૉર્ડ

❒ એકલવ્ય એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે કરેલા પ્રદાન બદલ દર વર્ષે શ્રેષ્ઠ શિક્ષકોને સન્માનિત કરવામાં આવે છે. આ ફાઉન્ડેશનનો ઉદ્દેશ શિક્ષણ અંગે વ્યવસાયિક, સંશોધનાત્મક અને સર્જનાત્મક દષ્ટિકોણથી કામ કરતા તેમજ શિક્ષણ અંગે બૌદ્ધિક કૌશલ્ય ધરાવતા શિક્ષકોને પ્રોત્સાહિત કરવાનો છે. આ વર્ષે વિવિધ પાંચ કેટેગરીમાં સાત શિક્ષકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૩ના જાહેર થયેલા એવોર્ડ્ઝમાં એકલવ્ય એક્સેલન્ટ ઇન્સ્ટિટ્યૂટ બીલ્ડ એવૉર્ડ - શ્રેષ્ઠ આચાર્યશ્રીની કેટેગરીમાં શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના આચાર્યશ્રી બચુભાઈ કે. પટેલની પસંદગી કરવામાં આવતાં તેમને એકલવ્ય એવોર્ડથી વિભૂષિત કરવામાં આવ્યા. આ સિદ્ધિ બદલ સર્વ વિશ્વવિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આયોજિત 'શિક્ષક સજ્જત' સમારોહ પ્રસંગે મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ગણિત-વિજ્ઞાન-પર્યાવરણ પ્રદર્શન

❒ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, એસ. વી. કેમ્પસ, કડી દ્વારા ગણિત - વિજ્ઞાન પ્રદર્શન ૨૦૧૩ અંતર્ગત થોળ મુકામે વિજ્ઞાન મેળો યોજાઈ ગયો, જેમાં વિભાગ-૩ સ્વાસ્થ્ય અંતર્ગત ઔષધિય વનસ્પતિની ઓળખ અને આયુર્વેદિક ગ્રાઈપ વોટર વિષય ઉપર રજૂ કરેલ કૃતિ જિલ્લા માટે પસંદગી પામી છે. શાળાના વિદ્યાર્થીઓ સર્વશ્રી સોઢા લક્ષ્મણ કે. અને દરજી લાલા એ. શિક્ષકશ્રી દિનેશભાઈ આર. પટેલના માર્ગદર્શન હેઠળ આ કૃતિ તૈયાર કરી હતી.

❒ તા. ૨૩-૮-૨૦૧૩ના રોજ સરકારી પ્રાથમિક શાળા, ગાંધીનગર, સેક્ટર-૬ ખાતે ગણિત-વિજ્ઞાન પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. જેમાં શ્રી જે. બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પૈકી રાઠોડ દ્વિજેશ આર. અને પટેલ વૈશલ કે. એ ગણિત-વિજ્ઞાનના શિક્ષક શ્રી વિક્રમભાઈ કે. પટેલના માર્ગદર્શન હેઠળ તૈયાર કરેલી સ્વાસ્થ્ય વિષય અંતર્ગત તૈયાર કરેલ કૃતિ "દર્દીને થતી અસર દર્શાવતું મોડેલ" જિલ્લા કક્ષાના પ્રદર્શન માટે પસંદગી પામ્યું છે. શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા જુદા-જુદા વિભાગોમાં ભાગ લઈને વિભાગ-૨ હાઈડ્રોલીક એલિવેટર એન્ડ જેક, વિભાગ-૪ કાર્બનનું કબ્રસ્તાન અને વિભાગ-૫ પાણીનું શુદ્ધીકરણ કૃતિઓ રજૂ કરવામાં આવી હતી.

❒ શ્રીમતી આર. સી. પટેલ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર દ્વારા જિલ્લા શિક્ષણ અને તાલીમભવન, ગાંધીનગર દ્વારા એસ.વી.એસ. કક્ષાએ ગણિત-વિજ્ઞાન અને પર્યાવરણ પ્રદર્શન ૨૦૧૩-૧૪નું આયોજન સ્કૂલ ફોર એક્સલેન્સ, પેથાપુર ખાતે કરવામાં

આવ્યું હતું જેમાં શાળાના માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક વિભાગમાંથી અનુક્રમે ''ફરતું ખેતર'' તથા રોબોર્ટની કૃતિઓને ઉત્તમ કૃતિ તરીકે પસંદ કરી જિલ્લાકક્ષાના પ્રદર્શનમાં સ્થાન આપવામાં આવ્યું હતું. માર્ગદર્શક શિક્ષક તરીકે શ્રી જગતભાઈ શાહ, શ્રી મહેશભાઈ પટેલ, શ્રી હિતેન્દ્રભાઈ પટેલ, શ્રીમતી મલ્લિકાબેન પટેલ, શ્રી મનીષભાઈ મહેતા અને શ્રીમતી હેતલબેન પટેલે સેવાઓ આપી હતી, તેમજ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગાંધીજયંતી

❒ સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં ગાંધી જયંતીની ઉજવણી નિમિત્તે સમગ્ર કેમ્પસમાં ગાંધીજીના વિચારો વ્યક્ત કરતાં બેનરો, સ્લોગન અને ફોટાઓએ કેમ્પસને ગાંધીમય આશ્રમ બનાવી દીધો હતો. વહેલી સવારે વિદ્યાર્થીઓએ પ્રભાતફેરી કાઢી હતી. ત્યારબાદ કેમ્પસમાં સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને અન્ય પદાધિકારીશ્રીઓ દ્વારા ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તેમના હસ્તે સફાઈની શરૂઆત કરવામાં આવી હતી. આ નિમિત્તે સર્વ વિદ્યાલય કેમ્પસમાં ગાંધી વિચાર 'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' સાર્થક કરતી પ્રવૃત્તિસભર-પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી.

## જન્માષ્ટમી

❒ તા. ૨૪-૮-૨૦૧૩ના રોજ શ્રીમતી આર. એન. પટેલ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરમાં નંદ મહોત્સવની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે શેઠ સી.એમ. માધ્યમિક શાળાના આચાર્યશ્રી બચુભાઈ પટેલ, આર. સી. પટેલ માધ્યમિક શાળાના આચાર્યશ્રી ચીનુભાઈ પટેલ, એમ. બી. કન્યા પ્રા. શાળાનાં આચાર્યશ્રી નિરૂબહેન પટેલ, અને ક્રિએટીવ ઝોનનાં સંચાલિકા શ્રીમતી કિરણબહેન પટેલ મહેમાનપદે ઉપસ્થિત રહ્યાં હતાં. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ કૃષ્ણજન્મ સંબંધી નાટક તથા રાસ-ગરબાની પ્રસ્તુતિ કરી હતી.

❒ શ્રીમતી આર. જી. પટેલ કન્યા શાળા, ગાંધીનગર ખાતે તા. ૨૪-૮-૨૦૧૩ના રોજ જન્માષ્ટમી પર્વની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીઓએ કૃષ્ણભક્તિ તથા કૃષ્ણપ્રેમ રજૂ કરતાં ફિલ્મી તથા બિન ફિલ્મી ગીતો જેવાં કે ''રાધા કૈસે ના જલે'', ''રાધા તેરી ચૂનરી...'', ''ગોવિંદા આલા રે આલા'' તથા ''ગો ગો ગોવિંદા'' વગેરે રજૂ કર્યાં હતાં.

સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં જુદી જુદી સંસ્થાઓ દ્વારા જન્માષ્ટમી પર્વ પ્રસંગે વિવિધ ટેબ્લો બનાવવામાં આવ્યાં હતાં, જેમકે ગોકુળધામ ગોવર્ધન પર્વત, રાસ-લીલા, ગુરુકુળ, નાગદમન વગેરે. સમગ્ર કેમ્પસ ધ્વજ - પતાકા - તોરણથી સુશોભિત કરાયું હતું. કૃષ્ણભક્તિનાં ગીતોએ અનેરી હલક જમાવી હતી. વરસાદી વાતાવરણ વચ્ચે કૃષ્ણજન્મ, રાસલીલા, પિરામિડ, મટકીફોડ અને મહા આરતી જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને મંડળના પદાધિકારીશ્રીઓએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું.

❒ શ્રીમતી આર. સી. પટેલ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર ખાતે તા. ૨૪-૮-૨૦૧૩ના રોજ જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી અંતર્ગત મટકીફોડ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભગવાન શ્રીકૃષ્ણના જીવન ચરિત્ર અને લીલા પ્રસંગોને તાજા કરતાં ભક્તિસંગીત અને ભજનોએ સૌને ભાવવિભોર કરી દીધા હતાં.

## ભક્તિ - આરાધના મહોત્સવ

❒ શ્રીમતી આર. સી. પટેલ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર ખાતે તા. ૨-૯-૧૩ના શ્રાવણમાસના સોમવારે ભક્તિસભર અને ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતો ભજન આરાધનાનો કાર્યક્રમ શિક્ષકો અને વિદ્યાર્થીઓના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને પ્રથમ ત્રણ ક્રમ આપી ઇનામ દ્વારા પ્રોત્સાહિત કર્યા હતા. આચાર્ય શ્રી ચીનુભાઈ પટેલ વગેરેએ પ્રાસંગિક પ્રવચનોમાં સંસ્કૃતિ માટે પોતાનો સમય, બુદ્ધિ અને પ્રતિભાનો ઉપયોગ કરવા માટે વિદ્યાર્થીઓને આવાહ્‌ન કર્યું હતું.

## માતૃ-પિતૃ વંદના

❒ તા. ૧૩, ૧૫, ૧૭ ઓગષ્ટ, ૨૦૧૩ના દિવસોમાં સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીના ધોરણ-૯ના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કાર ભવનમાં માતૃ-પિતૃ વંદના કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી. મૂલ્યલક્ષી શિક્ષણ અને સંસ્કાર આપવાના આ પ્રયાસને વાલીઓએ મોટી

સંખ્યામાં ઉપસ્થિત અને સહભાગી થઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## મેડિકલ પ્રવેશ

❒ શૈક્ષણિક વર્ષ : ૨૦૧૨-૧૩માં વિજ્ઞાન પ્રવાહ - ધોરણ : ૧૨ના શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના નીચે દર્શાવેલા ૨૭ વિદ્યાર્થીઓએ ગુજરાતની વિવિધ મેડિકલ કૉલેજોમાં પ્રવેશ મેળવ્યો. ૧. મોદી તેજસ બંકિમચંદ્ર (બી. જે., અમદાવાદ), ૨. શાહ વિરાજ બબાભાઈ (બી. જે., અમદાવાદ), ૩. મકવાણા સંજય મનુભાઈ (બી. જે., અમદાવાદ), ૪. આદર્શ બ્રહ્મભટ્ટ યોગેશભાઈ (બી. જે., અમદાવાદ), ૫. ઓઝા સંકેત વિષ્ણુકુમાર, (બી. જે., અમદાવાદ), ૬. પટેલ રાહુલ નિકેતકુમાર (બરોડા), ૭. પટેલ ધ્રુવ હર્ષદભાઈ (બરોડા), ૮. ડામોર હર્ષિલ ગોવિંદભાઈ (બરોડા), ૯. ડાભી હેતલ કાંતિલાલ (જામનગર), ૧૦. ચાવડા ઉદય કાંતિભાઈ (જામનગર), ૧૧. ડામોર દક્ષાબહેન સુરેશભાઈ (જામનગર), ૧૨. પટેલ વૈદિક ચંદ્રકાંતભાઈ (રાજકોટ), ૧૩. રાઠોડ પાર્થ પ્રકાશભાઈ (રાજકોટ), ૧૪. પ્રજાપતિ જાહ્નવી રાકેશકુમાર (સુરત), ૧૫. વસાવા દિપ્તેશ હર્ષદભાઈ (સુરત), ૧૬. પટેલ સાગર મહેન્દ્રભાઈ (કેન્સર હો., અમદાવાદ), ૧૭. રથડી ધવલ નરસિંહભાઈ (કેન્સર હો., અમદાવાદ), ૧૮. રાઠોડ રાહુલ અરવિંદભાઈ (એલ. જી., અમદાવાદ), ૧૯. અસારી રોનક હાજાભાઈ (ગાંધીનગર), ૨૦. પટેલ ઋચી હસમુખભાઈ (ભૂજ), ૨૧. પરમાર અંજલીબહેન કિશોરભાઈ (ભૂજ), ૨૨. ગજ્જર પ્રશાંત મુકેશકુમાર (ભૂજ), ૨૩. પટેલ અનિષ વિપુલભાઈ (સુરેન્દ્રનગર), ૨૪. પટેલ કેવલ જસવંતભાઈ (ગોત્રી, અમદાવાદ), ૨૫. પટેલ જીલ યોગેશકુમાર (પાટણ), ૨૬. શાહ દીપ સંજયભાઈ (પાટણ), અને ૨૭. બથવાર દિગીષા હેમંતકુમાર (કરમસદ).

## રક્ષાબંધન પર્વ

❒ તા. ૧૯-૮-૧૩ના રોજ શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ.મા. કન્યા શાળા, ગાંધીનગર ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી, આ નિમિત્તે કેમ્પસ ડાયરેક્ટર શ્રી સોમભાઈ પટેલ, હોસ્ટેલ સુપ્રિટેન્ડન્ટ શ્રીમતી કૌશલ્યાબહેન પરીખ, ભગિની સંસ્થાઓના આચાર્યશ્રીઓ તથા શાળાનાં આચાર્યા શ્રીમતી સુધાબહેન પટેલની ઉપસ્થિતિમાં શાળાની વિદ્યાર્થીનીઓએ ભગિની સંસ્થાઓ શેઠ સી.એમ. પટેલ વિદ્યાલય, શ્રી આર. સી. પટેલ વિદ્યાલય, એમ. બી. પટેલ વિદ્યાલય (અંગ્રેજી માધ્યમ) વગેરે શાળાઓના વિદ્યાર્થીભાઈઓને રાખડી બાંધી વાતાવરણને ભાવનાત્મક બનાવી દીધું હતું. વિદ્યાર્થીનિઓએ ભાઈ-બહેનના પ્રેમ આધારિત નૃત્યો રજૂ કર્યાં હતાં.

❒ સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીની તમામ શાળા-કૉલેજો દ્વારા સામૂહિક રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી. કેમ્પસને શણગારવા ઉપરાંત ગીત-સંગીતની મધુર સુરાવલિઓથી સંગીતમય બનાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંડળના પ્રમુખશ્રી, ચેરમેનશ્રી, મંત્રીશ્રી વગેરેની ઉપસ્થિતિથી સમગ્ર કાર્યક્રમ ગરિમાપૂર્ણ બની દીપી ઊઠ્યો હતો. શાળાની બહેનોએ વિદ્યાર્થી-ભાઈઓને રાખડી બાંધીને ચોકલેટ આપી મોં મીઠું કરાવી ભાઈ-બહેનના સ્નેહના સંબંધનું સિંચન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલની નિશ્રામાં તેમના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રીઓ અને શિક્ષકોની સક્રિયતાથી સમગ્ર સમારોહ જીવંત બની મ્હોરી ઉઠ્યો હતો.

## રમતગમત

❒ શ્રીમતી કે. એ. પટેલ શિવહરી સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, કડીએ કડી તાલુકા સ્તરે યોજાયેલ વિવિધ રમતોત્સવ અંતર્ગત ભાગે લેતાં નીચે મુજબ સિદ્ધિઓ હાંસલ કરી. વૉલીબૉલ : ભાઈઓ-U-૧૪ અને U-૧૭ તથા બહેનો U-૧૭ અને U-૧૯માં ચેમ્પિયન તથા ભાઈઓ U-૧૯ તથા બહેનો U-૧૪માં દ્વિતીય ક્રમે; ખોખો : ભાઈઓ U-૧૪ ચેમ્પિયન અને U-૧૪ બહેનો તૃતીય ક્રમે વિજેતા થયાં, જ્યારે મહેસાણા જિલ્લા સ્તરે શાળાનું પરિણામ નીચે મુજબ રહ્યું : ટેબલ ટેનિસ U-૧૯ દ્વિતીય, બેડમિંટન U-૧૯ દ્વિતીય, સ્કેટિંગ U-૧૭ દ્વિતીય, ઇનલાઈટ સ્કેટીંગ : U-૧૪ ભાઈઓ-પ્રથમ, સ્કેટીંગ : U-૧૪ ભાઈી-તૃતીય, U-૧૪ બહેનો-દ્વિતીય, U-૧૧ ભાઈઓ-દ્વિતીય, ઇન લાઈટ સ્કેટીંગ : U-૧૧ ૩૦૦મી બીજો તથા ૫૦૦મી પ્રથમ.

❒ નવસારી ખાતે યોજાયેલી ગુજરાત સ્ટેટ સ્કૂલ

ગેમ્સ સ્વિમિંગ ચેમ્પિયનશિપમાં અંડર-૧૯ ઇવેન્ટમાં શ્રીમતી આર. જી. પટેલ કન્યા શાળાની પ્રીતિ રાઠોડે ૨૦૦ મી. ઇન્ડિવ્યુઝઅલ મીડેલમાં ગોલ્ડ મેડલ અને ૫૦ મી. બેસ્ટ સ્ટોક તથા ૧૦૦ મી. બેસ્ટ સ્ટોકમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો.

❐ ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ રાયફલ એસોસિએશન દ્વારા જિલ્લા કક્ષાની શૂટિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉ.મા. કન્યા શાળા, ગાંધીનગરની પટેલ ધરાંગી પ્રથમ અને જાગરિયા કિન્નરી દ્વિતીય નંબરે વિજેતા બન્યાં.

❐ શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા, ગાંધીનગરના ધોરણ ૮ના વિદ્યાર્થી અજયરાજસિંહ પી. જાડેજાની રાષ્ટ્રીયકક્ષાના ક્રિકેટ અંડર-૧૪માં પસંદગી થયેલ છે. અભિનંદન.

## રામાનુજન ગણિતસ્પર્ધા શિબિર

❐ હરિઓમ આશ્રમ પ્રેરિત તથા સુગણિતમ્ ટ્રસ્ટ અને ગુજરાત ગણિત મંડળ સંચાલિત "રામાનુજન ગણિતસ્પર્ધા" દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓમાં રહેલી ગણિત પ્રતિભાનું શોધન અને વિદ્યાર્થીઓનું અભિવાદન કરવાના હેતુથી દર વર્ષે "રામાનુજન ગણિત સ્પર્ધા"નું આયોજન કરવામાં આવે છે. આ પરીક્ષા અંગેની જાગૃતિ ફેલાય તે માટે શેઠ સી. એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર ખાતે તા. ૧૫-૯-૨૦૧૩ના રોજ માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ પ્રાદેશિક સહ સંચાલક શ્રી ઉદયનભાઈ પ્રજાપતિ તથા ડૉ. બચુભાઈ રાવળ અને ડૉ. પારસ ઉચાટ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, જેમાં શહેરની વિવિધ શાળાઓના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં વાલીઓએ હાજરી આપી હતી.

## લીમ્કા બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ

❐ એસ. જી. ઇંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલ, ગાંધીનગરના બે વિદ્યાર્થીઓએ શ્રી તાજેતરમાં લિમ્કા બૂક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં પોતાનું નામ પ્રસ્થાપિત કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. અને કૃપાલી પટેલ (ધો.૬) અને સમર્થ પટેલ (ધો.૩)ની ગણિતના દાખલા સેકન્ડોમાં ગણવા માટે લિમ્કા બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો છે. ઓસ્ટ્રેલિયા ખાતેની વર્લ્ડ કોમ્પિટિશનમાં સમર્થ પટેલ અને કૃપાલી પટેલે મેન્ટલ મેથેમેટિક કેટેગરી જેવી કે, મલ્ટીપ્લીકેશન, એડિશન્સ, સબટ્રેક્શન, સમ વગેરેમાં ઝડપી ગણતરીનો રેકોર્ડ નોંધાવ્યો છે જેની રેકોર્ડ સેન્ટર ન્યૂયોર્કે નોંધ લીધી છે. તેમને સુરત, ગાંધીનગર, ઓસ્ટ્રેલિયા અને રાજકોટમાં યોજાયેલી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ચેમ્પિયન થતાં લિમ્કા બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું છે.

## વૃદ્ધાશ્રમની મુલાકાત

❐ તા. ૪-૯-૨૦૧૩ના રોજ શ્રીમતી આર. સી. પટેલ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગરના ધો.૧૦ના વિદ્યાર્થીઓમાં માતા-પિતાનું સન્માન અને મહત્તા તથા ગરિમાની જાગૃતિ અર્થે કૈલાસધામ વૃદ્ધાશ્રમની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા વડીલોને ફળફળાદી અને હળવા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું. સૌ વિદ્યાર્થીઓએ વૃદ્ધાશ્રમમાં સ્થિત મુક્તેશ્વર મહાદેવના મંદિરમાં માતા-પિતાને કોઈપણ સંજોગોમાં વૃદ્ધાશ્રમમાં ન મોકલવાની પ્રતિજ્ઞા લીધી હતી તથા બીજાઓને તેમ કરવા માટે જાગૃતિ સંદેશ આપવાનો સંકલ્પ લીધો હતો. આ કાર્યની પ્રેરણા સામાજિક વિજ્ઞાનના શિક્ષક શ્રી જયંતીભાઈ પટેલ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

❐ તાલુકા યોગ અને ફિટનેસ સેન્ટર, ગાંધીનગર દ્વારા શ્રીમતી આર. સી. પટેલ હાઈસ્કૂલ એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, ગાંધીનગર ખાતે ઓગષ્ટ-૨૦૧૩ દરમિયાન યોગાસન વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૬૨ ભાઈઓ અને ૩૮ બહેનોએ યોગાસન તાલીમનો લાભ લીધો હતો.

## શિક્ષક પર્વ

❐ સર્વ વિદ્યાલય કેળવણી મંડળની ગાંધીનગર શાખાની નીચે દર્શાવેલ શાળા-કૉલેજોમાં તા. ૫ સપ્ટેમ્બરના રોજ શિક્ષકપર્વની ઉજવણી કરવામાં આવી હતી. **શાળાઓ :** ૧. શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા. ૨. શ્રીમતી આર. જી. પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ. બી. કન્યા ઉ.મા. શાળા, ૩. શેઠ સી. એમ. સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ. **કૉલેજો :** ૧. ઉમા આર્ટ્સ એન્ડ શ્રીમતી નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ૨.

એ. એ. પટેલ કૉમર્સ કૉલેજ ૩. બી. પી. કૉલેજ ઓફ બી.બી.એ. આ નિમિત્તે પ્રત્યેક શાળા-કૉલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વયં શિક્ષણ અને શાળા સંચાલનની કામગીરી સંભાળવામાં આવી હતી, તેમજ શાળા-કૉલેજ સ્તરે સંબંધિત શાળા-કૉલેજોના આચાર્યશ્રીઓ દ્વારા વિદ્યાર્થીઓને શાળા-વિદ્યાર્થી-શિક્ષકોની ભૂમિકા સમજાવવામાં આવી હતી. આ કાર્યક્રમના ઉત્તરાર્ધમાં શિક્ષકદિનની ઉજવણીમાં ભાગ લેનાર ગાંધીનગર કેમ્પસમાં સ્થિત શાળા-કૉલેજોના વિદ્યાર્થીઓ તેમજ શ્રેષ્ઠ આચાર્યો અને શિક્ષકોને સન્માનવાનો કાર્યક્રમ મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે ચેરમેનશ્રીએ વિદ્યાર્થી જીવનમાં શિસ્ત અને સંયમનું મહત્ત્વ સમજાવી ઉમદા નાગરિક બનવાની પ્રેરણા પૂરું પાડતું વક્તવ્ય આપ્યું હતું. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ બંને મહાનુભાવોના વરદહસ્તે વિજેતા વિદ્યાર્થીઓ તથા શ્રેષ્ઠ આચાર્યશ્રીઓ અને શિક્ષકોને સન્માનવામાં આવ્યા હતા.

❒ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, એસ. વી. કેમ્પસ, કડીમાં તા. ૫-૯-૧૩ના રોજ શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી, જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્કૂલનું સંચાલન કરવામાં આવ્યું હતું. કુલ ૫૧ વિદ્યાર્થીઓએ વિવિધ હોદ્દાઓ પર કાર્યભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે આયોજિત સમારોહમાં મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલે વિદ્યાર્થી આચાર્યશ્રીને આચાર્યપદનું આઈકાર્ડ, પેન અને પ્રમાણપત્રથી બિરદાવ્યા હતા, તેમજ નવી શિક્ષક પેઢીને આવનાર પડકારો સામે કેવી રીતે ઝઝૂમવું તેના ઉપાયોની છણાવટ કરી હતી. આચાર્યશ્રી ડૉ. બાબુલાલ આર. પટેલે શિક્ષકત્વની તાત્ત્વિક ભૂમિકા સમજાવી હતી.

❒ ડૉ. રામભાઈ એમ. પટેલ પી.ટી.સી. કૉલેજમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી, જેમાં તાલીમાર્થી ભાઈઓ-બહેનોએ એક દિવસના પ્રિન્સિપાલ તથા અધ્યાપક તરીકેની કામગીરી નિભાવી હતી. શિક્ષણકાર્યના અંતે એક દિવસના પ્રિન્સિપાલશ્રી અને અધ્યાપકશ્રીઓએ પોતાના અનુભવો અને પ્રતિભાવોની રજૂઆત કરી હતી. આ પ્રસંગે પ્રિન્સિપાલશ્રીએ શિક્ષક પર્વનું મહાત્મ્ય તાલીમાર્થીઓને સમજાવ્યું હતું.

❒ સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં સ્વયં શિક્ષકદિનની પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી. સવારની પ્રથમ સેશનમાં મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલે કડી કેમ્પસ સ્થિત તમામ શિક્ષક-આચાર્ય બનેલા વિદ્યાર્થીઓ સાથે શુભેચ્છા બેઠક યોજી શિક્ષકદિનનું મહત્ત્વ સમજાવ્યું હતું. ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થીઓએ સમગ્ર દિવસ દરમિયાન શૈક્ષણિકકાર્ય આયોજનપૂર્વક કર્યું હતું. દિવસના અંતે સમૂહ બેઠકનું આયોજન થયું હતું, જેમાં શિક્ષક વિદ્યાર્થીઓના પ્રતિભાવો અને શિક્ષકદિન અંગેના વિચારો વ્યક્ત કરવામાં આવ્યા હતા.

## શિક્ષક સજ્જતા

❒ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર અને કડીની તમામ પ્રાથમિક, માધ્યમિક, ઉ.મા. વિભાગની શાળાઓના શિક્ષકોની સજ્જતા વધારવા માટે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન સંસ્થા દ્વારા કરવામાં આવે છે. આ પ્રવૃત્તિના ભાગરૂપે સંસ્થાના શિક્ષકોની છેલ્લા ચાર વર્ષથી તેમના વિષયને અનુરૂપ કસોટી યોજવામાં આવતી હતી. જે પૈકી છેલ્લી ત્રણ પરીક્ષાના ગુણને ધ્યાનમાં રાખી શિક્ષકોને વિવિધ કેટેગરીમાં વહેંચવામાં આવ્યા હતા જે પૈકી સર્વશ્રેષ્ઠ પરિણામ ધરાવતા પાંચ માધ્યમિક/ઉ.મા. શાળાના અને પાંચ પ્રાથમિક શાળાના શિક્ષકોને સર્ટિફિકેટ અને પ્રત્યેકને અનુક્રમે રૂ. ૨૫,૦૦૦/- અને રૂ. ૧૫,૦૦૦/- આપી નવાજવામાં આવ્યા હતા. આ ઉપરાંત A કેટેગરીમાં આવનાર શિક્ષકોને પણ એપ્રિસિએશન સર્ટિફિકેટ સંસ્થાના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ અને પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલના વરદહસ્તે આપવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત તમામ શિક્ષકોને શિક્ષક સજ્જતા પરીક્ષાનાં સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યાં હતાં. આ પૈકી શ્રીમતી આર. જી. પટેલ કન્યા શાળાના શ્રી ગીતેષભાઈ એ. પટેલ, (માધ્યમિક વિભાગ ગણિત-વિજ્ઞાન) અને શ્રીમતી શર્મિષ્ઠાબહેન પટેલ (ઉ. માધ્યમિક વિભાગ-સંસ્કૃત) ને સર્ટિફિકેટ સાથે પ્રત્યેકને ૨૫,૦૦૦/- રૂપિયા રોકડા આપી બહુમાન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શાળાનાં આચાર્યાશ્રી સુધાબહેન પટેલને શ્રેષ્ઠ નારી ગૌરવ એવોર્ડ ઉદ્ગમ સંસ્થા તરફથી એનાયત થતાં તેમને પણ આ

તબક્કે સંસ્થાના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં હતાં.

## સ્વાતંત્ર્ય પર્વ

❒ વરસાદી માહોલ અને દેશભક્તિનાં ગીતોની સુરાવલિઓ વચ્ચે સર્વ વિદ્યાલય કેમ્પસ, કડીમાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમના અધ્યક્ષ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ શ્રી ડૉ. રામભાઈ પટેલના વરદ્‌હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દેશભક્તોની શહાદત અને સ્વતંત્રતાનું મૂલ્ય સમજાવતું પ્રેરક પ્રવચન અધ્યક્ષશ્રીએ કર્યું હતું. ત્યાર બાદ દેશભક્તિગીત સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા સ્પર્ધકોને ઇનામો એનાયત કરાયાં હતાં. આ પ્રસંગે કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, મંત્રીશ્રી ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રમણભાઈ પટેલ વગેરે પદાધિકારીશ્રીઓ અને કડી કેમ્પસ સ્થિત શાળા-કૉલેજોના આચાર્યશ્રીઓ, કર્મચારીગણ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## હિન્દી દિન

❒ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી સંચાલિત પ્રભાવતી ભરતકુમાર પટેલ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, એસ. વી. કેમ્પસ, કડીમાં હિન્દી દિનની ઉજવણી કરવામાં આવી, જેમાં વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, સુલેખન સ્પર્ધા, ગીત સ્પર્ધા, એક પાત્રીય અભિનય, વાદવિવાદ, ક્વિઝ કોમ્પિટિશન વગેરેનું તથા કેમ્પસમાં રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને સંસ્થા તરફથી ઇનામ અને પ્રમાણપત્રો આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### ઘરમાં જ દેવાળું ?

આપણે સૌ કેળવણી આપવા નીકળ્યા છીએ. પણ આવતી પેઢીને કેળવણી આપવાનો દાવો કરનારા આપણે આપણી સ્ત્રીઓની કેળવણી વિશે વિચાર કર્યો છે ખરો ? કોઈએ પોતાના ઘરમાં નવી કેળવણી દાખલ કરી ? કોઈ પોતાનાં બાળકો સાથે અર્ધો કલાક પણ ગાળીએ છીએ ? આપણી સંસ્થાના અધ્યાપક વર્ગ સિવાયના પટાવાળા, ખેતીના સાથીઓ, ચોકીદાર વગેરે કાર્યકર્તાઓ પણ જીવનસંસ્કારના એટલા જ અધિકારી છે, એમ આપણે કદી વિચાર્યું છે ? એમનાં બાળકો પણ આપણાં બાળકોના જેટલાં જ જ્ઞાન-સંસ્કારનાં હકદાર છે, એમ આપણે માન્યું છે ?

દુનિયા આખીને કેળવણી આપનાર આપણે સ્ત્રીઓને, બાળકોને, રસોયાને, આપણી કામ કરનાર બાઈને જ સંસ્કારવિહોણી રાખશું ? દુનિયાને કેળવણી આપનારા આપણા ઘરમાં જ દેવાળું કાઢશું ?

**નાનાભાઈ ભટ્ટ**

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્ત પત્ર
વર્ષ : ૩, અંક : ૫, સપ્ટેમ્બર-ઑક્ટોબર ૨૦૧૩, સળંગ અંક ૧૭
સંપાદક : મણિભાઈ પ્રજાપતિ
પ્રકાશક : કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪૪૬૯૦
ટાઈપસેટિંગ અને મુદ્રક : શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬૪૨૭૯



શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ, કડી - ગાંધીનગર અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત ગુજરાતી ગઝલ-કાવ્યરચના પરિસંવાદ પ્રસંગે ઉપસ્થિત મંચસ્થ મહાનુભાવો (ડાબેથી ડૉ.રમણભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ, ડૉ. રામભાઈ પટેલ, ડૉ. કનુભાઈ પટેલ, શ્રી હર્ષદ ત્રિવેદી, શ્રી વલ્લભભાઈ પટેલ, શ્રી મનુભાઈ પટેલ, શ્રી યશવંત કડીકર અને શ્રોતાવૃંદ



Sarva Vishwavidyalaya Vṛtta : News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar
Year 3, Issue No. 5 September-October, 2013
Editor : Manibhai Prajapati
Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,
L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016
Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6



સર્વ વિદ્યાલય, કડી કેમ્પસમાં ગાંધીજયંતી ઉજવણી નિમિત્તે કેમ્પસ સફાઈ કરતા વિદ્યાર્થીઓ

